# ડૉ. બી. આર. આંબેડકર

## વિચાર અને વિમર્શ




રાજેશ મકવાણા

# ડૉ. બી. આર. આંબેડકર
## વિચાર અને વિમર્શ


**રાજેશ મકવાણા**



પ્રકાશન વ્યવસ્થા

**ભરત રાજ્યગુરુ**

**ગુરૂ ડિઝાઇન શોપ,**

33, બીજો માળ, બાકરોલ સ્કેવર,  બાકરોલ-388315, આણંદ

Dr. B. R. Ambedkar Vichar and Vimars
By Prof. Rajesh Makwana

ISBN : 978-93-81471-98-2

© દર્શિલ મકવાણા

પૃષ્ઠ સંખ્યા : ૯૮ + 4 = 100

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૨૦૨૧

પ્રત : ૫૦૦

મૂલ્ય : ₹ ૧૫૦/-

પ્રકાશક : **ડૉ. રાજેશ મકવાણા**
પ્રોફેસર અને અધ્યક્ષ,
ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્ર,
ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય,
સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૨ ૦૩૦
મો: + ૯૧ ૯૮૨૪૪ ૨૬૫૬૨
E-mail: rajesh.makwana@cug.ac.in

વિક્રેતા : **ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી**
પ્રકંપ, 7. દુર્ગાકૃપા સોસાયટી,
કીર્તિધામ તીર્થ પાછળ, ચાંદખેડા,
અમદાવાદ- ૩૨૨૪૨૪

મુખપૃષ્ઠ ચિત્ર : Douluri Narayana
Hyderabad, Telangana 500038
Phone: 098484 03458

મુખપૃષ્ઠ : કેતન રાજ્યગુરુ

પ્રકાશન વ્યવસ્થા : **ભરત રાજ્યગુરુ**
**ગુરૂ ડિઝાઇન શોપ,**
33, બીજો માળ, બાકરોલ સ્કેવર,
બાકરોલ-388315, આણંદ

બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકર ચેર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના આર્થિક અનુદાનથી પ્રકાશિત

# અર્પણ

મારા દિવંગત પિતાશ્રીએ પણ જેમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરેલું

એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જ્યોતિર્મય

ચેતનાને આજીવન પ્રજ્વલિત રાખનારા

## દિવંગત ડૉ. પી.જી. જ્યોતિકર

તથા

મહેસાણાની લોકબોલીનો દલિત કવિતામાં

નવોન્મેષ પ્રગટાવનાર, હાચ્ચે હાચ્ચું બોલનારા

## દિવંગત શંકર પેન્ટરને ....

# નિવેદન

'હું એવો આદર્શ સમાજ ચાહું છું, જે સ્વતંત્રતા, સમતા અને બંધુત્વ પર આધારિત હોય' એવું કહેનાર તથા સમતામૂલક સમાજની પ્રસ્થાપના માટે આજીવન પ્રવૃત્ત રહેનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર એક અર્થશાસ્ત્રી, કાયદાવિદ્, પ્રોફેસર, કેળવણીકાર, સમાજશાસ્ત્રી, મજૂરનેતા, ઇતિહાસવિદ્, સંશોધક, પત્રકાર અને સંવિધાન શિલ્પી હતા. 'આપણે પહેલા ભારતીય છીએ, પછી પણ ભારતીય છીએ અને અંત સુધી પણ ભારતીય છીએ' આ વિધાન જ એમની બહુમુખી રાષ્ટ્રપ્રતિભાનો પરિચય કરાવે છે. માનવ પ્રતિષ્ઠા માટે લડનારા આ મહામાનવની જીવનગાથા પણ એવી જ રોમાંચકારી છે. પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સમાજ અને રાષ્ટ્રને સમર્પિત કરનાર ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન અને વિચારમાંથી નવી પેઢી પ્રેરણા પ્રાપ્ત કરે એવા ઉદ્દેશથી 'ડૉ.બી.આર. આંબેડકર : વિચાર અને વિમર્શ' ગ્રંથ તૈયાર થયો છે.

ગાંધીજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝના વિચારોને સાંપ્રત સમયમાં આત્મસાત કરવાને બદલે, જનસામાન્યના હિતમાં આ મહામાનવોને સમજવાને સ્થાને વિવાદાસ્પદ વિધાનો થકી મૂલવવામાં આવે છે ત્યારે આ પથદર્શક પ્રતિભાને આપણે ક્યાંય અન્યાય કરી રહ્યાં છીએ. ગુજરાતી ભાષામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કવન વિશે મૂળજીભાઇ ખુમાણ, ડૉ. પી. જી. જ્યોતિકર, રમેશચંદ્ર પરમાર, ચંદુ મહેરિયા, કિશોર મકવાણા, નાથાલાલ ગોહિલના પુસ્તકો હિન્દી ભાષામાં વિજયકુમાર પુજારી, સોહનલાલ શાસ્ત્રી, અનૂપ બરનવાલ, અરુંધતીરોય, ક્રિસ્તોફ ઝાફ્લોના પુસ્તકોમાંથી ક્રમશઃ પસાર થવાનું બન્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના વ્યક્તિત્ત્વ વિશે વિચાર-વિમર્શ વિશે વિવિધ

નેશનલ અને ઇનેટરનેશનલ પરિસંવાદમાં સંવાદ કરવાનું બન્યું. 'શબ્દસૃષ્ટિ', 'હયાતી', 'દલિત અધિકાર', 'સમાજમિત્ર', 'સંવેદનાસમાજ', 'અભિદૃષ્ટિ' વગેરે સામયિકોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના વાચક, વકતા, લેખક, પત્રકાર જેવા પાસાંઓ વિશે લખવાનું બન્યું. હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટી, પાટણની ડૉ. બી.આર. આંબેડકર અધ્યયન-એકમ પ્રકલ્પ-ચેરના અધ્યક્ષ તરીકેની દીર્ઘકાલીન સેવા દરમિયાન 'ડૉ. બી. આર. આંબેડકર રાઇટીંગ-સ્પીચીસ'ના વિવિધ ગ્રંથોમાંથી પસાર થવાનું અને એ ગ્રંથો વિશે સમાંતરે વિચારગોષ્ઠિના આયોજનમાં જોડાવવાનું બન્યું. સત્ય માટે લડતી વખતે અને એકલાને જ ઝઝૂમવાનું હોય ત્યારે કેવા મનોમંથન, મનોબળ અને મક્કમતા અનિવાર્ય છે એનો પરિચય આ નિમિત્તે થયો.

'ડૉ. બી. આર. આંબેડકરઃ વિચાર વિમર્શ' ગ્રંથના મૂળમાં ઉપરોક્ત ભૂમિકા કેન્દ્રસ્થાને રહી છે. મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરની બહુમુખી પ્રતિભા સમગ્ર માનવ સમાજ માટે યુગકાર્ય સમાન છે. એમના નામ સાથે જોડાયેલા કાર્યોનું મૂલ્ય કેવું અનેરું છે એનો પરિચય આપવાનો ઉપક્રમ આ પુસ્તક નિમિત્તે રાખ્યો છે.

બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકર ચેર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના આર્થિક અનુદાનથી આ પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે. એનો આનંદ વ્યક્ત કરતા ચેર-સેન્ટરના નિયામક ડૉ. રાજાભાઇ કાથડ, સંશોધન અધિકારી ડૉ. દિનુ ચુડાસમા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદાધિકારીઓનો આભાર માનું છું. પ્રિય રાકેશ રાવતના અથાગ પ્રયત્નો અને સહયોગ વગર આ પુસ્તકનું સમયસર પ્રકાશન કરવું અશક્ય હતું. જેમની સૌંદર્યને નિહાળનારી દૃષ્ટિ છે એવા રૂપસજ્જા કરનાર કેતનભાઇ રાજ્યગુરુનો સ્નેહ વિસરી શકાશે નહીં. આ પુસ્તક વિશે પ્રતિભાવ પાઠવનાર ચંદુ મહેરિયા પરત્વે હંમેશા આદરભાવ રહ્યો છે. પ્રિય મંજુ, દર્શિલ, મિથિલ તથા સ્વજનો અને સ્નેહી મિત્રોની પ્રેરણા વગર આ પ્રકાશન શક્ય ન બન્યું હોય.

**ડૉ. રાજેશ મકવાણા**

પ્રોફેસર અને અધ્યક્ષ,
ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્ર,
ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

તા. ૧૪/૦૪/૨૦૨૧
(ડૉ. બી. આર. આંબેડકરની ૧૩૦મી જન્મજયંતી)

# અનુક્રમણિકા


- નિવેદન

| | |
|---|---|
| ૧. પથદર્શક પ્રતિભા ડૉ. આંબેડકર | ૧ |
| ૨. બહુશ્રુત વાચક ડૉ. આંબેડકર | ૫ |
| ૩. બહુશ્રુત વકતા ડૉ. આંબેડકર | ૧૨ |
| ૪. બહુશ્રુત લેખક ડૉ. આંબેડકર | ૨૧ |
| ૫. ડૉ. આંબેડકરના સત્યાગ્રહો | ૩૬ |
| ૬. પથદર્શક પત્રકાર ડૉ. આંબેડકર | ૪૩ |
| ૭. ડૉ. આંબેડકરનું સામાજિક-રાજકીય ચિંતન | ૪૭ |
| ૮. બંધારણ અને ડૉ. આંબેડકર | ૫૫ |
| ૯. ડૉ. આંબેડકરના ચાર શ્રદ્ધાધામ | ૬૫ |
| ૧૦. ડૉ. બી. આર. આંબેડકરનું આત્મકથન | ૭૦ |
| • **પરિશિષ્ટ**<br>ડૉ. બાબાસાહેબ આંબેડકરની જીવન તવારીખ | ૭૫ |



# ૧.
# પથદર્શક પ્રતિભા ડૉ. આંબેડકર

ભારતરત્નનું બિરુદ પામેલા ડૉ. બી. આર. આંબેડકરને માત્ર દલિત સમાજના પથદર્શક ગણી લઈ ફક્ત એક સીમિત ચોકઠામાં કેદ કરી દેવાથી એમની સર્વશ્લેષી સાધનાને અને પ્રતિભાને અજાણતાં જ અન્યાય થઈ જવાની સંભાવના છે. 'આપણે પહેલા ભારતીય છીએ, પછી પણ ભારતીય છીએ અને અંત સુધી પણ ભારતીય છીએ' એમનું આ વિધાન જ એમની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવે છે. 'હું એક એવો આદર્શ સમાજ ચાહું છું જે સ્વતંત્રતા, સમતા અને બંધુતા પર આધારિત હોય', એમ કહેનારા ડૉ. આંબેડકર ભારતીય બંધારણના ઘડવૈયા, દેશના પ્રથમ કાયદાપ્રધાન, મહિલાઓના મુક્તિદાતા, અર્થશાસ્ત્ર અને કાયદાના પ્રકાંડ પંડિત અને પ્રખર દેશભક્ત હતા.

મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાના આંબાવડે ગામમાં કહેવાતી અસ્પૃશ્ય જાતિના રામજી શકપાલ અને ભીમાબાઈના ચૌદમા સંતાન તરીકે જન્મેલા ભીમરાવને બાળપણથી જ અસ્પૃશ્યતાના કારણે અવહેલનાનો ભોગ બનવું પડ્યું હતું. અભ્યાસકાળથી જ આર્થિક ભીંસ, કૌટુંબિક મુશ્કેલી અને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડેલો..

સ્નાતક થયા બાદ ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય તેવી સ્થિતિ ન હતી.. એ સમયે વડોદરાના શિક્ષણપ્રેમી રાજવીએ એમની ઉજ્વળ વિદ્યાકીય કારકિર્દીને નજર સમક્ષ રાખીને વિદેશમાં જઈ શિક્ષણ મેળવવા માટે આર્થિક સહાય કરી. ડૉ. બી.. આર.. આંબેડકરે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો ત્યારે જે માર્ગ લીધો હતો એ આજના સમયમાં પણ યોગ્ય લાગે છે. તેમણે

પોતાની પસંદગીના આધારે નહીં પણ ઉત્કૃષ્ટ અધ્યાપકોના આધારે વિષય પસંદ કર્યા હતા.. આજે આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં આવું બની શકશે ખરું? આમ, અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી એમ.એ. અને પીએચ.ડી. તથા લંડન માંથી ડી.એસસી.ની પદવી મેળવી. આવી જ્વલંત વિદ્યાકીય કારકિર્દી હોવા છતાં ભારત પરત ફર્યા પછી પણ જાતિવાદની એ પ્રચંડ દીવાલ સામે જ હતી. બાબાસાહેબે ધાર્યું હોત તો લંડનમાં ઘણા વગદાર લોકોની મદદથી ત્યાં નોકરી કરી શક્યા હોત, ભારતમાં પણ એમણે નોકરી માટેના ઉચ્ચ હોદ્દાઓ જતા કર્યા હતા. વડોદરાના મહારાજાએ પોતાને ઉચ્ચ અભ્યાસ  મોકલ્યા હતા એથી ભારત આવીને તેઓ સીધા જ એમની પાસે હાજર થાય છે. તેઓ એવું માનતા હતા કે પોતાની પ્રથમ પવિત્ર ફરજ જેમની મદદથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે એમની સેવા કરવાની છે. વડોદરા સરકાર પાસેથી રહેઠાણની વ્યવસ્થા થાય એવા પ્રયત્નો કરેલા, પરંતુ દીવાને એમની અરજી પર ધ્યાન આપ્યું નહીં. અહીં એમણે પારસી સમાજ સંચાલિત ધર્મશાળામાં નામ બદલી રહેવું પડેલું. જાતિભેદના કટુ અનુભવો એમને હમેશાં પરવશ બનાવી દેતા.

જાતિવાદના થયેલા વસમા અનુભવ પછી તેઓ પ્રતિજ્ઞા કરે છે કે, ‘જે સમાજમાં હું જન્મ્યો છું તે સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ધૃણાજનક, ગુલામીયુક્ત અત્યાચારો દૂર કરીને જ જંપીશ અને તે અત્યાચારો દૂર કરવામાં હું નિષ્ફળ નીવડીશ તો બંદૂકની ગોળી વડે મારા દેહનો અંત આણીશ.’

મહાડ જળ સત્યાગ્રહ સદીઓથી અંધશ્રદ્ધા અને અજ્ઞાનના અંધકારમાં અથડાતા અંત્યજોને માણસ સાથે માણસની જેમ વર્તવાની પ્રેરણા આપે છે. પછાત જ્ઞાતિઓનો ઉપહાસ કરનાર ધર્મગ્રંથ ‘મનુસ્મૃતિ’ની જાહેરમાં હોળી કરી, અને ‘મૂકનાયક’ મરાઠી અખબાર શરૂ કરી દલિત શોષિત સમાજની સમસ્યાને ઉજાગર કરવાનો આરંભ કર્યો. સ્વરાજ માંગનારની ઝાટકણી કાઢતાં લખ્યું કે, ‘પોતાના ઘરની ગંદકી કાઢવા હજુ જે લોકો તૈયાર નથી તેમને સ્વરાજ માગવાનો નૈતિક અધિકાર નથી.’ તેઓ સ્પષ્ટ માનતા હતા કે આઝાદી થોડી મોડી મળશે તો ચાલશે પણ અસ્પૃશ્યતાનો મહાકાય પ્રશ્ન

પહેલાં ઉકેલાવો જોઈએ. એ માટે ગોળમેજી પરિષદમાં દલિતવર્ગોની કેફિયત કુશળતાપૂર્વક રજૂ કરી. સામાજિક, આર્થિક સ્વતંત્રતા વગર રાજકીય સ્વતંત્રતાનું કોઈ મૂલ્ય નથી. જે બાબતે ગાંધીજી સાથે પણ વૈચારિક સંઘર્ષ થયો હતો જે પૂનાના ઐતિહાસિક કરારમાં પરિણામે છે.

ડૉ. આંબેડકરે એક બાજુથી સ્વબળે, શિક્ષણને આત્મસાત કરી ઉચ્ચ હોદ્દાઓ મેળવ્યા તો બીજી બાજુ અનેક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હોવા છતાં હિંદુ વર્ણવ્યવસ્થા ઉપર આકરા પ્રહાર કરવા ચાલુ રાખ્યા અને જગતના મહાન ધર્મોનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ ચિંતન-મનન કરીને લાખો દલિતો સાથે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો.

ભારતના બંધારણનું ઘડતર કરીને ડૉ. આંબેડકરે ભારતના નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાનાં મૂલ્યોની ભેટ આપી. એમના શબ્દો આજની વર્તમાન પરિસ્થિતિમાં પણ સાર્થક લાગે છે. 'જો આપણે લોકોની. લોકો માટેની અને લોકો વડેની સરકારના સિદ્ધાંતોને વરેલું બંધારણ સાચવી રાખવું હોય તો આપણા પથમાં વેરાયેલાં અનિષ્ટને ઓળખવામાં ઢીલાશ ન દાખવીએ.' એમણે એક ચેતવણી આપી હતી કે, 'જો આપણે બે બાબતો વિશે ધ્યાન નહીં આપીએ તો આ લોકશાહીની પરંપરા તૂટી જશે. એક તો એ કે સમાનતા સામાજિક સ્તરે થવી જોઈએ અને બીજું આર્થિક અસમાનતા દૂર કરવી જોઈએ. આપણો સમાજ સ્તરીય અસમાનતા ઉપર આધારિત છે. એટલે કે એકને ઉપર ને ઉપર લઈ જવા અને બીજા સ્તરને નીચે ને નીચે લઈ જવા તરફ છે. ડૉ. આંબેડકરની આ ચેતવણી આજે સાચી પડી છે. આઝાદી પછીનો વિકાસ સાવ ઊલટી દિશામાં થયો છે. અસમાનતાની ખાઇ વધુ ને વધુ પહોળી થઇ છે, થતી જાય છે. આર્થિક અસમાનતાને દૂર કરવા માટે એમણે બતાવેલા ઉપાયો આજે પણ પ્રસ્તુત લાગે છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રનું એમનું ચિંતન પણ આર્થિક વિચારોથી જ પ્રભાવિત હતું.

ડૉ. બી. આર આંબેડકરનું સામાજિક અને રાજકીય ચિંતન પણ એટલું જ પ્રસ્તુત છે. સાથે જ્ઞાતિઓના સંદર્ભે, ભાષાવાર રાજ્યરચનાના સંદર્ભે, ધર્મ સંદર્ભે, આદર્શ સમાજ રચનાના સંદર્ભે વગેરે ક્ષેત્રે એમના વિચારો આજે પણ અપનાવવા જેવા છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી સાંપ્રત સ્થિતિ ખૂબ જ

દયનીય છે. ૪૫ કરોડથી વધારે ભારતીયો આજે પણ ગરીબીરેખા નીચે જીવે છે. ભારતનો ઉપેક્ષિત વર્ગ જે સખત પરિશ્રમ કરે છે છતાં પણ નિર્ધન છે. એ પોતાના અધિકારો મેળવતો થાય એ જ એમનું લક્ષ્ય હતું.

'નવયુગ' સાપ્તાહિક અને 'મરાઠા' દૈનિકપત્રના સંપાદક અને મરાઠી ભાષાના લબ્ધપ્રતિષ્ઠિત લેખક આચાર્ય અત્રે એ ડૉ. બાબાસાહેબ આંબેડકરના અવસાન પર તેર દિવસ સુધી મરાઠા દૈનિકપત્રના પ્રથમ પાના પર શ્રદ્ધાંજલિ રૂપે લેખો આપ્યા હતા. વિશ્વના ઇતિહાસમાં ભાગ્યે જ કોઇ દૈનિકપત્રે પ્રથમ પાના પર તેર દિવસ સુધી પોતાના દિવંગત મહામાનવને આ રીતે શ્રદ્ધાંજલિ આપી હશે.

ભારતના ઇતિહાસમાં ડૉ. આંબેડકરે એમના તેજસ્વી વ્યક્તિત્વ, મૂલ્યનિષ્ઠા અને સેવા દ્વારા ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમના આદર્શ જીવનમંત્રને આત્મસાત કરીએ એ જ એમને આપેલી સાચી અંજલિ હશે.

---

'અભિદૃષ્ટિ' મે-જૂન-૨૦૧૩માં પ્રકાશિત લેખ



# ૨.
# બહુશ્રુત વાચક ડૉ. આંબેડકર

ડૉ. બાબાસાહેબ આંબેડકરના પિતાશ્રી રામજીરાવ સકપાલ ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં શિક્ષક હતા. કબીરપંથી હતા એટલે ઘરનું વાતાવરણ શિસ્તમૂલક હતું. પરિવારમાં ભજન, અભંગ અને દોહાનું નિયમિત પઠન થતું. એમના પિતાજીને તો અનેક અભંગ મોઢે હતા અને તે અસ્ખલિત રીતે ગાઇ સંભળાવતા, પિતાજી પાસેથી એમને મુક્તેશ્વર અને તુકારામ જેવા સંતકવિની અનેક રચના સાંભળવા મળતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરને અભ્યાસકાળમાં વિષય સંલગ્ન પુસ્તકો કરતા ઇતર વાંચનમાં વિશેષ રુચિ હતી. પણ પિતાનો આગ્રહ હતો કે અભ્યાસક્રમના પુસ્તકો પહેલા વાંચવા જોઇએ. બીજા પુસ્તકો પછી જરૂર હોય તો જ વાંચવા જોઇએ. પિતાજીની પ્રેરણાથી મરાઠી સાથે અંગ્રેજી ભાષાની પાયાની કેળવણી પણ પ્રાપ્ત કરી.

મરાઠી ભાષાના અઘરા શબ્દોના પર્યાય શોધવાનું પિતાએ શીખવેલું. ચોક્કસ શબ્દોનો યોગ્ય ઉપયોગ કઇ રીતે કરવો એ કોઇ શિક્ષક નહીં પણ પિતાએ શીખવેલું. અંગ્રેજી, મરાઠી, ગણિત જેવા વિષયોમાં એમણે ખૂબ રસ લીધો હતો.

આર્થિક સ્થિતિ નાજૂક હોવા છતાં પણ પિતાશ્રી એમનો વાચનશોખ પુરો કરતા. નવા પુસ્તકો ખરીદવા જીદ કરતા, તેઓએ એમના આત્મકથન વેઇટીંગ ફોર વિસામાં નોંધ્યું છે કે, મેં પિતા પાસે પુસ્તક માંગ્યું હોય અને સાંજ સુધીમાં એ પુસ્તક ન લાવી આપ્યું હોય તેવું ભાગ્યે જ બનતું. હું એમની પાસે પુસ્તક માંગુ અને ખિસ્સામાં પૈસા હોય કે ના હોય પણ તેઓ બગલમાં પાઘડી દબાવી

ઘરની બહાર નીકળી પડતાં. બહેન પાસેથી પૈસા માંગતા, ન હોય તો ઘરેણા માંગીને ગિરવે મુકીને પુસ્તકો લાવી આપતા અને પેન્શન આવે ત્યારે બહેનના ઘરેણા છોડાવી પરત કરતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરને નાની ઉંમરે પુસ્તકો વાંચવાનો શોખ લાગ્યો હતો. એ એટલી હદે હતો કે ક્યા પુસ્તકના ક્યા પાના પર કઇ મહત્ત્વની વાત લખેલી છે એ તરત જ ચીંધી બતાવતા. અને એ પણ કશુંય ક્યાંય લખ્યા વગર પિતાની ઇચ્છા હતી કે હું ભણવામાં પ્રથમ જ રહું, તે માટે તેઓ ઘણી કાળજી લેતા. દિવસમાં ત્રણ ચાર કલાક ઘરે અભ્યાસ માટે બેસાડતા. તેમના અંગ્રેજી, મરાઠી અક્ષર સુંદર હોવાથી મારા અક્ષરો સુંદર-મરોડદાર થાય તેવો આગ્રહ રાખતા. સતારાના અભ્યાસ દરમિયાન વારંવાર સુલેખનપોથી એ લાવી આપતી. મહાવરો કરાવતા. મુંબઇમાં પણ તેમણે અભાવમાં ચીવટ લીધી હતી. મરાઠીની સાથે અંગ્રેજીમાં પ્રભુત્વ પ્રાપ્ત કરવા ટકોર કરતા. હાવર્ડના પુસ્તકો મોઢે કરાવતા. એમનું ભાષાનું જે પ્રભુત્વ હતું એનો પાયો પિતાએ નાંખ્યો હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુંબઇમાં એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાં દસમા ધોરણમાં ભણતા હતા ત્યારે ડબક ચાલની નાનકડી ઓરડીમાં વાંચન કરવું અશક્ય હતું. એટલે ચર્નીરોડના બગીચામાં બેસી એકચિત્તે અભ્યાસ કરતા. એજ જગ્યાએ વિલ્સન હાઇસ્કૂલના નિવૃત્ત આચાર્યશ્રી કૃષ્ણાજી કેલુસ્કર પણ વાંચવા આવતા. એમણે ડૉ. આંબેડકરની પ્રતિભાને પારખી લીધી હતી. મેટ્રિકની પરીક્ષા પાસ કરી ત્યારે સમગ્ર મહાર સમાજમાં મેટ્રિક થનાર તેઓ પ્રથમ હોવાથી તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું. સન્માન સમારંભમાં સીતારામ કેશવ બોલે અને કૃષ્ણાજી કેલુસ્કર ઉપસ્થિત રહ્યાં હતાં. કેલુસ્કરે એ સમયે બાબાસાહેબને 'લાઇફ ઓફ ગૌતમ બુદ્ધ' પુસ્તક ભેટમાં આપેલું. વર્ષો પછી એમાંથી અંકૂર ફૂટ્યા અને વટવૃક્ષ બની રહ્યું. એમણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. આ સમયેજ કેલુસ્કરે ભીમરાવના પિતાને પોતાના પુત્રના ઉચ્ચ અભ્યાસ માટે વડોદરાના રાજા ગાયકવાડ પાસે શિષ્યવૃત્તિ માટે મદદ કરવા સૂચવેલું.

કોલંબિયા યુનિવર્સિટીના વિદ્યાભ્યાસ દરમિયાન એમણે અર્થશાસ્ત્ર, મુખ્ય વિષય તરીકે રાખેલો. સાથે સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્વજ્ઞાન, નૃવંશશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રએ એમના વૈકલ્પિક વિષયો હતા. પરદેશના

વિદ્યાભ્યાસ દરમિયાન પણ તેઓ સતત અધ્યયનશીલ રહ્યા હતા.ત્યાંની સ્વતંત્રતા, મોજમજા, રંગીનતા એમને ક્યારેય સ્પર્શી ન હતી. રાત્રે પણ મોડે સુધી વાંચન-લેખન-મનન કરતા. સવારે પુસ્તકાલયમાં બેસીને પુસ્તકો શોધી નોંધ ટપકાવતા. એમનું સમગ્ર જીવન લેખન, વાચન અને મનનમાં જ કેન્દ્રિત થયેલું હતું.

એમણે વિવિધ દેશના ઇતિહાસ, કાવ્યો, નાટકો, નવલકથાઓ, ટીકાત્મક ગ્રંથો, નૃવંશશાસ્ત્રીય પુસ્તકો વગેરેનું ઊંડુ વાચન તો અમેરિકાના અભ્યાસકાળ માંજ કરેલું હતું. કોઇ એક લેખકનું અર્થસભર પુસ્તક વાંચવા મળતું તો એના બધા જ પુસ્તકો પર નજર ફેરવી દેતા. અને એ વિષયના સંદર્ભગ્રંથો પણ જોઇ લેતા. ઘણીવાર અભ્યાસમાં એટલા તલ્લીન બની જાય કે જમવાનું પણ સુદ્ધા ભૂલી જતા. એક તબક્કો એવો આવ્યો કે, એમણે જમવાનું એક ટાઇમ જ કરી નાંખ્યું. બપોરના સમયે ચા બિસ્કિટથી ચલાવી લેતા. અને આખો દિવસ ગ્રંથાલયમાં વાચન કરતા. આ એમની અનોખી જ્ઞાન સાધના હતી.

રવિવાર કે રજાના દિવસે તેઓ જૂનાં પુસ્તકોની દુકાનની મુલાકાત લેતા. ત્યાંથી અલભ્ય પુસ્તકો ખરીદતા. શિષ્યવૃત્તિ મર્યાદિત હતી એટલે એકાદ દિવસ ભોજન કરવાનું માંડી વાળે અને એમાંથી વધેલા પૈસાથી પુસ્તકો ખરીદતા. અન્ય ખર્ચ પર કાપ મુકી અને પૈસા બચાવી રાખતા. કરકસરની આદત તો પહેલાથી હતી. ખોટા ખર્ચ ન કરાવની શીખ બાળપણમાં મળેલી પરંતુ જ્યારે મનગમતું પુસ્તક જુવે ત્યારે પોતાનો કરકસરનો સ્વભાવ ભૂલી જતા અને કોઇ પણ ભોગે એ પુસ્તક ખરીદી લેતા.

એમણે નોંધ્યું છે કે, 'હું અમેરિકા ગયો ત્યાં સુધી મારી સંચિત શક્તિઓ સિમિત હતી. પણ એ શક્તિઓને સચેત કરવામાં પ્રોફેસર સેલિંગ્મન અને અન્ય અધ્યાપકોનો વિશેળ ફાળો રહ્યો છે.' પોતાના સંશોધન અભ્યાસમાં પણ એટલું વિશાળ વાંચન કરેલું. કાર્ડ બનાવેલા કયો સંદર્ભ ક્યાં છે એ માત્ર કાર્ડની ટીપ્પણી પરથી જ શોધી લેતા.

વડોદરામાં નોકરી સ્વીકારી એ કાર્યકાળમાં એમને જાતિભેદના કડવા અનુભવો થયેલા. ત્યાં ચપરાશી કાગળો- ફાઇલો દૂરથી ફેંકતા, અભડાઇ

જવાના ડરે દૂર રહેતા, જાતિ વાચક શબ્દો બોલી અપમાન કરતા આ વાત એમણે સયાજીરાવને પહોંચાડી હતી. તેઓ અમેરિકા-લંડનના ઉચ્ચ અભ્યાસ વિશે જાણી ખૂશ થયા હતા પરંતુ સમકાલીન સમસ્યા વિશે કશું ન બોલ્યા. આથી બાબાસાહેબે દૈનિક ક્રમ બદલી નાંખ્યો. વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીમાં વાંચવા બેસી જતા. પુસ્તકાલય એમનું આશ્રયસ્થાન હતું. આખો દિવસ ગ્રંથાલયમાં સતત વાંચન કરતા. આ સમય દરમિયાન એમણે ઇતિહાસ, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન વિશે આખો દિવસ ગ્રંથાલયમાં સતત અધ્યયન કર્યું એમણે ઇતિહાસ, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, નૃવંશશાસ્ત્રના તેમજ ધર્મના પુસ્તકો વાંચી નાંખ્યા હતા.

વાંચવા ખાતર ન વાંચવું કે મનોરંજન ખાતર ન વાંચવું એવું માનનાર એમણે વાંચેલા પુસ્તકોની સમીક્ષાત્મક નોંધ પણ લખી હતી. તેઓ કહેતા કે, કંઇક નવીન વિચાર કરવા પ્રવૃત્તિ કરે એવું ગંભીર વાચન કરવાની આદત મને પહેલેથી જ હતી.

વડોદરાથી પરત મુંબઇ આવ્યા પછી સવારથી નોકરીની તલાશમાં નીકળી જતા. છેવટે થાકીને મુંબઇ યુનિવર્સિટીના પુસ્તકાલયમાં કે સર્વેટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટીની લાઇબ્રેરીમાં થાક ઉતારવા પુસ્તકોમાં ડૂબી જતા. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોમાં અર્થશાસ્ત્ર સંદર્ભે આર્થિક પ્રવાહોના લેખો લખ્યા. પણ એનાથી અર્થપ્રાપ્તિ તો ન જ થઇ. પુસ્તક પ્રકાશન વિશે વિચાર્યું. 'કાસ્ટ્સ ઇન ઇન્ડિયા' પુસ્તક છપાવ્યું પણ એમાં ખાસ વળતર ન મળ્યું. આટલો ઉચ્ચ અભ્યાસ હોવા છતાં પણ ભારતમાં દોઢ વર્ષ સુધી બેરોજગાર રહેવું પડેલું. આ સમય દરમિયાન એમણે એમએસ.સી.ના મહાનિબંધ માટેની સામગ્રીનું એકત્રીકરણ કરી લીધું હતું.

સિડનહામ કોલેજમાં કોમર્સમાં અર્થશાસ્ત્રના એકટીંગ લેકચરર તરીકે નિયુક્ત થયા. આ સમય દરમિયાન પણ વર્ગખંડનું કાર્ય પૂર્ણ થયા પછી તરત જ ગ્રંથાલયમાં પહોંચી જતા અને વિવિધ વિષયના પુસ્તકોના વાચનમાં ડૂબી જતા. ડૉ. બાબાસાહેબનો પુસ્તક શોખ અને સતત વાચન પત્ની રમાબાઇને ખટકતા છતાં પણ એમને થતું કે પોતાના પતિ સામાન્ય માણસ નથી. પતિ અને પત્ની વચ્ચે શિક્ષણ, રુચિ અને વિચારમાં ઘણું બધું અંતર હતું. છતાં

આત્મીયતા અજોડ હતી. પુસ્તકોને તેઓ શિક્ષણ અને આત્મવિકાસના ઉત્કૃષ્ટ સાધનો માનતા હતા. જમતી વખતે પણ એકાદ પુસ્તક કે પત્રિકા પાસેજ રહેતા. મુંબઇ કે દિલ્હીમાં પુસ્તક વિક્રેતાઓ સાથે મૈત્રી હતી. શનિવારે એમની પાસે અચૂક જતા અને નવા પુસ્તકો લઇ આવતા શનિવારની રાત્રે કે રવિવારના દિવસે  એ પુસ્તકો જોઇ લેતા, રાખવા જેવા રાખી અલગ તારવી બાકીના પરત કરતા. વાયસરોયની કાર્યકારીણીમાં શ્રમમંત્રી હતા ત્યારે અને કાયદાપ્રધાન હતા ત્યારે પણ જૂના પુસ્તકોની દુકાન પર જાતતપાસ કરવાનો ક્રમ ચાલુ હતો. ડૉ. કીર નોંધે છે કે, 'એમની જ્ઞાનભૂખ કોઇ સામ્રાજ્ય કરતાંય વિશાળ હતી. એમની અંતિમ ઇચ્છા એવી હતી કે પ્રાચીન ઋષિ મુનિઓ અને વિચારવંતોની જેમ કોઇ નિર્જન, શાંત જંગલમાં ગ્રંથાલય બાંધી શ્રેષ્ઠ જીવન જીવવું. મહારાષ્ટ્રમાં મહિલાઓ અને શ્રમજીવીઓની ચળવળમાં સક્રિય રહેલા મૂળ અમેરિકન એવા ગેઇલ ઓમ્વેટે 'ધ કન્સાઇઝ બાયોગ્રાફી ઓફ આંબેડકર' પુસ્તકમાં લખ્યું છે કે, 'એશિયામાં તમે કોઇ એવા માણસને જાણો છો કે જેમણે પુસ્તકો માટે બંગલો બાંધ્યો હોય ? જાણો કે આંબેડકર હતા.' સાને ગુરુજીએ 'હિમાલયાચી શિખરે'માં નોંધ્યું છે કે 'ડૉ. આંબેડકરના ઘરે ઊંચી જાતનું ફર્નિચર દેખાશે નહીં, પણ ગ્રંથોથી ભરેલાં કબાટ દેખાશે.'

માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા  પ્રકાશિત પુસ્તકમાં ડબલ્યૂ એન. કુબેર નોંધે છે કે આંબેડકર કહેતા કે, 'લોકોએ મારો  સામાજિક બહિષ્કાર કર્યો ત્યારે આ પુસ્તકોએ મને તેમનાં હૈયામાં સ્થાન આપ્યું, જેમ પ્રેમી એની પ્રેમિકા માટે જે રીતે વાત  કરે તે રીતે આંબેડકર  તેમના પુસ્તકો વિશે વાત કરતા.'

પીએચ.ડી.ના સંશોધન અભ્યાસ અંતર્ગત તેઓનું શોધકાર્ય 'The National Dividend of India: A Historical Study,'  વિષય સંદર્ભે ચાલતું હતું. એ સંદર્ભમાં એમણે ઇ.સ. ૧૮૬૫ થી ૧૯૧૪ સુધીના ભારતના આર્થિક પ્રશ્નો અંગે થયેલા પ્રત્યેક સંશોધનાત્મક ગ્રંથો, સંદર્ભ પુસ્તકો એમણે વાંચી લીધા હતા. આ શોધનિબંધ એમણે આર્થિક મદદ કરનાર વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડને અર્પણ કરેલ છે. અર્થશાસ્ત્રના વિદ્વાન અધ્યાપક સેલિંગ્મને એ ગ્રંથની પ્રસ્તાવના લખી હતી.

લંડનમાં એમ.એસસી.નો અભ્યાસ શિષ્યવૃત્તિ અટકતા છોડવો પડેલો. તેઓ પરત આવ્યા પણ ત્રણ વર્ષ સુધીના નિવાસ દરમિયાન એમણે પેટે પાટા બાંધીને ભેગા કરેલા પુસ્તકો જે જહાજમાં આવતા હતા તે ડૂબી ગયું અને પુસ્તકો પણ ગયા.

પુન: લંડન અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા ગયા ત્યારે ઇગ્લેન્ડના ગ્રંથાલયમાં એવો નિયમ હતો કે જે કોઇ સભાસદ પહેલાં પુસ્તક લઇને બેઠો હોય અને પછી બીજો સભાસદ એજ પુસ્તક તે દિવસ પૂરતો માંગી ન શકે. બાબાસાહેબે આ નિયમ જાણી લીધો એટલે તેઓ સૌથી પહેલા ગ્રંથાલય પહોંચી જાય અને પોતાને જરૂરી સામગ્રી લઇ લે. જતી વખતે અધૂરું રહી જાય તો એ વિગત ગ્રંથપાલને જણાવી દે. લંડન મ્યૂઝિયમમાં સૌથી પહેલા ગ્રંથાલયમાં આવનાર અને છેલ્લે જનાર એકમાત્ર વિદ્યાર્થી હતા તે ડૉ. આંબેડકર.

લંડનની વિશ્વવિખ્યાત લાયબ્રેરીના ગ્રંથપાલે એકવાર કહ્યું કે, અમે ઘણા જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓને અહીં બેસીને ભણતા જોયા છે. પણ બારણાં ખુલે કે તરત આવી જાય અને સૌથી છેલ્લે વારંવાર ટકોર કરીને બહાર મોકલવો પડે એવો વિદ્યાર્થી એક જ જોયો તે ડૉ. આંબેડકર. સવારના આઠથી સાંજના પાંચ સુધી તેઓ વાંચતા. આ એ જગ્યા હતી કે જ્યાં માર્ક્સ, લેનીન, મેઝિની, સાવરકર જેવા મહાનુભાવો એ વાચન કરેલું.

અંગ્રેજ ચિંતક ડૉ. જોન્સન પહેલથી છેલ્લે સુધી ભાગ્યે જ કોઇ પુસ્તક વાંચતા, ત્યારે ડૉ. આંબેડકરમાં તો વાચેલા ગ્રંથનો આકાર, રંગ અને પ્રકરણોની સ્મૃતિ કાયમ માટે અંકિત થઇ જતી.

પંડિત મદન મોહન માલવિયજીએ એમનો ગ્રંથભંડાર માંગ્યો ત્યારે એમણે કહેલું કે,

'જો મારાં પુસ્તકો મારાથી દૂર જાય તો મારો પ્રાણ જ નીકળી જાય.' પુસ્તકો પ્રત્યે તીવ્ર અનુરાગ હોવા છતાં પોતાના આ ગ્રંથો એમણે મુંબઇમાં સિદ્ધાર્થ કોલેજ અને ઔરંગાબાદની મિલિંદ કોલેજ શરૂ કરી એમાં ભેટમાં આપી દીધેલા.

પોતાના ગ્રંથાલયમાં કોઇને પણ પ્રવેશવા ન દેતા એક વખત એમણે કહેલું કે, 'કોઇ બેલિફ જો મારા  ગ્રંથાલય પર જપ્તી  લઇને આવે તો મારાં પુસ્તકોને હાથ લગાડે એ પહેલા જ હું ઠાર મારું.'

'ગ્રંથો તો મારા શ્વાસોચ્છ્વાસ છે. એની સોબત માટે તો હું સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર છું. રોમન મુત્સદ્દી સિસેરો કહે તો- ઇતિહાસકાર ગીબનનું કથન છે કે, ભારતની સર્વ સંપત્તિ મારા ગ્રંથપ્રેમ સામે તુચ્છ છે.  ઇંગ્લેન્ડનો મેકોલે કહેતો કે, રાજા બન્યા પછી કોઇ પુસ્તક વાંચવા ન મળે એવી શરત હોય તો હું રાજા બનવા તૈયાર નથી. આંબેડકર કહેતા કે જો રખેને આંખની દૃષ્ટિ ચાલી જાય અને પુસ્તક વાંચવા ન મળે તો હું જીવવાનું જ પસંદ ન કરું.'

ડૉ. બી. આર. આંબેડકરની અંગત લાઇબ્રેરીમાં ઇતિહાસ વિષયક ૨૩૦૦ પુસ્તકો, મહાપુરુષના જીવન વિષયક ૧૨૦૦ પુસ્તકો, અર્થશાસ્ત્ર અને રાજકારણના ૩૦૦ પુસ્તકો, સાહિત્યમાં ૧૧૦૦ પુસ્તકો, ભાષાવિજ્ઞાનના ૬૩૦ પુસ્તકો, ધર્મ અને ધર્મશાસ્ત્રોના ૨૦૦૦ પુસ્તકો,  દર્શનશાસ્ત્રનાં ૬૦૦ પુસ્તકો, બૌદ્ધધર્મ તથા પાલી સાહિત્યના ૨૦૦૦ પુસ્તકો, સંસ્કૃતના ૨૦૦૦ પુસ્તકો, હિન્દીના ૫૦૦ પુસ્તકો, યુદ્ધ વિષયક ૫૦૦ પુસ્તકો, સમિતિના અહેવાલો ૧૧૦૦૦ તથા  એન્સાઇક્લોપિડીયાના ૨૦ ભાગ હતા.

ડૉ. બી. આર. આંબેડકરના જીવનઘડતરમાં  ગ્રંથોનો અમૂલ્ય  ફાળો રહ્યો હતો. તેઓ કહેતા કે  ગ્રંથોની સોબત માટે તે હું સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર છું.

---

તા. ૨૪-૧૦-૨૦૧૫ના રોજ દૂરદર્શન, અમદાવાદ 'સામાજિક ન્યાય' શ્રેણી અંતર્ગત ચંદુ મહેરિયા અને સંજય શ્રીપાદ ભાવે સાથે થયેલો વાર્તાલાપ. બન્ને તજ્જ્ઞના  વિષય સંલગ્ન સંવાદને આ લેખમાં ખપમાં લીધા છે.



# ૩.
# બહુશ્રુત વક્તા ડૉ. આંબેડકર

ડૉ. બી. આર. આંબેડકર બહુશ્રુત વિદ્વાન વકતા હતા. એમના પ્રવચનો આજે પણ વાસ્તવિક અને પ્રાસંગિક લાગે છે. તેઓ જ્યારે કોઇ સભાને સંબોધતા ત્યારે સાંપ્રત સામાજિક પરિસ્થિતને પોતાના વક્તવ્યમાં વણી લેતા, શ્રોતાઓ ઉપર એમના વકતવ્યની ધારી અસર થતી. શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જતા. એવું પ્રભુત્વ એમની વાણીમાં હતું.

ડૉ. બી.આર. આંબેડકરે વિદ્યાર્થીઓ સમક્ષ, બંધારણ સભામાં, સંસદમાં, ગોળમેજી પરિષદમાં, ચૂંટણી સભામાં, ધર્મસભામાં એમ વિવિધ સંસ્થાઓ અને જાહેરસભાઓમાં પોતાના ઐતિહાસિક કહી શકાય એવા પ્રવચનો આપ્યા છે. ગુજરાતીમાં મૂળજીભાઇ ખુમાણે 'ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભાષણો' નામે ત્રણ સંપાદનો પણ કર્યા છે. 'ડૉ. બી.આર. આંબેડકર રાઇટીંગ એન્ડ સ્પીચીસ'ના ૨૨ વોલ્યુમમાં પણ એમના આ પ્રવચનોનો સમાવેશ થયેલો છે. સૌ પહેલા એમના મહત્ત્વના પ્રવચનોનો ક્રમ જોઇએ.

૧૯૩૦માં નાગપુરમાં ઓલ ઇન્ડિયા ક્લાસીસનું અધિવેશન યોજાયેલું એમાં આપેલું પ્રવચન, પ્રથમ ગોળમેજી પરિષદમાં આપેલું પ્રવચન, ૧૯૩૫માં નાસિક યેવલા ખાતે ધર્માંતરણની ઘોણષા કરતું પ્રવચન, ૧૯૩૬માં જાત-પાત તોડક મંડળ લાહોરમાં આપેલું પ્રવચન, ૧૯૩૮માં દલિત વર્ગ રેલવે કર્મચારી યુનિયન પરિષદને સંબોધન, ૧૯૩૯માં પુનામાં ગોખલે સ્કૂલ ઓફ પોલિટિકલ ઇકોનોમિક્સમાં અને ૧૯૪૭માં સફાઇ કામદાર સંગઠનમાં આપેલું પ્રવચન, ૧૯૪૧માં મહાગુજરાત દલિત રાજકીય ઐતિહાસિક પરિષદ, અમદાવાદમાં આવેલું પ્રવચન, ૧૯૪૨માં ભારતીય શ્રમજીવી અને વિશ્વવિગ્રહ વિષય ઉપર ૧૯૪૪માં શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન, કાનપુરમાં આપેલું પ્રવચન, ૧૯૪૬માં

અખંડ ભારતની હિમાયત કરતું પ્રવચન, ૧૯૪૮માં એસ.સી. ફેડરેશન, લખનૌમાં અને ૧૯૫૦માં બુદ્ધપૂર્ણિમા સમયે દિલ્હીમાં બૌદ્ધધર્મ ઉપર આપેલું પ્રવચન, ૧૯૫૬માં લંડન બી.બી.સી. ઉપરનું વાયુ પ્રવચન અને એજ વર્ષમાં નાગપુરમાં બૌદ્ધધર્મ અંગીકાર પ્રસંગે આપેલું પ્રવચન વગેરે એમના ઐતિહાસિક પ્રવચનો હતા.

૧૯૩૦માં નાગપુરમાં અસ્પૃશ્યોનાં ઇતિહાસમાં પહેલી વખત રાજકીય હક અંગે વિચાર કરવા માટે પરિષદ બોલાવવામાં આવી હતી. 'અસ્પૃશ્યોના રાજકીય હકો અને માંગણીઓ કઇ છે?' એ વિષય ઉપર આંબેડકરે વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. પોતાના પ્રવચનમાં દેશના પદદલિતોના પ્રશ્નો- સમસ્યાની છણાવટ ગોળમેજી પરિષદમાં ઉપસ્થિત રહેનાર રશિયા, જર્મની, જાપાન અને અમેરિકાના અગ્રણીઓ સમક્ષ રજૂ કરશે... એવી વાત પણ કરી. બહિષ્કૃત ભારતીયના દુ:ખો કેવા છે, એની વાત હું ગોળમેજી પરિષદમાં કરવાનો છું. એમ કહ્યું એટલું જ નહીં પણ જ્યારે લંડનમાં ભરાયેલ ગોળમેજી પરિષદમાં ભારતના દલિતોના પ્રાણ પ્રશ્નોની વિગતે છણાવટ પણ કરી.

ડૉ. બાબાસાહેબ કડવું સત્ય કહેવામાં નિર્ભિક હતા. સત્ય વક્તા હતા. પ્રખર વાચક અને લેખક પણ હતા. સમાજ, ધર્મ, અર્થ, કાયદો, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયના તેઓ પ્રખર જ્ઞાતા હતા. સાત જેટલી ભાષાઓના તેઓ જાણકાર હતા. તેઓ સ્પષ્ટ કહેતા કે, 'જ્યારે મારા વ્યક્તિગત હિત અને રાષ્ટ્રીય હિત વચ્ચે સંઘર્ષ થયો ત્યારે મેં હંમેશા રાષ્ટ્રીય હિતને જ પ્રાધાન્ય આપ્યું છે. વ્યક્તિગત હિતને હંમેશા ગૌણ ગણ્યું છે. દેશના લોકોના મનમાં આ બાબતે હું કોઇ શંકા રહેવા દઇશ નહીં, પરંતુ હું એક અન્ય નિષ્ઠાથી પણ બંધાયેલો છું. તેનો કદાપી ત્યાગ કરીશ નહીં. એ નિષ્ઠા એટલે મારો દલિત વર્ગ કે જેમનામાં મારો જન્મ થયો છે. હું એમનો છું. જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ રહેશે ત્યાં સુધી હું તેમને છોડીશ નહીં... દલિતોના હિત અને રાષ્ટ્રના હિત વચ્ચે જ્યારે સંઘર્ષ થશે ત્યારે હું દલિતોના હિતોને જ પ્રાધાન્ય આપીશ. જુલમો કરનારી જમાત, જે બહુમતીમાં છે તે દેશના નામે વાતો કરતી હોય તો પણ હું તેમને ટેકો આપીશ નહીં. આ મારી સ્પષ્ટ ભૂમિકા છે.'

'રાષ્ટ્ર'વિશે પોતાનો વિચાર સ્પષ્ટ રજૂ કરતા કહે છે કે, 'આપણે ક્યાં સુધી પરસ્પર વિરોધાભાસી જીવન ચાલુ રાખીશું? આપણા સામાજિક અને આર્થિક જીવનમાં આપણે ક્યાં સુધી સમાનતાને અવગણવાનું ચાલું રાખીશું. જો વધુ વખત સુધી આપણે એમ કરવાનું ચાલુ રાખીશું તો આપણી રાજકીય લોકશાહીને ભયમાં મુકીને જ આપણે એમ કરીશું... આપણે એક કોમ-પ્રજા છીએ એમ માનવામાં આપણે ભારે ભ્રમણા સેવી રહ્યાં છીએ. હજારો નાતજાતમાં વહેંચાયેલા લોકોને એક પ્રજા-કોમ કેમ કહેવાય સામાજિક અને માનસશાસ્ત્રની દષ્ટિએ હજી આપણે એક પ્રજા, નથી. એવું ભાન આપણને જેટલું વહેલું થાય એટલું આપણા માટે વધારે શ્રેયષ્કર છે.'

એકતા અને અખંડિતતાના હિમાયતી- ડૉ. આંબેડકર કહેતા કે, 'હું જાણું છું કે આજે આપણે રાજકીય, સામાજિક અને આર્થિક બધી રીતે વિભાજિત થયેલા છીએ. આપણે જુદી જુદી છાવણીઓમાં વહેંચાયેલા છીએ અને હું પણ યુદ્ધની એવી એક છાવણીનો નેતા છું. તેમ છતાં હું દઢતાપૂર્વક માનું છું કે આવા સંજોગોમાં પણ દુનિયાની કોઇ તાકાત આ દેશને એક થતા રોકી શકવાની નથી. હું એમ પણ કહેતા લગીરે ખચકાતો નથી કે આટલી બધી જાતિઓના વાડા હોવા છતાં આપણે એક પ્રજાના સ્વરૂપમાં ચોક્કસ બહાર આવીશું.'

તા. ૩૧.૦૫.૧૯૩૬માં મુંબઇમાં ધર્માંતર પરિષદમાં ધર્માંતર વિશે પ્રેરક પ્રવચન આપેલું. જેમાં કહ્યું કે, 'જે ધર્મ એક વર્ગને વિદ્યા શીખવી, બીજા વર્ગને શસ્ત્રો ધારણ કરવા, ત્રીજાએ વેપાર કરવો અને ચોથાએ સેવા કરવી એવું કહેતો હોય તો એ ધર્મ મને માન્ય નથી. જે ધર્મ એકને જ્ઞાન આપે બીજાને અજ્ઞાનમાં રાખે તે ધર્મ નથી પણ લોકોને બૌદ્ધિક રીતે ગુલામ બનાવવાનું ષડયંત્ર છે. જે ધર્મ એકના હાથમાં શસ્ત્ર આપે અને બીજાને નિઃશસ્ત્ર રાખે ધર્મ એ નથી પણ બીજાઓને ગુલામ રાખવાની કરામત છે. જે ધર્મ કેટલાકને ધન સંપાદન કરવાનો માર્ગ ખુલ્લો કરી બીજાઓને એના પર આધાર રાખવાની આજ્ઞા આપે તે ધર્મ નથી પણ સ્વાર્થ પરાયણતા છે.'

૧૨મી જુલાઇ ૧૯૪૧માં મ્યુનિસિપલ કામદાર સંઘમા આપેલા પ્રવચનમાં કહેલું કે, 'તમે જે કામ કરો છો, તે કામ તમારા સંતાનોને ન શીખવશો, એમને ભણાવજો તમે જે ગંદુ કામ કરો છો એ કામ બીજી જ્ઞાતિના

લોકો ગમે તેટલા પૈસા આપો તો પણ નહીં કરે.' એમણે પછાત વર્ગની એકતા પર ભાર મૂકેલો.૧૯૪૫માં અકોલાની ચૂંટણી સભામાં આંતરજ્ઞાતિય લગ્નની વાત કરી ચૂંટણીના પ્રલોભનોથી દૂર રહી સ્વાભિમાનને ગીરવે ન મૂકવાની વાત કરેલી.

તા. ૩૦.૧૧.૧૯૪૫ના રોજ અમદાવાદમાં ગુજરાતીમાં પ્રવચન આપેલું અંગ્રેજી, હિન્દી, મરાઠી, ગુજરાતી, જર્મન અને ફ્રેન્ચ ભાષાને જાણનાર ડૉ. આંબેડકર- અમદાવાદમાં ગુજરાતીમાં પ્રવચન આપે છે. એમણે કહ્યું હતું કે, '૧૯૨૯માં હું આ શહેરમાં આવેલો. આ શહેર કોંગ્રેસના પિયર જેવું છે. ગાંધીજી અને કોંગ્રેસે અસ્પૃશ્યોનાં ઉદ્ધાર માટે શું કર્યું? જેવા પ્રશ્નો પણ ઉઠાવ્યા. આપણો ઉદ્ધાર આપણે જાતે જ કરવો પડશે. બીજું કોઇ નહીં આવે. ધારાસભામાં આપણાં પ્રતિનિધિ મોકલવા પડશે. જે આપણાં હકો માટે લડશે.'

તા. ૧૬.૧.૧૯૪૯માં મનમાડ, મુંબઇમાં વ્યાખ્યાન આપતા કહ્યું હતું કોઇપણ સમાજની ઉન્નતિ તે સમાજની શૈક્ષણિક પ્રગતિ પર અવલંબે છે. સંગઠન શક્તિ ઉભી કરવા, ત્રણ પ્રકારના રાજકીય હકની માંગણી (૧) આપણે પ્રતિનિધિ કાયદા મંડળમાં હોય (૨) નોકરીમાં અનામત હોય (૩) સ્વતંત્ર મતદાર સંઘ વગેરે મુદ્દાઓ વિશે છણાવટ કરી હતી.

તા. ૧૭.૮.૧૯૫૨માં સિદ્ધાર્થ કોલેજની બિલ્ડીંગમાં આગેવાનો સમક્ષ પ્રવચન આપતાં રજૂ કરેલા કેટલાક મહત્ત્વના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત લાગે છે.

મારું પ્રથમ કામ અસ્પૃશ્ય સમાજમાં સ્વાભિમાન નિર્માણ કરવાનું છે. વીસ-પચીસ વર્ષ પહેલા જલગાંવમાં બ્રહ્મભોજન થતા એમાં  એંઠી-એંઠવાડ પતરાળીઓ અસ્પૃશ્યો ઉપાડીને ઉકરડે નાખવા જતાં,  એમાં પણ લડાઇ ઝઘડા થતા (ખાવા માટે) આ અવસ્થામાં દલિત સમાજ હતો.

- બીજું કામ રાજકીય હક મેળવી આપવાનું છે. પહેલા દિલ્હી કેબિનેટમાં ઝાડુ મારવાનું કામ પણ મળતું ન હતું. આજે ૨૫ વર્ષ પછી અસ્પૃશ્ય સમાજના મંત્રીને બેસાડ્યા છે.

- ત્રીજી વાત શિક્ષણની છે. ૨૫ વર્ષ પહેલાં શિક્ષણના દરવાજા અસ્પૃશ્યો માટે બંધ હતા. એ બધા દરવાજા મેં ઉઘાડી દીધા છે. સિદ્ધાર્થ કોલેજમાં ૩૦૦૦ અસ્પૃશ્ય વિદ્યાર્થી ભણે છે.
- હવે એક કામ કરવાનું બાકી છે એ મુંબઇમાં હોલ બાંધવાનું.... કારણ ગામડાના લોકોના પ્રશ્નોને ન્યાય મળે. જે અત્યાચારની ઘટના બને છે એથી લોકો  એની જાણ કરી શકે.

ફક્ત મારા નામની જયજયકાર કરવાથી કામ નહીં થાય જીવ સટોસટની બાજી લગાવી તમે જોડાઇ જાવ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઊભા થાય કે હજારો પદદલિતો તાળીઓ પાડીને અભિવાદન કરે છે.અને સતત બે કલાક સુધી તેઓ ભાષણ આ છે.

૧૮ માર્ચ ૧૯૨૭ના રોજ વિશાળ મેદનીને ત્રણ બાબતો જણાવી. ૧. મરેલા પશુનું માંસ ન ખાવું. ૨. એઠાં ભોજનનો અસ્વીકાર કરવો. ૩. મનમાંથી ઊંચ-નીચની ભાવના કાઢી પારંપરિક વ્યવસાયને તિલાંજલી આપો.

ડૉ. બાબાસાહેબના પ્રબુદ્ધ પ્રવચનોમાંથી પસાર થતા વિષયનું વૈવિધ્ય, નિર્ભિકતા, નિષ્ઠા, અનુભવની સચ્ચાઇ, ચિંતન અને અસ્ખલિત વાક્પ્રવાહ સાથે ભાષાસજ્જતાનો પણ સૂપેરે પરિચય થાય છે.

એમનું વક્તવ્ય વંચિત-શોષિત બાંધવોની સભામાં હોય, વિદ્યાર્થીઓના સમારોહમાં હોય, વિવિધ સંસ્થાના ઉપક્રમે હોય, ગોળમેજી પરિષદમાં કે, બંધારણસભામાં, સંસદમાં કે ધર્મસભામાં એમના મેઘાવી વ્યક્તિત્ત્વની પ્રબળ અસર આ વક્તવ્યમાં થતી. અને સાંભળનાર પ્રત્યેક શ્રોતા મંત્રમુગ્ધ બની જતા.

મહાત્મા જ્યોતિબા ફૂલેની પરંપરાના ક્રાંતિકારી સમાજસુધારક ડૉ. બાબાસાહેબ આંબેડકરની રાહબરી હેઠળ મહાડનો જળ સત્યાગ્રહ અને નાસિકના કાળારામ મંદિરમાં પ્રવેશ માટેનો સત્યાગ્રહ સદીઓથી અંધશ્રદ્ધા અને અજ્ઞાનના અંધકારમાં અથડાતા અંત્યજોને માણસ સાથે માણસની જેમ વર્તવાની પ્રેરણા આપનાર હતા.

૧૯ માર્ચ ૧૯૨૭ની મહાડ સભામાં એમણે પાંચ હજારની મેદની સમક્ષ ક્રાંતિનું બ્યૂગલ વગાડી દીધું હતું. પાણી પીવાના પોતાના અધિકારને પ્રસ્થાપિત કરનાર આ માનવ મહેરામણ સમક્ષ એમણે કહ્યું હતું કે, 'ચવદાર તાલાબકા પાની પીને સે હમ અમર હોને વાલે નહીં હૈ, આજ તક હમને ચવદાર તાલાબકા પાની નહીં પીયા, ઇસલિયે મરે નહિં. ચવદાર તાલાબ જાને કા મતલબ કેવલ ઉસકા પાની પીના નહીં હૈ, બલ્કી ઇસ બાત કો સ્થાપિત કરના હૈ કિ હમ ભી ઇન્સાન હૈ. અપને માનવીય અધિકારોં કો કાયમ રખને કે લિયે હમેં તાલાબ પર જાના ચાહિયે.' પોતાના પ્રિય નેતાની આ વાણીની જનમેદની પર ધારી અસર થઇ અને સ્વાભિમાનની એક લહેર પસાર થઇ ગઇ.

૧૯૪૧માં મ્યુનિસિપલ કામદારસંઘની સભામાં પાંચ હજાર મેદની સમક્ષ એમણે સ્પષ્ટ કહ્યું હતું કે,'તમે જે કામ કરો છો એ અત્યંત ખરાબ છે, પરંતુ હાલની વિકટ પરિસ્થિતિમાં ચોરી વગેરે જેવા હીન કામ કરવા કરતા આ કામ કરવું સારું છે. પરંતુ તમે તમારા દીકરા-દીકરીને ભણાવીને, તમે જે કામ કરો છો, તે કામમાં તેઓ નપડે તેનું ખાસ ધ્યાન રાખજો'. ગમે તેવા મતભેદ ભૂલાવીને, પોતાના અંગત સ્વાર્થને બાજુ પર મૂકીને એક થવાની વાત પર ભાર મૂકે છે.

નાસિક ખાતે ચૂંટણી સભામાં આપેલા ભાષણમાં જ્યોતિબા ફૂલેના માર્ગને અનુસરવાની વાત કરી હતી. સાથે કહ્યું હતું કે, 'આપણે આપણા દેશના સ્વાતંત્ર્યનું જતન કરવું જોઇએ. સ્વતંત્રતાનું જનત કરીને આપણે આપણા દેશને સમૃદ્ધ કરવાનો છે.' આમ પ્રખર રાષ્ટ્રપ્રેમની પ્રતિતી એમના વક્તવ્યમાંથી ઉદ્‌ઘાટિત થાય છે.

૧૯૩૮માં વિદ્યાર્થીઓને મુંબઇ અધિવેશનમાં અધ્યક્ષ સ્થાને પોતાના પરિવારની આપદા વિશે વાત કરે છે. 'તમને પાંચ-છ બાળકો થશે તો તેમને શિક્ષણ કેવી રીતે આપશો,તેની બીજી બધી વ્યવસ્થા તમે કેવી રીતે પૂરી કરશો? મારા પિતાને ચૌદ સંતાન હતા એમાં હું પોતે ચૌદમું રતન. પરંતુ એલ્ફિન્સ્ટન્ટ કોલેજમાં હતો ત્યારે મારી શું સ્થિતિ હતી એ જાણવું છે? પગમાં પગરખા ન હતા, શરીર પર માદરપાટનું શર્ટ અને બાપનો તૂટેલો કોટ. મારા બાપને ચૌદને બદલે ચાર જ સંતાન હોત તો મારી કેટલી બધી ખાતર-

બરદાસ્ત થઇ હોત....' આમ સહજ અને સરળ રીતે પોતાના બાંધવ સમાન સમાજના નવયુવાનોને ઉપદેશ પણ આપતા.

૧૯૪૫માં અમદાવાદ ખાતે ચૂંટણી સભામાં ગુજરાતી ભાષામાં પ્રવચન આપે છે.'ભાઇઓ અને બહેનો' થી સંબોધન સાથે પોતાના વક્તવ્યનો આરંભ કરતા કહે છે કે,

'આજના પ્રસંગે મારે ગુજરાતીમાં બોલવું એવું મને મારા અધ્યક્ષે કહ્યું છે...' અને આખું પ્રવચન ગુજરાતીમાં આપે છે. એમણે કહ્યું કે, 'મારા ગુજરાતી ભાઇઓ, મને તમારા માટે ખૂબ જ ચિંતા છે. મહારાષ્ટ્ર વિશે મને તેવી કે તેટલી ચિંતા નથી, કારણ કે એ ભાગ હવેજાગૃતાવસ્થામાં છે. આપણા ભાવિને ધ્યાનમાં રાખીને આપણી ગુલામીના નાશ માટે ચૂંટણીમાં આપણો ઝળહળતો વિજય થાય એવું મારું આપ સૌને આહવાન છે.'

૧૯૩૩માં મુંબઇમાં ડૉ. આંબેડકરને સમાજના લોકોએ માનપત્ર આપ્યું. એ સભામાં એમણે સ્પષ્ટ કહ્યું હતું કે, 'બીજાને ઇશ્વર બનાવીને પોતાના ઉદ્ધારનો ભાર તેમના પર નાખવાની આ ભાવના તમને પોતાને તમારા કર્તવ્યથી મોં ફેરવી લેવાની છે. એટલે જ- આ બધું ભૂલીને એક થાવ- ગુલામીના સો વર્ષ જીવવા કરતા, મર્દાનગીના બે દિવસ ઉચ્ચ મસ્તકે જીવવું વધારે યોગ્ય છે.'

મુંબઇની મ્યુનિસિપલ ચાલીમાં ઇમારત ફંડની સભામાં વાલીઓને પોતાના બાળકોને ભણાવવામાં કોઇ કસર ન છોડવા વાત કરી હતી. આ ઇમારત ફંડ માટે મને ચાર હજારની થેલી અર્પણ કરવામાં આવશે એવું કહેવામાં આવ્યું હતું. મને ચારહજારની લાલચ આપવામાં આવી હતી. (સભામાં - હાસ્યનું મોજું ફરી વળે છે.) એટલે હું આ સભાને સંબોધવા આવ્યો છું. આ નાણાં ભેગા થયા હતા એની ચોરી થઇ ગઇ છે એવુંએ કહ્યું નથી. કદાચ સભાના અંતે પણ એનો ખુલાસો થાય એવી મને આશા છે.' (પુનઃ હાસ્યનું મોજું ફરી વળે છે.)

સિદ્ધાર્થ કોલેજમાં યોજાયેલ આગેવાનોની સભામાં ૧૯૫૨માં ધારદાર પ્રવચન આપ્યું હતું.

૨૫ વર્ષોમાં મેં જે કંઇ કર્યું એ તમારા માટે કર્યું છે. આ વાત હું ગર્વથી અભિમાનથી નથી કહેતો પણ આત્મવિશ્વાસથી કરું છું.મારું પ્રથમ કામ સમાજમાં સ્વાભિમાન નિર્માણ કરવાનું હતું. બીજું, રાજકીય હક પ્રાપ્ત કરવાનું હતું. ત્રીજું  ૨૫ વર્ષ પહેલા શિક્ષણ મેળવવાના બધા દરવાજા બંધ હતા તે મેં ઉઘાડી દીધા છે.અંતે કહ્યું કે,'ફક્ત મારા નામનો જયજયકાર કરવા કરતાં જે કામ મારી દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું તેને સફળ કરવા જીવ સરોસરની બાજી લગાવીને તમે તેમાં જોડાઇ જાવ.'

૧૯૩૦-૩૧માં  ગોળમેજી પરિષદમાં પોતાના સ્પષ્ટ અને મૌલિક વિચારો સભાગૃહમાં રજૂ કર્યા હતા. એમણે કહ્યું હતું કે, 'જેમની ઉન્નતિ માત્ર અમારા અધ:પતન ઉપર, વિનાશ પર આધારિત છે. જેમણે અમારા કલ્યાણ માટે સપનામાં પણ ક્યારેય આસ્થા દર્શાવી નથી., તેમની દયા-ભાવના પર બ્રિટિશ સરકાર અમોને સોંપી દેવાની હોય તો બ્રિટિશ સરકારે અમારી સાથે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. એવું જ અમે સમજીશું. સામાજિક, રાજકીય અને આર્થિક સમાન દરજ્જો પ્રત્યેક વર્ગને પ્રાપ્ત થાય એવો અમારો ધ્યેય છે. અને આપ એ દિશામાં વિચાર કરશો એવી શ્રદ્ધા છે.'

જાણીતા સમાજસુધારક મહાદેવ ગોવિંદ રાનડેની સ્મૃતિમાં ૧૯૪૩માં 'રાનડે-ગાંધી-જિન્હા' વિશે સ્મૃતિ વ્યાખ્યાન આપેલું એ વ્યાખ્યાનમાં બાબાસાહેબે કહ્યું હતું કે, 'કોઇ પણ લોકતાંત્રિક પદ્ધતિની સરકારની પૂર્વ શરત છે કે જ્યાં સુધી લોકશાહી ઢબનો સમાજ નહીં હોય ત્યાં સુધી લોકશાહીના ઔપચારિક માળખાનો કશો અર્થ નથી. રાજનીતિજ્ઞોએ વાત સમજતા નથી કે લોકતંત્ર એ કોઇ એક સરકાર નથી, બલકે મૂળભૂતપણે એક સમાજનું સ્વરૂપ છે.'

૩૦-૩૧, મે, ૧૯૩૬ યેવલા ધર્માંતર પરિષદનાં સમર્થનમાં ડૉ. આંબેડકરે 'મુક્તિ કયા માર્ગે' વિષય પર ઐતિહાસિક પ્રવચન આપ્યું હતું.

૨૪-મે-૧૯૫૬માં બુદ્ધજયંતી નિમિત્તે મુંબઇના નરિમાનમાં યોજાયેલા ઉત્સવમાં એમનું એ મુંબઇમાં અપાયેલું અંતિમ પ્રવચન સાબિત થયું હતું.

ડૉ. આંબેડકરને દેશ-પરદેશથી વક્તા તરીકેના આમંત્રણ મળતાં. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં ઇ.સ. ૧૯૫૬માં 'બ્રહ્મસત્ય... જગત મિથ્યા'

વિશેનું એમનું પ્રવચન ઐતિહાસિક અને આધ્યાત્મિક વિચારોનો સ્પર્શ કરાવે છે. એ જ રીતે ઇ.સ. ૧૯૫૬માં નેપાળમાં મળેલી ચોથી બૌદ્ધ પરિષદમાં 'બુદ્ધ અને કાર્લમાર્ક્સ' ઉપરના વ્યાખ્યાનને દેશ-વિદેશના ઘણા અખબારોમાં પ્રસિદ્ધિ મળી હતી. 'ભારતમાં બૌદ્ધ ધર્મનું ઉત્થાન અને પતન' એ વિષય ઉપર ઇ.સ. ૧૯૫૦માં તેમણે કોલંબોમાં આપેલું પ્રવચન પણ અધ્યયનલક્ષી મહત્ત્વ ધરાવે છે.

ડૉ. બી.આર. આંબેડકરનાબહુશ્રુત વક્તવ્યએમના પ્રબુદ્ધ પ્રવચનો વિશે 'દિશા' પાક્ષિક સાથે જેમનું નામ જોડાયેલું છે, એવા મૂળજીભાઇ ખુમાણ આ પાક્ષિકમાં ડૉ. બાબાસાહેબના ભાષણો નામે કોલમ શરૂ કરેલી એ કોલમ ખૂબ લોકપ્રિય બનેલી અને વાચકો-ભાવકોના આગ્રહને કારણે કોલમના પ્રત્યેક લેખનું સંકલન કરીને મૂળજીભાઇ ખુમાણે 'ડૉ. બાબાસાહેબ આંબેડકરના ભાષણો' નામે ત્રણ સંપાદનો પણ સુલભ કરી આપ્યાં છે.

---

તા. ૧૪-૦૪-૨૦૧૬ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદમાં યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં આપેલું વક્તવ્ય.



# ૪.
# બહુશ્રુત લેખક ડૉ. આંબેડકર

ડૉ. બી.આર. આંબેડકરના વાચન શોખની માફક એમની લેખન સાધના પણ વિરલ હતી. આપણા મહાપુરુષોનાં જીવન-કવનમાંથી પસાર થતાં એ વાતની પ્રતીતિ અવશ્ય થાય છે કે એમની પ્રતિભાને ઉજાગર કરવામાં વાચનનો શોખ મહત્ત્વનું પરિબળ રહ્યું છે. ડૉ. બી.આર. આંબેડકરનો આ વાચન શોખ એમના વ્યક્તિત્વ-ઘડતરમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આગળ ઉપર આ શોખ લેખન સાધના તરફ વળે છે. જ્યારે તેઓ લેખનકાર્યમાં  તલ્લીન બની જતા ત્યારે ખાવાપીવાનું પણ ભૂલી જતા. ક્યારેક તો આખી રાત બસ લખ્યા જ કરતા, એનો થાક કે કંટાળો એમને ક્યારેય આવ્યો નથી.

ડૉ. બી.આર. આંબેડકર પાસેથી ૨૫ જેટલા પુસ્તકો  પ્રાપ્ત થયા છે. એમના લેખનમાં વિષયને પ્રભાવક રીતે ગંભીરતાપૂર્વક પ્રસ્તુત કરવાની આગવી સૂઝ હતી. એમની બહુમુખી પ્રતિભાનું પ્રતિબિંબ એમના લેખનકાર્યમાં સ્પષ્ટ જોઇ શકાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ઉચ્ચ અભ્યાસના શિખરો તો સર કર્યા પણ એ સાથે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી સભર અભ્યાસમૂલક ગ્રંથોની ભેટ આપી. એમના ૨૨ પ્રકાશિત પુસ્તકો અને ૧૦ અપ્રગટ પુસ્તકો આ ઉપરાંત સ્મૃતિપત્રો, પ્રશંસાપત્રો, લેખો, પુસ્તકોની સમીક્ષાઓ વગેરે લખાણ મરાઠી, અંગ્રેજી, હિન્દી, પાલી, સંસ્કૃત, ગુજરાતી, જર્મન, પર્શિયન, ફ્રેન્ચ, કન્નડ અને બંગાળી ભાષામાં સામેલ છે. તમામ સમકાલીન રાજનેતાઓમાં સૌથી વધુ લેખન કાર્ય ડૉ. બાબાસાહેબ આંબેડકરનું  છે.

સામાજિક સંઘર્ષમાં હંમેશા સક્રિય રહ્યા હોવા છતાં વિવિધ વિષય પર પુસ્તકો, લેખો, ભાષણોના લેખનમાં સતત સક્રિય રહ્યાં છે, 'ડૉ. બાબાસાહેબ આંબેડકર રાઇટીંગ એન્ડ સ્પીચીસ'ના ૨૨ભાગ જુદી જુદી ભાષામાં પ્રકાશિત થયા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના લેખનકાર્યની સમીક્ષા કરતા એમના બહુમુખી વ્યક્તિત્વનો પરિચય પ્રાપ્ત થાય છે. એમની પાસેથી જે ગ્રંથો ઉપલબ્ધ થયા છે, તેની યાદી આ મુજબ છે :

1. Castes in India (1917)
2. Small Holdings in India and their Remedies (1918)
3. The Problem of the Rupee (1923)
4. The Evolution of the Provincial Finance in British India (1925)
5. Annihilation of Caste (1937)
6. Federation Versus Freedom (1939)
7. Mr. Gandhi and the Emancipation of the Untouchables (1943)
8. Ranade, Gandhi and Jinnah (1943)
9. Thoughts on Pakistan (1940)
10. What Congress and Gandhi have done to the Untouchables? (1945)
11. Communal Deadlock and a way to solve it (1945)
12. Who were the Shudras ? (1946)
13. Pakistan or the partition of India (1948)
14. States and Minorities (1947)
15. History of the Indian Currency and Banking Part I & II (1947)
16. The Untouchables Part I & II (1948)
17. Maharashtra as a Linguistic Province (1948)
18. Thoughts on Linguistic States (1955)
19. Revolution and Counter Revolution in ancient India (1956)
20. The Buddha and His Dhamma (1957)

આવી અભ્યાસમૂલક, ચિંતનાત્મક કૃતિઓની રચના ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરી છે. જેમાં લેખક તરીકે ચિંતક તરીકેની એમની કુશાગ્ર બુદ્ધિનો પરિચય થાય છે. એમના આ પુસ્તકો વિશે ટૂંકમાં પરિચય મેળવીએ.

**'કાસ્ટ ઇન ઇન્ડિયા' (૧૯૧૭)**

ડૉ. બી.આર. આંબેડકર અભ્યાસ અર્થે કોલંબિયા યુનિવર્સિટીમાં ગયા ત્યારે પોતાના સંશોધનકાર્ય સાથે વિવિધ સેમિનારમાં પણ ભાગ લેતા. ઇ.સ. ૧૯૧૬માં ડૉ. ગોલ્ડનવીજરના એન્થ્રોપોલોજી સેમિનારમાં રજૂ કરવા માટે 'કાસ્ટ ઇન ઇન્ડિયા' વિશે નિબંધ તૈયાર કરેલો. સેમિનારમાં પ્રસ્તુત થયેલ આ નિબંધ ૧૯૧૭માં પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. જેમાં ભારતમાં જાતિઓની ઉત્પત્તિ, સગોત્રીય લગ્નપ્રથા જે મનુ પૂર્વે હતી એને મનુએ ધર્મના બંધનમાં બાંધી દરેકે પોતાની જાતિમાં જ લગ્ન કરવા જોઇએ એવું રૂપ આપ્યું. એટલે જ જાતિપ્રથા મજબૂત થઇ અને જાતિમાં ઊંચ-નીચના ભેદો અમલમાં આવ્યા. ભારતમાં જાતિવિષયક જે વ્યવસ્થા બની એની વિસ્તૃત અને સચોટ માહિતી આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ઉદ્દેશ 'જાતિ તોડો, સમાજ જોડો' એ દેશની એકતા અને અખંડિતતાને મજબૂત કરવા માટેનું આહવાન છે. યુવા વયે આવા ગંભીર વિષય પર સંશોધનમૂલક દૃષ્ટિથી શોધપત્ર પ્રસ્તુત કરીને નૃવંશશાસ્ત્રના સૌ વિદ્યાર્થીઓમાં પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી. જાતિભેદના કટૂ અનુભવોનો ભોગ બનેલી વ્યક્તિ જ જાતિપ્રથા વિશે આ પ્રકારની સ્પષ્ટ આલોચના કરી શકે છે, શ્રદ્ધેય અને તર્કપૂત્ત રજૂઆત સાથે જ્ઞાતિની મૂળ રચના અને વિકાસ અંગેનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. જ્ઞાતિ વિષયક પોતાના મૌલિક વિચારોને પ્રસ્થાપિત કરતા ડૉ. બી.આર. આંબેડકરે સેનાર્ટ, નેસફિલ્ડ, સર એચ. દિસલે અને કેતકર જેવા આ વિષયના તજજ્ઞ વિદ્વાનોની વિષય સંલગ્ન વ્યાખ્યાઓ પણ તપાસી છે.

'કાસ્ટ ઇન ઇન્ડિયા' જ્ઞાતિ વિશેની છણાવટ કરતું એમનું પ્રારંભિક પુસ્તક હતું. ત્યારબાદ 'એનિહિલેશન ઓફ કાસ્ટ્સ', 'હું વ્હેર ધ શૂદ્રાઝ? ', 'ધ અનટચેબલ' જેવા પુસ્તકો અને વિવિધ ઉપક્રમે આપેલા વ્યાખ્યાનોમાં એમનું જાતિ વિષયક ચિંતન સમૃદ્ધ બનતું રહ્યું છે.

Caste in India: Their Mechanism, Genesis and Development (ભારતમાં જાતિઓ, તેની રચના, ઉત્પત્તિ અને વિકાસ) પ્રસ્તુત શોધપત્ર ૧૯૧૭માં ભારતીય પુરાતત્વક જર્નલનાં ૪૧માં અંકમાં પ્રકાશિત થાય છે. જે જર્નલ વિખ્યાત પુરાતત્વવિદ્ જેમ્સ બર્જેસ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

**'સ્મોલ હોલ્ડિંગ્સ ઇન ઇન્ડિયા એન્ડ ધેઅર રેમેડી' (૧૯૧૮)**

ભારત જેવા વિશાળ દેશને ગરીબીની રેખાથી ઉપર લાવવા માટે અહીં એમણે પોતાના મૌલિક તારણો સ્પષ્ટ ચીંધી બતાવ્યા છે. ભારત એ ખેતીપ્રધાન દેશ છે માટે સૌ પહેલા દેશની  કૃષિ સુધારણા માટે પગલા ભરવા પર ભાર મુક્યો છે. ત્યાર બાદ દેશના વિકાસમાં ઔદ્યોગીકરણ અનિવાર્ય છે. એમણે સ્પષ્ટ કહ્યું છે કે ખેતીને ઉદ્યોગો એકબીજાના પૂરક બનવા જોઇએ.

**'ધી પ્રોબ્લેમ ઓફ ધી રૂપી:' (૧૯૨૩)**

યુનિવર્સિટી ઓફ લંડનમાં ઓક્ટોબર ૧૯૨૨માં ડી.એસસી. (ડોક્ટર ઓફ સાયન્સ)ની પદવી મેળવવા પ્રસ્તુત કેટલો આ મહાશોધનિબંધ હતો. જે ત્યારબાદ ૧૯૨૩માં પુસ્તકરૂપે પ્રકાશિત થાય છે. પ્રસ્તુત ગ્રંથ એમણે માતા-પિતાને અર્પણ કર્યો છે. જેની પ્રસ્તાવના પ્રો. એડવિને લખી છે. આ પુસ્તક થકી ડૉ. આંબેડકર વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રીઓમાં માનભેર સ્થાન પામે છે. પ્રસ્તુત પુસ્તકમાં બ્રિટિશ સરકારે ભારતનું કરેલું આર્થિક શોષણ, દેશમાં ગરીબી અને કંગાલિયત પાછળ જવાબદાર બ્રિટિશો વિશે પોતાના સ્પષ્ટ અભ્યાસમૂલક  તારણો આપ્યા છે. પ્રસ્તુત ગ્રંથમાં ડૉ. આંબેડકરે કડવા સત્ય વિધાનો રજૂ કર્યા હતા એથી બ્રિટિશરોએ એનો વિરોધ નોંધાવેલ જે અનિચ્છાએ પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરને સુધારો કરવો પડેલો  એ પછી જ એમને પદવી એનાયત થઇ હતી.

**'ધ ઇવોલ્યૂશન ઓફ પ્રોવિન્સિયલ ફાઇનેન્સ ઇન બ્રિટિશ ઇન્ડિયા:' (૧૯૨૫)**

જૂન ૧૯૧૬માં કોલંબિયા યુનિવર્સિટીમાં નેશનલ ડિવીડેન્ટ ઓફ ઇન્ડિયા એ હિસ્ટોરિક એન્ડ એનેલિટિકલ સ્ટડી' વિષયે ડૉ. બી.આર. આંબેડકરે પ્રસ્તુત કરેલા શોધનિબંધને માન્ય રાખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરે છે. આ શોધપ્રબંધ લંડનમાંથી ૧૯૨૫માં પ્રકાશિત થાય છે. જેમની આર્થિક સહાયથી

આ ઉચ્ચ અભ્યાસ શક્ય બન્યો છે, એવા સર સયાજીરાવ ગાયકવાડને આ ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો છે. આ પુસ્તકની પ્રસ્તાવના ડૉ. બાબાસાહેબના પ્રિયગુરુ અને અર્થશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન પ્રો. સેલિંગ્મને લખી છે. આ પુસ્તકમાં બ્રિટિશ સરકાર દ્વારા થતા શોષણ અને અન્યાય તેમજ પ્રવર્તમાન ભ્રષ્ટાચારની વિગતો પણ રજૂ કરી છે. ડૉ. બાબાસાહેબ સ્પષ્ટ નોંધે છે કે, લંડન સ્થિત બ્રિટિશ સંસદ મારફત ભારતીય પ્રજાનો વહીવટ થઇ ન શકે. ભારતીય પ્રજાના મતોથી જ સરકારનું શાસન ચાલવું જોઇએ. અંગ્રેજોની આપખુદશાહીનો એમણે સખત વિરોધ કર્યો છે. આ ગ્રંથમાં ભારતમાં ખેડૂતો, શ્રમજીવીઓ અને દલિતોનાં શોષણ માટે બ્રિટિશ સરકારને જવાબદાર ગણવામાં આવેલ છે.

બ્રિટિશ સરકારની નીતિ કેટલી અન્યાયકારક છે એની વિગતે સમીક્ષા કરવામાં આવી છે. દેશના લાખો વંચિતો, ગરીબોને તેમજ ભારતીયોને સત્તાથી દૂર રાખવાનું આ ષડયંત્ર છે. બ્રિટિશ સરકારની ભારત પ્રત્યેની નોકરશાહી પ્રથા અને ઔદ્યોગિક ગતિવિધિને કારણે આ દેશ કેવો પાયમાલ થઇ રહ્યો છે. એની વિગતે છણાવટ કરી છે. માનવ અધિકારનો ખ્યાલ એમને મન કેવો સ્પષ્ટ અને વિસ્તૃત હતો એનો પરિચય આ ગ્રંથ માંથી મળી રહે છે.

પોતાના દેશના શિક્ષકો અને અધ્યાપકો પાસેથી અવહેલના જ મળી હતી. જ્યારે પરદેશના મુક્ત વાતાવરણમાં ડૉ. બાબાસાહેબનું આત્મબળ વધારવામાં કોલંબિયા યુનિવર્સિટીના વિદ્વાન અધ્યાપક પ્રો. એડવિન આર.એ. સેલિંગ્મનનો વિશેષ ફાળો છે. ગ્રંથાલયમાં પુસ્તકોની વચ્ચે અભ્યાસરત આંબેડકરનો પરિચય લાલા લજપતરાય સાથે એમણે જ કરાવેલો. પ્રો.સેલિંગ્મને એ નિમિત્તે કહ્યું કે, 'આ વિદ્યાર્થી માત્ર ભારતીય વિદ્યાર્થીઓમાં જ નહિં, પરંતુ અમેરિકન વિદ્યાર્થીઓમાં પણ શ્રેષ્ઠ છે.'

**'એનિહીંલેશન ઓફ કાસ્ટ' (૧૯૩૭)**

ભારતમાં જ્ઞાતિની સમસ્યા અંગે ડૉ. બી.આર. આંબેડકરનો અભિગમ કેવો ઉદ્દામવાદી હતો એનું પ્રત્યક્ષ ઉદાહરણ આ પુસ્તક છે. ૧૯૩૬માં લાહોરમાં જાત-પાત તોડક મંડળની પરિષદ મળવાની હતી એના પ્રમુખીય પ્રવચન નિમિત્તે આ લખાણ તૈયાર થયું હતું. જેમાં ભારતની જ્ઞાતિવ્યવસ્થા પર

ઉદાહરણ સાથે સૈદ્ધાંતિક વિમર્શ કરવામાં આવેલ. એમાં હિન્દુ શાસ્ત્રોની પણ કડક આલોચના કરવામાં આવી હતી. એથી આયોજકોએ ડૉ. આંબેડકરને આ પ્રકારનું લખાણ દૂર કરવા વિનંતી કરી પણ જેનો એમણે સ્પષ્ટ અસ્વીકાર કરેલો. પરિણામે આ પરિષદ મુલતવી રાખવામાં આવેલી. અલબત્ત, એમનું આ પ્રસ્તુત ન થયેલું પ્રવચન જ્ઞાતિવ્યવસ્થાનાં દૂષણો અંગે સમગ્ર ભારત રાષ્ટ્રને અપાયેલા પ્રવચન તરીકે યથાવત્ રહે છે.

જ્ઞાતિ અને જ્ઞાતિવ્યવસ્થાના સૂચિતાર્થોને ધ્યાનમાં રાખીને એમણે હિંદુ ધાર્મિક દષ્ટિકોણમાં કેટલાક ફેરફારો પણ સૂચવ્યા હતા. જાતિનો વિનાશ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું એવું ભાષણ હતું જે ક્યારેય પ્રસ્તુત નહોતું થયું. પરંતુ એની નાની પુસ્તિકા રૂપે લાખો પ્રતો આજ સુધીમાં પ્રકાશિત થતી રહી છે. આ પુસ્તક પ્રકાશિત  થયું ત્યારે સૌથી પહેલા ગાંધીજીએ પોતાની નારાજગી રજૂ કરેલી. 'The Doctor and The Saint' અરૂંધતી રોય લિખિત પુસ્તકમાં આ સંદર્ભે વિગતે સમીક્ષા કરવામાં આવી છે. આ પુસ્તકનો હિન્દીમાં અનુવાદ 'એક થા ડોક્ટર એક થા સંત' નામે અનિલ યાદવ 'જયહિંદ' અને રતનલાલે કર્યો છે, આંબેડકર- ગાંધી સંવાદ જાતિ, નસ્લ અને 'જાતિનો વિનાશ' વિશે આ ગ્રંથમાં અરૂંધતી રોય પ્રસ્તાવનામાં નોંધે છે કે, "જાતિનો વિનાશ'એ લેખ સ્કૂલ કે યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ક્યારેય સામેલ કરવામાં આવેલ નથી. પુસ્તકની દુકાનમાંથી પણ નહીં મળે, કે નથી આ પુસ્તક પર કોઇ વિદ્વત્તાપૂર્ણ વિવેચન થયું, કે નથી આ ગ્રંથને  એ સન્માન-સ્થાન મળ્યું જેનું એ હકદાર હતું."

ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ ગ્રંથમાં હિંદુસમાજની ચાર વર્ણવ્યવસ્થા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ એક જ જાતિના લોકોનું સામાજિક વિભાજન હતું. એમાંથી જ વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવાદ અસ્તિત્ત્વમાં આવે છે. એમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, 'હિન્દુસમાજ વ્યવસ્થામાં પરિવર્તનની આવશ્યકતા છે. પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમાનતા, ભાતૃભાવનો અધિકાર મળવો જોઇએ. જાતિપ્રથાના નાશ માટે એમણે પોતાના મૌલિક વિચારો આ ગ્રંથમાં  રજૂ કર્યા છે. આંતરજ્ઞાતીય વિવાહ, સમૂહ-ભોજન દ્વારા ધીરે ધીરે જાતિપ્રથાની પકડ ઓછી થશે. જાતિપ્રથા ચાલુ રાખવા જૂનાં રીતરિવાજો અને

રૂઢિઓ તથા ધર્મશાસ્ત્રની આજ્ઞાઓનું બળ મળે છે. એટલે મનુષ્યને શાસ્ત્રની દાસતાથી મુક્ત કરવાનો સજાગ પ્રયાસ કરવો જોઇએ."એનિહીલેશન ઓફ કાસ્ટ' પુસ્તક નાનું છે પણ એમાં રજૂ થયેલા વિચારો ગંભીર અને ખૂબ મહત્ત્વના છે.

## 'ફેડરેશન વર્સેજ ફ્રીડમ' (૧૯૩૯)

પૂનામાં 'ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિકલ'માં જે વ્યાખ્યાન રજૂ કરેલું એ પુસ્તક રૂપે પ્રગટ થયું છે. ઇ.સ.૧૯૩૯-૪૦માં બ્રિટિશ સરકારે ભારતમાં સંઘ રાજ્યની સ્થાપનાને વિસ્તારવાનું નક્કી કર્યું. જેમાં ભારતનાં રાજ્યો પોતાની પ્રાદેશિક સરકાર રચી તેનું જનતંત્ર એક સંઘરાજ્ય બને, જેનો ડૉ. આંબેડકરે વિરોધ કરેલો. તેઓ માનતા હતા કે અંગ્રેજો ફેડરલ સ્કીમ અંતર્ગત સંઘ દેશને સ્વતંત્ર કરવાને બદલે સ્વતંત્રતા માટે એક અવરોધરૂપ બની રહેશે. એટલું જ નહીં પણ બ્રિટિશો ના કાબૂ હેઠળ રાજ્યોના મહારાજાઓ એમના દ્વારા ચૂંટવામાં આવેલા પ્રતિનિધિઓ અંગ્રેજોની ઇચ્છા મુજબ એની તરફદારી કરનારા હશે. ફેડરલ સ્કીમ અંતર્ગત રાજયોને એવી સ્વતંત્રતા મળતી હતી કે, તેને સંઘરાજ્યમાં સામેલ થવા કે ન થવા છૂટ મળી જતી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની રાષ્ટ્રભાવનાનું પરિચયાત્મક આ પુસ્તક એ સમયમાં રાજનીતિ ક્ષેત્રમાં વિવાદ ઉભો કરે છે. દેશભક્તિનું અને એકતા-અખંડિતતાનું ચિંતન રજૂ કરતું આ પુસ્તક નેતાઓ અને રાજનીતિશાસ્ત્રના અભ્યાસુઓમાં ખૂબ આવકાર પામે છે.

## મિ. ગાંધી એન્ડ ધ ઇમેન્સીપેશન ઓફ ધી અનટચેબલ્સ (૧૯૪૩)

'ગાંધી અને અસ્પૃશ્યોની મુક્તિ' વિષયે ડૉ. આંબેડકરે પેસેફિક રિલેશન્સ ઇન્સ્ટિટ્યૂટ, કેનેડામાં  વ્યાખ્યાન આપવા તૈયાર કરવામાં આવેલ નિબંધ છે. બીમારીના કારણે તેઓ ઉપસ્થિત રહી શક્યા ન હતા. ત્યારબાદ પ્રસ્તુત વ્યાખ્યાન પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. અહીં તત્કાલીન સમયમાં દલિતોની સ્થિતિ અને પ્રવર્તમાન શોષણનું ચિત્ર રજૂ કર્યું છે. દલિત સમાજની રાજકીય માંગણીઓ, પ્રધાનમંડળમાં પ્રતિનિધિત્વ વિશે, જાહેર સેવાઓમાં યોગ્યતા અંગે, અલગ વસાહત વિશે ડૉ. આંબેડકરે પોતાના વિચારો રજૂ કર્યા છે.

ભારતનો શાસક વર્ગ વિશેષાધિકારો મેળવીને કેવી રીતે શાસક બન્યો અને ટકી રહ્યો તેની વિગતે વાત કરી છે. વિશ્વના વિભિન્ન દેશોમાં ગુલામી પ્રથા અને દમનની સ્થિતિ સુધારા પર છે ત્યારે ભારતમાં વંચિતો સાથે આચરવામાં આવતી અસ્પૃશ્યતા તથા જાતિભેદની સ્થિતિ યથાવત છે. દલિત વર્ગ અજ્ઞાનનાં અંધકારમાં સબડે છે. ગોરા લોકોએ નીગ્રો પર જેટલા અત્યાચારો કર્યા છે એનાથી વધારે અત્યાચારો દલિતો પર કરવામાં આવેલ છે. કોંગ્રેસ અને એના નેતાઓ આ સંદર્ભે આભાસી ચિત્ર રજૂ કરે છે. પરંતુ સત્ય એ છે કે દમન, જુલમ, અન્યાય, શોષણ, જાતિભેદ, અસ્પૃશ્યતા બધું જ આચરણમાં છે. ભારતના અછૂતોની વાસ્તવિક સ્થિતિ રજૂ કરવામાં આવી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પષ્ટ નોંધે છે કે, ભારત દેશના પાંચમાં ભાગની વસ્તીને અસ્પૃશ્ય માનવામાં આવી રહી છે. એમની સ્વતંત્રતા દેશની સ્વતંત્રતા જેટલી જ મહત્ત્વની છે. આ સમાજ પર પશુથી પણ બદતર વ્યવહાર કરવામાં આવે છે.

## રાનડે, ગાંધી એન્ડ ઝીણા (૧૯૪૩)

સામાજિક સુધારાના અગ્રગણ્ય નેતા મહાદેવ ગોવિંદ રાનડેના ૧૦૧માં જન્મદિને ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલું પ્રવચન પુસ્તકરૂપે પ્રકાશિત થાય છે. અહીં તત્કાલીન રાજનૈતિકો રાનડે, ગાંધીજી અને ઝીણાની તુલના કરવામાં આવી છે. ગાંધી અને ઝીણા બન્ને પોતાના સ્વાર્થ અને અહમને પોષવા સતત પોતાના પ્રશંસકોથી ઘેરાયેલા રહ્યાં. એટલે જ એમને પોતાના દોષ ક્યાંય દેખાયા જ નહીં અને પોતાને સ્વયંને મહાન માનવા લાગ્યા. જ્યારે રાનડે સામાજિક લોકતંત્રની સ્થાપના કરવા માંગતા હતા. જૂની રૂઢી નષ્ટ થાય તોજ નવી સામાજિક વ્યવસ્થા અમલમાં આવી શકે એવું સ્પષ્ટ માનતા રાનડેની મહાન વિચારક તરીકેની છબિ પ્રસ્થાપિત કરી છે. વ્યક્તિ નહીં પણ રાષ્ટ્ર મહાન છે એ વિચારને સનાતન સત્ય સાથે રજૂ કર્યો છે.

## થોટ્સ ઑન પાકિસ્તાન (૧૯૪૦)

૧૯૪૦માં 'થોટ્સ ઑન પાકિસ્તાન' નામે પ્રગટ થયેલ આ પુસ્તકની સુધારેલી આવૃત્તિ ૧૯૪૫માં પાકિસ્તાન અથવા હિંદના ભાગલા રૂપે પ્રગટ

થાય છે. આ પુસ્તક સાંપ્રત સમયમાં પણ ભારતના ભાગલા કે પાકિસ્તાનની રચના પાછળની ભૂમિકા સમજવામાં સહાયક બની શકે છે. રાજકીય સત્તાની ભાગીદારીમાંથી ઉઠેલો પ્રશ્ન અલગ રાષ્ટ્રની માંગણી સુધી કેવી રીતે પહોંચ્યો તેની રૂપરેખા આ પુસ્તકમાં  રજૂ થઇ છે. પાંચ ખંડ અને પંદર પ્રકરણમાં રજૂ થયેલો આ અહેવાલ પાકિસ્તાનની રચના પાછળની બાબતોનો અભ્યાસ દસ્તાવેજી પુરાવા સાથે પ્રસ્તુત કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઐતિહાસિક પરિપ્રેક્ષમાં હિન્દુ-મુસ્લિમના સંબંધોને તપાસે છે. સાથે હિન્દુ-મુસ્લિમના હિંસક સંઘર્ષની આધારભૂત વિગતો પણ આપે છે. હિંદના મુસ્લિમો રાજકીય અસલામતી અનુભવતા હતા. લીગ પોતાની રાજકીય ઇચ્છાને પરિપૂર્ણ કરવા નવા દાવપેચ રમવા કટિબદ્ધ બન્યું હતું. એક સમયે જિન્નાહ ગાંધીજીને મહાન વિભૂતિ માનતા હતા હવે એમના વિચારો પણ બદલાયા હતા. વિભાજનના વિચારને સાકાર કરવા માટે લીગ અગ્રેસર ભૂમિકા ભજવી રહી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર પણ આ માંગણીને અનુમોદન આપતા નોંધે છે કે, 'બળજબરીપૂર્વકની એકતાને કારણે એક પક્ષ બીજા પક્ષ પર લદાતા અંતરાયોમાંથી મુક્તિ મળતાં જ હિંદુસ્તાન અને પાકિસ્તાન બન્ને સશક્ત' સ્થિર અને અંદરથી તૂટી પડવાના ભય વિનાનાં રાજ્યો તરીકે વિકાસ સાધી શકશે.'

મુસ્લિમો ભારતને પોતાની માતૃભૂમિ તરીકે સ્વીકારશે નહીં માટે જ બન્ને એ અલગ થઇ જવું વધારે હિતાવહ છે. મધદરિયે આખું જહાંજ ડૂબી જાય એ કરતા એમાં રહેલા સામાનને ફેંકી જહાંજને બચાવી લેવું વધારે મુનાસિબ બની રહે છે. વિભાજન પહેલાં જ ભારત-પાકિસ્તાનની અલગ રાષ્ટ્રની ગતિવિધિને તાત્વિક રીતે  અહીં તપાસવામાં આવી છે. રમાબાઇને અર્પણ થયેલો આ ગ્રંથ ઇ.સ. ૧૯૪૫માં 'પાકિસ્તાન એન્ડ ધી પાર્ટીશન ઓફ ઇન્ડિયા' નામે પ્રગટ થાય છે.

**'વ્હોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટૂ ધી અનટચેબલ્સ' (૧૯૪૫)**

'કોંગ્રેસ અને ગાંધીએ અસ્પૃશ્યો માટે શું કર્યું ? ' ૧૧ પ્રકરણમાં વિભાજિત આ પુસ્તકમાં ૧૯૧૭ થી ૧૯૪૫ સુધીના સમયકાળમાં કોંગ્રેસ અને ગાંધીએ

અસ્પૃશ્યો માટે શું કર્યું? એનો વાસ્તવિક ચિતાર રજૂ કરે છે. ગાંધીને અસ્પૃશ્યોના ઉદ્ધારક તરીકે ઓળખાવું વધારે ગમતું હતું. વંચિતોના પ્રતિનિધિ તરીકે પોતાને જ પ્રસ્થાપિત કરતા રહ્યાં, પણ આવો દાવો અન્ય કોઇ કરે તો એમને સ્વીકાર્ય ન હતું. જ્યારે કોંગ્રેસ પણ અસ્પૃશ્યના પ્રશ્ને ગંભીર ન હતી. વંચિતોની વ્યથા એ સામાજિક પ્રશ્ન છે અને એને આઝાદીની ચળવળ સાથે જોડવાની જરૂર જણાઇ ન હતી. પૂનાકરારમાં થયેલી સહમતી પછી પણ કોંગ્રેસે હાઇકમાન્ડ પાસે કેબિનેટમાં અસ્પૃશ્યોના પ્રતિનિધિત્વ માટે, આગ્રહ રાખ્યો ન હતો. એટલે ડૉ. બાબાસાહેબ આંબેડકર કહે છે કે, 'કોંગ્રેસે પૂના કરારની કેરી ચૂસી લીધી ને ગોટલો દલિતોને માર્યો. સાથે 'નવજીવન', 'હિન્દસ્વરાજ'માં ગાંધીના પ્રગટ થતા આ વિશેના વિચારોને પણ તપાસવામાં આવ્યા છે. સમકાલીન સામાજિક, રાજનીતિક અને ધાર્મિક સ્થિતિનું અહીં વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. કોંગ્રેસ અને ગાંધીએ અસ્પૃશ્યો માટે માત્ર કોઇ નક્કર કાર્ય કર્યું નથી. પોતાને અછૂતો દ્વારા ઉદ્ધારક તરીકે રજૂ કરતા રહ્યાંને બીજી તરફ મુડીવાદીઓના સમર્થક રહ્યાં.

૧૯૨૪ થી ૧૯૩૦ દરમિયાન ગાંધી અછૂતોના પ્રશ્નો બાબતે નિસ્ક્રિય રહ્યાં હતા તો બીજી તરફ ડૉ. બાબાસાહેબ આંબેડકરે મહાડનો જળસત્યાગ્રહ અને નાસિકના કાલારામે મંદિર પ્રવેશ સત્યાગ્રહમાં સક્રિય હતા. ગાંધીએ હિન્દુ-મુસ્લિમ એકતા માટે ૨૧ વખત ઉપવાસ કર્યા હતા. આશ્રમવાસીઓની નૈતિક ભૂલોના પાશ્ચાતાપ માટે પણ ઉપવાસ કર્યા પરંતુ અસ્પૃશ્યની અવહેલનાના મુદ્દે કે એમની સતત થતી ઉપેક્ષાના મુદ્દે એક વાર પણ ઉપવાસ કર્યો ન હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરની હક-અધિકારની લડતની ગાંધીએ ટીકા કરી હતી. સત્યાગ્રહ વિદેશી સત્તા સામે જ કરવો જોઇએ- એવી સુફિયાણી સલાહ પણ આપી હતી.

### 'કમ્યૂનલ ડેડલોક એન્ડ અ વે ટૂ સોલ્વ ઇટ' (૧૯૪૫)

'કોમી મડાગાંઠ અને તેને ઉકેલવાનો માર્ગ' ૬ મે, ૧૯૪૫ના રોજ મુંબઇમાં નરિમાન પાર્ક ખાતે યોજાયેલ ઓલ ઇન્ડિયા કાસ્ટ્સ ફેડરેશનના વાર્ષિક અધિવેશનમાં પ્રસ્તુત થનાર પ્રવચન ત્યારબાદ પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે.

કોમી મડાગાંઠને ઉકેલવા માટેના ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રસ્તાવો અહીં રજૂ થયા છે. દેશનું બંધારણ કોણે ઘડવું જોઇએ? કારણ કે બ્રિટિશ સરકારે ઘડેલું અને ભારતીયો પર થોપેલું બંધારણ ભૂતકાળમાં બરાબર હતું પણ હવે એ ભવિષ્યમાં કારગત નહીં નીવડે. કોમી પ્રશ્નના સમાધાન માટે નિર્ણયાત્મક સિદ્ધાંતો નક્કી કરવા આવશ્યક છે. હિંદની કોમી મડાગાંઠ ઉકેલવાનો કોયડો સરળ નથી. ભારતીય રાજકારણમાં વંશીય મૂંઝવણ, તેને દૂર કરવાની રીતો અને અન્ય મુદ્દાઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે.

**'હું વેર ધી શુદ્રજ' (૧૯૪૬)**

'શુદ્રોની શોધ' ગ્રંથ એ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પરિપક્વ પ્રતિભાનું સૂફળ છે. આ ગ્રંથમાં ૨૯ વર્ષના ચિંતન-અભ્યાસનો આલેખ રજૂ થયો છે. સામાજિક ક્રાંતિના જ્યોતિર્ધર મહાત્મા જ્યોતિબા ફૂલેને અર્પણ કરવામાં આવેલ આ ગ્રંથમાં ભારતમાં વર્ણવ્યવસ્થા ક્યારથી અમલમાં આવી એના સાધાર પુરાવા ઋગ્વેદના પુરુષસૂકતના આધારે રજૂ કર્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચતુવર્ણવ્યવસ્થામાં ચોથો વર્ગ ક્ષત્રિયનો જ એક ભાગ હતો. વિશ્વ ઉત્પત્તિની વિવિધ કલ્પના ઋગ્વેદમાં કરવામાં આવી છે. બાર પ્રકરણના આ ગ્રંથમાં શુદ્રો આર્ય હતા, સૂર્યવંશી હતા. ભારતીય આર્યોમાં ક્ષત્રિય વર્ણના હતા. શુદ્રરાજા અને બ્રાહ્મણો વચ્ચે વિશેષાધિકાર બાબતે થયેલ સંઘર્ષને કારણે બ્રાહ્મણોએ એમના ઉપનયન સંસ્કાર બંધ કર્યા એથી શૂદ્રોનું પતન થયું.

દેશના રાજા-રજવાડાના ઇતિહાસ ઉપલબ્ધ છે. પરંતુ આ પ્રકારે શુદ્રોનો ઇતિહાસ પહેલી વાર ડૉ. આંબેડકર દ્વારા લખાયો છે. આ પહેલા વી.એસ. શાસ્ત્રી 'શૂદ્ર' શબ્દની ઉત્પત્તિ વિશે વિચાર કરે છે. એમિલ સોનાર્ટ 'ભારતમાં જાતિઓ' વિશે, હોપકિન્સ, 'જાતિઓના આંતરિક સંબંધ' વિશે, કેતકર 'જાતિઓનો ઇતિહાસ' વગેરે ઉપરાંત રામશરણ શર્મા માર્ક્સવાદી વિચારધારાથી શુદ્રોનો પ્રાચીન ઇતિહાસ ગ્રંથ આપે છે. પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકર વેદ, પુરાણ, ઉપનિષદ, ગીતા તથા ધાર્મિક ગ્રંથોના આધાર પુરાવા સાથે પોતાના અભ્યાસપૂર્ણ તારણો સ્પષ્ટ ચીંધી બતાવે છે. તેઓ સ્પષ્ટ સાબિતી આપે છે કે, શુદ્રો આર્ય હતા, ક્ષત્રિય જાતિના હતા તથા બ્રાહ્મણોના

વિશેષાધિકારો માન્ય ન રાખ્યા તેથી જ એમનું પતન અછૂત શૂદ્ર તરીકે થયું હતું.

ઋગ્વેદકાળમાં વર્ણવ્યવસ્થા જ ન હતી. પુરુષસુક્ત ખૂબ પાછળથી ઉમેરાયેલ છે. ઋગ્વેદમાં શૂદ્રનો ઉલ્લેખ જ નથી. આમ આ ગ્રંથમાં શૂદ્રોની ઉત્પત્તિ તેનો ઇતિહાસ અને અસ્પૃશ્યતા વિશે વિગતે વિશ્લેષણ કરવામાં આવેલ છે.

આ ગ્રંથમાં શુદ્રની ઉત્પત્તિના આધાર પુરાવા સાથે પોતાના મતની માંડણી કરવા માટે સહાયક ગ્રંથ મહાભારતના શાંતિપર્વના ૬૦માં અધ્યાયને રજૂ કર્યો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર આ ગ્રંથની પ્રસ્તાવનામાં નોંધે છે કે, 'મહાભારતના શાંતિપર્વના ૬૦માં અધ્યાયના લેખક વ્યાસ, વૈશંપાયન, સૂત, લોમહર્ષણ હોય કે ભૃગુ, જે હોય તે પણ અહીં પૈજાવનનું પૂર્ણ વિવરણ આપીને મોટી સેવા કરી છે. જો એમણે પૈજાવન શુદ્ર હતા એ વિગત રજૂ ન કરી હોત તો શૂદ્રનું કૂળ શોધવું અસંભવ બની રહેવાનું હતું. હું એ લેખકો પ્રત્યે આભાર વ્યક્ત કરું છું. જેમણે આ મહત્ત્વપૂર્ણ માહિતી ભાવિ પેઢી માટે રજૂ કરી છે. આમ, પ્રસ્તુત ગ્રંથમાં શૂદ્ર કોણ હતા? અને એમને ભારતીય આર્ય સમુદાયના ચોથા વર્ણમાં કેવી રીતે સ્થાપિત કરવામાં આવ્યા? આ બે પ્રશ્નોનોના ઉત્તર મેળવવાનો ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ઉપક્રમ રહ્યો છે.

### 'સ્ટેટ એન્ડ માઇનોરિટિઝ' (૧૯૪૭)

માર્ચ, ૧૯૪૭માં સંવિધાન સભા મળી ત્યારે ડૉ. આંબેડકરે પ્રસ્તુત કરેલા વિચારોનું ગ્રંથસ્થ રૂપ આ પુસ્તક છે. સામાજિક ન્યાય અને સામાજિક સમાનતાના અમલીકરણ માટે ભારતમાં લઘુમતીઓ અને અનુસૂચિત જાતિના મૂળભૂત અધિકાર વિશે વિગતે વિમર્શ કર્યો છે. ધર્મ અને ધાર્મિક માન્યતાઓની સ્વતંત્રતાનો અધિકાર, પોતાના વિચારોને મુક્ત રીતે અભિવ્યક્ત કરવાનો અધિકાર તેમજ લઘુમતી અને દલિતોના સશક્તિકરણ માટેના ઉપાયો વિશે વિગતે ચર્ચા સાંપડે છે. બિનસાંપ્રદાયિક લોકશાહીની સ્થાપનાના મૂળમાં આ પુસ્તક મહત્ત્વનું છે. ભારતના પ્રત્યેક નાગરિકને કોઇપણ પ્રકારના ભેદભાવ, આર્થિક શોષણ અને અસમાન વર્તન સામે રક્ષણ આપવું જોઇએ. ભારત દેશને પ્રગતિશીલ રાષ્ટ્ર બનવા માટે કયા-કયા આર્થિક સુધારા કરવા જોઇએ એ વિશે પણ પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા છે.

ભારતના વિકાસમાં ઔદ્યોગિકરણની આવશ્યકતા વિશે અને ઉદ્યોગની માલિકી રાજ્યની હોવી જોઇએ, ઇન્સ્યોરન્સ પણ રાજ્ય હસ્તક હોવું જોઇએ, ખેતીને રાજ્ય ઉદ્યોગ તરીકે જાહેર કરવું જોઇએ, ખેતીની જમીન જાતિ, ધર્મ કે કોઇપણ પ્રકારના ભેદભાવ વગર ગામ સમસ્તને સોંપવી જોઇએ. અહીં ડૉ. બાબાસાહેબ આંબેડકરની સમાજવાદી વિચારધારાની પ્રતિતી થાય છે.

**'ધી અનટચેબલ્સ' (૧૯૪૮)**

આ ગ્રંથનો, હિન્દી અનુવાદ 'અસ્પૃશ્યો કૌન ઔર કૈસે' અને ગુજરાતી અનુવાદ 'અસ્પૃશ્યો : તેઓ કોણ હતા અને તેઓ શાથી અસ્પૃશ્યો કહેવાયા ?' નામે મળે છે. છ ખંડ, સોળ પ્રકરણ સાથેના આ ગ્રંથના આરંભે ભૂમિકામાં ૧૯૪૭માં પ્રકાશિત Who were the Shudras (શૂદ્રો કોણ હતા ?)નો અંશ છે. અસ્પૃશ્યતાના મૂળને શોધી આપનાર ડૉ. આંબેડકર અહીં સ્પષ્ટ કહે છે કે, 'માનવ-માનવ વચ્ચેના ભેદ અભિમાનની નહીં શરમની વાત છે.' ભારતમાં આર્યો બહારથી આવેલા હતા,એમણે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા મૂળનિવાસી પ્રજા સાથે યુદ્ધ કરી વિજય મેળવ્યો. હારેલી પ્રજા દક્ષિણ ભારત તરફ ગઇ તે અનાર્ય કે દ્રવિડ તરીકે ઓળખાઇ. જંગલ તરફ ગઇ તે આદિવાસી તરીકે ઓળખાઇ અને જે પ્રજાએ આર્યોનું દાસત્વ સ્વીકાર્યું એ વંચિત દલિત તરીકે ઓળખાયા. બીજો એક મત એવો પણ છે કે, અછૂતો બૌદ્ધ ધર્મી હતા. બૌદ્ધ ધર્મની પડતી થતા આ લોકોને પછાત-અછૂત બનાવી દીધા. ત્રીજો મત એવો છે કે, આરંભમાં બધા જ લોકો માંસાહારી હતા, ગૌમાંસ પણ ખાતા હતા. બ્રાહ્મણોએ ગૌમાંસ છોડી એની ગૌભક્તિ શરૂ કરી એટલે એક વર્ગ અછૂત બન્યો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ધર્મગ્રંથો અને ઇતિહાસકારોના મંતવ્યોમાંથી પસાર થઇને અસ્પૃશ્યતાની ઉત્પત્તિ પરના પોતાના વિચારો પ્રસ્તુત કર્યા છે. પ્રસ્તુત ગ્રંથ વિશે તટસ્થ મૂલ્યાંકન કરનાર નટુભાઇ પરમાર યોગ્ય જ નોંધે છે કે, 'અસ્પૃશ્યો કોણ અને કેવી રીતે ? પુસ્તક ડૉ. બાબાસાહેબનાં જીવનનાં ઉત્તમ અને ક્રાંતિકારી લેખનોમાનું એક છે. એણે ન માત્ર અસ્પૃશ્યતા અંગેની ભ્રામક માન્યતાઓનો કિન્તુ 'મનુસ્મૃતિ' તથા ધર્મગ્રંથોનો સહારો લઇ એને કાયદેસર અને પરંપરાગત માનનારાઓ પર પણ જીવલેણ ઘા કર્યો છે. આ

દેશ વિદ્વાનો, ઇતિહાસકારો, અભ્યાસુઓ, ધર્મધુરંધરો, લેખકો, માનવ ઉત્ક્રાંતિવાદના તજજ્ઞોથી ભર્યો પડ્યો હોવા છતાં, 'અસ્પૃશ્યતા : કેમ અને કેવી રીતે ?' એનું સંશોધન કરવાનું એમણે કદાપી મુનાસિબ ના સમજ્યું અને એથી એ કામ ખુદ એમણે પોતે જ હાથ ધરવું પડ્યું. એનો બળાપો પણ અલબત્ત, આ પુસ્તકમાં જ ડૉ. બાબાસાહેબ આંબેડકરે વ્યક્ત કર્યો છે.'

**'થોટ્સ ઓન લિંગ્વિસ્ટિક સ્ટેટ્સ' (૧૯૫૫)**

ડૉ. બાબાસાહેબ આંબેડકરને 'મહારાષ્ટ્ર' અને મરાઠી ભાષા પ્રત્યે અપ્રતીમ સ્નેહ હતો. આ પુસ્તકમાં ભાષાવાર રાજ્ય રચના વિશે વિચારો રજૂ કર્યા છે. ભાષાવાર રાજ્ય વિશે તેઓ સ્પષ્ટ કહે છે કે, પ્રાંતોને ભિન્ન ભિન્ન ભાષા તથા સંસ્કૃતિ હોય છે. ભાષાવાર પ્રાંતોમાંથી ઊભી થતી મુશ્કેલીઓ છે. હિન્દની સરકારનું માળખું બે સ્વરૂપમાં છે. કેન્દ્ર સરકાર અને પ્રાંતીય સરકાર એટલે ભાષાવાર પ્રાંતોની રચના પહેલાં કેન્દ્રીય સરકારની કામગીરી પર ભાષાવાર પ્રાંતોની અસર થશે તે વિચારવું જોઇએ.

ભાષાવાર રાજ્ય રચના અંગે ત્રણ વિસ્તૃત લેખમાં વસ્તી, વિસ્તાર, આવક અને એક ભાષા બોલતા લોકોની સંખ્યા વગેરેની આંકડાકીય તર્કબદ્ધ વિગતો રજૂ કરી છે. ઉપરાંત ડૉ. આંબેડકરે ભાષાવાર પ્રદેશોના વિભાગીકરણના નકશાઓ, અમેરિકાના સંયુક્ત રાજ્યના વિસ્તાર તથા તેની જનસંખ્યા, ભારતની ૧૯૪૧ની ધર્મ પ્રમાણેની વસ્તી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીના આંકડાઓ, પ્રાંતો અને રાજ્યોની વિગતવાર આવક વગેરે વિગતો રજૂ કરી તર્કબદ્ધ અને વિસ્તૃત રીતે ભાષાવાર પ્રાંતરચના વિશેના પોતાના વિચારો પ્રસ્તુત કર્યા છે.

ઉત્તર પ્રદેશને ત્રણ વિભાગમાં વહેંચવાનો વિચાર પણ આ પુસ્તકમાં રજૂ કરેલો છે. એ જ રીતે મધ્યપ્રદેશ, બિહાર, પંજાબ વગેરે રાજ્યોના વિભાજન વિશે વિગતે વાત કરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું આ ચિંતન કેટલું પ્રસ્તુત હતું એ સાંપ્રત સમયમાં થયેલા રાજ્યના વિભાજન ઉપરથી સ્પષ્ટ થાય છે.

**'ધી બુદ્ધા એન્ડ હિઝ ધમ્મ' (૧૯૫૭)**

ડૉ. બાબાસાહેબ આંબેડકરે નવેમ્બર ૧૯૫૧માં આ ગ્રંથ લખવાની

શરૂઆત કરેલી અને જીવનની અંતિમ ઘડી ૫ ડિસેમ્બર ૧૯૫૬ની મધ્યરાત્રિએ આ પુસ્તક પૂર્ણ કરેલું. એનું મૂળ શીર્ષક 'ગોસ્પેલ ઓફ ધી બુદ્ધ' હતું. જેનો હિન્દીમાં અનુવાદ ડૉ. ભદન્ત આનંદ કૌશલ્યાને કર્યો હતો. પ્રસ્તુત ગ્રંથમાં સિદ્ધાર્થ ગૌતમનો જન્મ, પ્રવજયા, જ્ઞાનપ્રાપ્તિનો સંઘર્ષ અને બૌધિસત્વ કઇ રીતે થયા તેની ભૂમિકાઓ, મળેલા જ્ઞાનનો જનસમૂહમાં પ્રચાર-પ્રસાર, ધ્યાન-સાધનાની અને જીવન જીવવાની કળા વિશે તેમજ ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ વિશે વિગતે સમીક્ષા કરવામાં આવી છે. ધર્મ, અધર્મ, સદ્દધર્મની સૂક્ષ્મ ચર્ચા કરી છે. પંચશીલનો ઉપદેશ (૧) પ્રાણી હિંસા કરવી નહી (૨) ચોરી કરવી નહીં (૩) વ્યભિચાર કરવો નહીં (૪)અસત્ય બોલવું નહીં (૫) નશીલી વસ્તુનું સેવન કરવું નહીં તેમજ આર્ય અષ્ટાંગીક માર્ગનો ઉપદેશ (૧) સમ્યક્ દૃષ્ટિ (૨) સમ્યક્ સંકલ્પ (૩) સમ્યક્ વાણી (૪) સમ્યક્ કર્મ (૫) સમ્યક્ આજીવિકા (૬) સમ્યક્ વ્યાયામ (૭) સમ્યક્ સ્મૃતિ (૮) સમ્યક્ સમાધિ જેના ફળસ્વરૂપે સુખ, શાંતિ, મૈત્રી, કરૂણાનો ઉત્તમ આદર્શ સિદ્ધ થઇ શકે છે. બૌદ્ધ ધર્મની વૈજ્ઞાનિકતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથેની ધર્મ ચર્ચા કઇ રીતે થઇ શકે એ આ ગ્રંથમાંથી પસાર થતા પામી શકાય છે.

---

તા. ૨૬-૦૨-૨૦૧૯ના રોજ ડૉ. બી. આર. આબેડકર ચેર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં 'Social Thought of Dr. B. R. Ambedkar' વિષયે યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં આપેલું વક્તવ્ય.



# ૫.
# ડૉ. બી. આર. આંબેડકરના સત્યાગ્રહો

ડૉ. જાતિવિહીન સમાજની પ્રસ્થાપના માટે અને અસ્પૃશ્યતાના નિવારણ માટે મહાત્મા જ્યોતિબા ફૂલેએ તત્કાલીન પરિસ્થિતિ અનુસાર પ્રયત્નો કર્યા હતા. ડો.બી.આર.આંબેડકર મહાત્માફૂલેની પરંપરાના ક્રાંતિકારી સમાજ સુધારક હતા. ડૉ. બી. આર. આંબેડકરની રાહબરી હેઠળથયેલા મહાડનો જળ સત્યાગ્રહ, 'મનુસ્મૃતિ' દહન અને નાશિકના વિખ્યાત કાળારામ મંદિરમાં પ્રવેશ માટેનો સત્યાગ્રહ સદીઓથી અંધશ્રદ્ધા અને અજ્ઞાનના અંધકારમાં અથડાતા અંત્યજો સાથે માણસની જેમ વર્તવાની પ્રેરણા આપનાર હતો.

**મહાડ સત્યાગ્રહ :**

ડૉ. બી. આર. આંબેડકર સ્થાપિત બહિસ્કૃત હિતકારિણી સભાના આંદોલને દલિતસમાજમાં નવચેતનાનો સંચાર કર્યો હતો. દલિતો જાગૃત થઈ રહ્યાં હતાં. મુંબઈ વિધાનસભામાં મહારાષ્ટ્રના સમાજસુધારક રાવસાહેબ બોલેના પ્રયત્નોથી દલિતોના સાર્વજનિક સ્થળોએ પ્રવેશ સંદર્ભે ઠરાવ પસાર થયો હતો. પરંતુ એ ઠરાવનો અમલ કરાવવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે સત્યાગ્રહ કરવાનું નક્કીકર્યું.

જાહેર કૂવાઓ કે તળાવોમાંથી અસ્પૃશ્યો પાણીનો ઉપયોગ કરી શકતા ન હતા. કેટલાક ગામડામાં તો આજે પણ દયનીય સ્થિતિ છે ત્યારે એ સમયની કલ્પના કરતા ખ્યાલ આવે છે કેકેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે ડૉ. આંબેડકરે આ સત્યાગ્રહને આકાર આપ્યો હતો.જે તળાવનું પાણી કૂતરાં, બિલાડાં પી શકે, અન્ય ધર્મના લોકો પણ પી શકે, પરંતુ હિન્દુધર્મના જઅભિન્ન અંગ એવા

દલિતો એ પાણી પી ન શકે એ કેવી માનસિકતા? પીવાના પાણી માટે માનવીએ સત્યાગ્રહ કરવો પડે એ કેવી કરુણતા? આ ભેદભાવભરી નીતિ દૂર કરવા માટે સત્યાગ્રહનું સ્થળ મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના 'મહાડ'ને પસંદ કરવામાં આવ્યું. આ સ્થળ પસંદ કરવા પાછળ ડૉ. આંબેડકરનો ઉદ્દેશ સ્પષ્ટ હતો કે મહાડમાં મહારોની સંખ્યા વિશેષ હતી. ઉપરાંત તેઓ મહાડ ઘણી વાર જઈ આવ્યા હતા. ફોજી અનુશાસનને મહત્ત્વ આપનાર અહીંનો લોકસમાજ ડૉ. આંબેડકરના નામ અને કામથી પૂર્ણ રીતે પરિચિત હતો. એથી માનવીય અધિકારો પ્રાપ્ત કરવા માટે આ સ્થળ મહત્ત્વનું હતું. મુંબઈ વિધાનસભાએ કરેલા ઠરાવને ત્રણ વર્ષ જેટલો સમય થઈ ગયો હતો, પરંતુ અમલ નહોતો થયો.

૧૯ માર્ચ ૧૯૨૭ની સભાના આગળના દિવસે આ સ્થળ ઉપર પાંચ હજાર દલિતો. એકત્ર થયા હતા. ડૉ. આંબેડકરે ઉપસ્થિત મેદનીને સંબોધી. પ્રથમ દિવસે એમણે પોતાના દલિત બાંધવોને ત્રણ મહત્ત્વની બાબતો જણાવી. એક મરેલા પશુનું માંસ નખાવું, બીજુ એઠાં ભોજનનો સ્વીકાર ન કરવો અને ત્રીજુ મનમાંથી ઊંચ - નીચની ભાવના કાઢીને પારંપરિક વ્યવસાયને છોડી નવો વ્યવસાય અપનાવવો. આ ત્રણ સૂચનોની ધારી અસર ઉપસ્થિત મેદની પર પડી હતી અને પછીના દિવસે સવારે નવ કલાકે ડૉ. આંબેડકરે ક્રાંતિનું બ્યૂગલ વગાડી દીધું હતું.

મહાડનો જળ સત્યાગ્રહ પશુથી પણ બદતર જીવન જીવતા દલિતો માટે નવી - આશાનું કિરણ લઈને આવનાર હતો. મહારાષ્ટ્રના મહાડમાં ઊમટી પડેલી મેદનીએ ચાર-ચારનાં જૂથમાં એકની પાછળ એક એમ હારબંધ કૂચ કરી રહી હતી. ઇતિહાસમાં એકયુગ પ્રવર્તક ઘટના બનવા જઈ રહી હતી. ડૉ. બી. આર. આંબેડકરની રાહબરી હેઠળ હજારો પદ દલિતો પાણી પીવાના પોતાના અધિકારને પ્રસ્થાપિત કરવા સત્યાગ્રહ કરી રહ્યાં હતાં.

ડો. બાબાસાહેબ આંબેડકરેએ સમયે ઉપસ્થિત જનમેદનીને કહ્યું કે, "ચવદાર તાલાબકા પાની પીને સે હમ અમર હોને વાલે નહીં હૈ, આજ તક હમને ચવદાર તાલાબ કા પાની નહીં પિયા, ઇસ લિયે મરે નહીં. ચવદાર તાલબ જાને કા મતલબ કેવલ ઉસકા પાની પીના નહીં હૈ, બલ્કિ ઇસ બાત કો

સ્થાપિત કરના હૈ કિ હમ ભી ઈન્સાન છે. ઔર માનવ અધિકારોકો કાયમ રખને કે લિયે હમેં તાલાબ પર જાના ચાહિયે." પોતાના પ્રિય નેતાની આ વાણીની જનમેદની ઉપર અસર થઈ અને સ્વાભિમાનની એક લહેર પસાર થઈ ગઈ.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ચવદાર તળાવનાં પગથિયાં ઉતરીને નીચે નમીને તળાવનું પાણી હથેળીમાં લઈને પીધું. પ્રિય નેતાનું અનુકરણ કરતી પ્રચંડ જનમેદની પણ પાણીને ખોબામાં લઈ પીવે છે. ફરી મૂળ જગ્યા પર સભા ભરાયછે, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર દલિતસભા સમક્ષ ભાષણ આપી રહ્યાં હતાં ત્યારે એ જ ગામના સનાતની બ્રાહ્મણોની સભા ચાલી રહી હતી. ચવદાર તળાવના પાણીને દૂષિત કરવામાં નિમિત્ત બનેલા દલિતો પર બદલો લેવાની પૂર્વ તૈયારી ચાલતી હતી. આ હુમલામાં અસંખ્ય દલિતો ઘાયલ થયા હતા. ઉગ્ર બનેલા વાતાવરણમાં ડો.આંબેડકરે સંયમથી કામ લીધું.

મહાડના જળ સત્યાગ્રહની નોંધ પત્રકારત્વ જગતે પ્રથમ પાને લીધી હતી. મહાત્મા ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'માં આ સત્યાગ્રહ સંદર્ભે ડૉ. આંબેડકર પરત્વે સહાનુભૂતિ વ્યક્તકરી સમર્થન આપ્યું હતું.

આ બાજુ ૩૧મી માર્ચના રોજ સનાતની બ્રાહ્મણોએ મહાડના ચવદાર તળાવનું પાણી દલિતોના સ્પર્શથી દૂષિત થયું છે એવું માનીનેએને પવિત્ર કરવા, શુદ્ધ કરવા ૧૦૧ ઘડા પાણી બહાર ઉલેચવામાં આવ્યું. વૈદિક વિધિ તથા પશુના ગૌમૂત્ર 'પંચગવ્ય' દ્વારા શુદ્ધિકરણ કરી પોતાની સંકુચિત માનસિકતાનું નિદર્શન કરી રહ્યાં હતાં. વીર સાવરકરે પણ આ કૃત્યનો વિરોધ કરેલો. ડૉ. બાબાસાહેબને તળાવના શુદ્ધિકરણની ઘટનાનો ઊંડો આઘાત લાગ્યો હતો. મહાડ જળ સત્યાગ્રહમાં માત્ર દલિતો જ નહીં પણ કેટલાય સવર્ણ સમુદાયનો સહયોગ પણ પ્રાપ્ત થયો હતો. આ ઘટના પછી દલિતોમાં સ્વાભિમાનની ભાવના જાગૃત થઈ હતી.તેઓએ પોતાના નેતાની વિનંતીને માન આપી મરેલા પશુના માંસને અને પારંપરિક વ્યવસાયને તિલાંજલી આપી દીધી હતી. દલિતો ડૉ. આંબેડકરના એ વિચારને બરાબર સમજી ગયા હતા કે સંઘર્ષ વગર અધિકાર મળતા નથી અને સંગઠન વગર સંઘર્ષ થઈ શકતો નથી.

દેશભરના નેતાઓ ડૉ. આંબેડકરની દલિત-શોષિતના અધિકારની આ લડતને બિરદાવે છે. અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવામાં આ સત્યાગ્રહ મહત્ત્વનું પ્રેરકબળ બની રહ્યો હતો. ડૉ. આંબડેકરે 'બહિષ્કૃત ભારત'માં લખ્યું કે "અસ્પૃશ્યતાના નાશ માટે પ્રાણની બાજી લગાવવી એપણ એક સાચો પુરુષાર્થ છે." આમ ઐતિહાસિક દષ્ટિએ જોઇએ તો ગાંધીજીની ૧૯૩૦ની દાંડી માર્ચનું જે રાજકીય મહત્ત્વ સ્વયંસિદ્ધ છે એ રીતે ડૉ. આંબેડકરની મહાડ માર્ચનું સામાજિક મહત્ત્વ સ્વયંસિદ્ધ છે.

૨૫ ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ ડૉ. આંબેડકરે મહાડમાં બીજી પરિષદ ભરી હતી.

મહાડ નગરપાલિકાએ સવર્ણ સમાજના દબાણથી દલિતો માટે તળાવમાં પ્રવેશ પ્રતિબંધ કરી દીધો હતો. ડૉ. આંબેડકરે ફરીથી મહાડ સત્યાગ્રહ આદર્યો હતો. પંદર હજાર દલિતો સત્યાગ્રહ માટે મહાડમાં એકત્ર થયા હતા. પરંતુ સવર્ણ હિન્દુઓએ આ તળાવ ખાનગી હોવાનો પ્રશ્ન અદાલતમાં રજૂ કર્યો હતો. એથી કાયદાની દષ્ટિએ જ્યાં સુધી આ તળાવ ખાનગી છે કે સાર્વજનિક એ નક્કી ના થાય ત્યાં સુધી અદાલતના નિર્ણયની પ્રતિક્ષા કરવી એજ એક વિકલ્પ હતો.

ડૉ. આંબેડકરે વિશાળ જનમેદનીને સંબોધન કરતા કહ્યું કે, "આપ લોગ વીર છે, ઔર અધિકાર પ્રાપ્તિ કે લિયે લડના જાનતે હૈ, હમ સત્યાગ્રહ સ્થગિત કર રહે છે. પરંતુ ઈસકા મતલબ યહ નહીં કિ હમને લડના બંધ કર દિયા. જબ તક ચવદાર તાલાબ પર હમારા અધિકાર સ્થાપિત નહીં હોગા, હમારી લડાઈ જારી રહેગી." અહીં મહાડ જળ સત્યાગ્રહ સ્થગિત રહ્યો, પરંતુ દલિતોના દુઃખના મૂળમાં રહેલા હિંદુ ધર્મગ્રંથ 'મનુસ્મૃતિ'ની હોળી કરવાનો કાર્યક્રમ યોજાયો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર બેરિસ્ટર હતા એટલે અદાલતમાં ચવદાર તળાવમાં અછૂતોના અધિકારનો કેસ પાંચ વર્ષ સુધી લડતા રહ્યાં અને ૧૧મી માર્ચ ૧૯૩૭માં આ કેસ જીતવામાં તેઓ સફળ થયા.

દલિત સમાજને પશુ કરતાં પણ નિમ્નકક્ષાના ઠરાવનાર અને માનવીય અધિકારોથી વંચિત રાખનાર ધર્મગ્રંથ 'મનુસ્મૃતિ' છે એવું તેઓ પ્રબળ રીતે

માનતા હતા. એથી જ તેની જાહેરમાં હોળી કરવાનું વિચાર્યું. મહાત્મા જ્યોતિબા ફૂલેએ શતાબ્દી પહેલા 'મનુસ્મૃતિ'ની હોળી થશે એવી ભવિષ્યવાણી કરી હતી. એમણે એવું પણ કહેલું કે, 'આ મનુસ્મૃતિ'નું દહન છાનું- છપનું નહીં પરંતુ ધોળા દિવસે બ્રાહ્મણોની છાતી પર થશે." ડૉ. આંબેડકરની રાહબરી હેઠળ આ ક્ષણ આવી ગઈ હતી.

દલિત મુક્તિના સંગ્રામનું દ્વિતીય ચરણ 'મનુસ્મૃતિ'ની હોળી હતી. ડૉ. આંબેડકરે ઉપસ્થિત મેદની સમક્ષ ભાષણ કર્યું અને ત્યાર બાદ એક નાનકડા મંચ પર સાડાસાત કલાકે ચંદનની ચિતા પર 'મનુસ્મૃતિ'ને મૂકવામાં આવી અને દલિતસાધુ સહસ્ત્રબુદ્ધે આગ ચાંપી. જાતિવાદના, ઊંચ - નીચના આ ભેદભાવ ભર્યા ફરમાન કરનાર મનુના ગ્રંથ 'મનુસ્મૃતિ'ને હોમવામાં આવ્યો હતો . 'મનુસ્મૃતિ'ની હોળી કરવાના મૂળમાં સવિશેષ કારણ મહાડના ચવદાર તળાવનું પાણી દલિતોના સ્પર્શથી દૂષિત બને છે એ વિચાર અનુસાર સવર્ણોએ શુદ્ધિકરણ કર્યું હતું તે હતું. આ બધા ફરમાનો 'મનુસ્મૃતિ'ના હતા અને એ વિધાનોનું ટાંચણ સવર્ણોએ અદાલતમાં કરેલા કેસમાં ટાંક્યું હતું.

'મનુસ્મૃતિ'ની હોળી થઈ એથી સમગ્રદેશમાં વિશેષ રૂપે મહારાષ્ટ્રમાં સવર્ણોમાં ભયંકર આક્રોશ ફૂટી નીકળ્યો. ચંદુ મહેરિયા નોંધે છેએ યથાર્થ છે કે, "મહાડ જળસત્યાગ્રહ અને મનુસ્મૃતિના દહનથી ડૉ. આંબેડકરે દલિતોના દબાયેલા આક્રોશને પેટાવ્યો. આ બંને ઘટનાઓ દલિતોના સામાજિક ન્યાય માટેના ઐતિહાસિક કાર્યોમાં અત્યંત મહત્ત્વની બની રહી."

**નાસિક સત્યાગ્રહ :**

૨ માર્ચ ૧૯૩૦માં ગાંધીજીએ સવિનય કાનૂન ભંગની લડતનો આરંભ કરેલો એ જ દિવસે ૨ માર્ચ, ૧૯૩૦ના રોજ ડૉ. આંબેડકરે નાસિકના કાલારામ મંદિરમાં દલિતોના પ્રવેશઅધિકાર માટે સત્યાગ્રહનો આરંભ કર્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન ચરિત્રહિન્દી ભાષામાં આલેખનાર વિજયકુમાર પૂજારી યોગ્ય જ નોંધે છે કે, "ગાંધીજી ભારતીયો કી રાજનૈતિક સ્વતંત્રતા કે લિયે સંઘર્ષ કર રહે થે ઔર ડૉ. આંબેડકર અછૂતો કે સામાજિક સ્વતંત્રતા કે લિયે સંઘર્ષ કર રહે થે. દોનો આંદોલન અહિંસાત્મક થે ઔર ઉદ્દેશ્ય મેં સમાન છે.'

ડૉ. આંબેડકરે નાસિકના કાલારામ મંદિરમાં પ્રવેશનો સત્યાગ્રહ બી. કે. ગાયકવાડના નેતૃત્વમાં કર્યો હતો. બીજી માર્ચના રોજ નાસિકમાં દલિતોની એક વિશાળ સભા થઈ. જેમાં સત્યાગ્રહની ઘોષણા કરવામાં આવી. મહારાષ્ટ્રના દલિતો હિન્દુ મંદિરમાં પ્રવેશવાના અધિકાર માટે પાંચ વર્ષથી સંઘર્ષ કરી રહ્યા હતા. ડૉ. આંબેડકર સ્પષ્ટપણે માનતા હતા કે પોતાના ઘરની ગંદકી કાઢવા હજુ જે લોકો તૈયાર નથી તેમને સ્વરાજ માંગવાનો નૈતિક અધિકાર નથી. આઝાદી થોડી મોડી મળશે તો ચાલશે પણ અસ્પૃશ્યતાના મહાકાય પ્રશ્નનો પહેલા ઉકેલ લાવવો જોઇએ.

બપોરે ત્રણ કલાકે સ્વયંશિસ્તમાં શોષિત પીડિતોના સરઘસે કાલારામ મંદિર તરફ પ્રયાણ કર્યું. આગળ બેન્ડ અને પાછળ પાંચસો સત્યાગ્રહી સ્ત્રીઓ સામેલ હતી, એની પાછળ હજારો દલિતોની માનવમેદની. નાસિકના જાહેર રાજમાર્ગમાંથી પસાર થતું આ સરઘસ દર્શનીય હતું. જ્યારે દલિતો કાલારામ મંદિરના રામના દર્શન કરવા ઉત્સુક હતા. સરઘસ મંદિર નજીક પહોંચ્યું ત્યાં તો વ્યવસ્થાપકોએ મંદિરના દરવાજા બંધ કરી દીધા. એથી આ સરઘસ ગોદાવરી નદીના ઘાટ પર સભામાં પરિવર્તન પામ્યું. અહીં સત્યાગ્રહના સોગંધ લેવાયા.

બીજા દિવસે પણ પોલીસના બંદોબસ્ત વચ્ચે મંદિરના દરવાજા બંધ હતા. મંદિરના ચાર દરવાજા દલિત સત્યાગ્રહીઓએ ઘેરી લીધા હતા. અને ભજન-કીર્તન કરતા હતા. સતત એક મહિના સુધી આ સત્યાગ્રહ ચાલ્યો અને રામનવમી આવતા એક સુશોભિત રથ મંદિરની સામે ઊભો હતો. સત્યાગ્રહ સમિતિએ માંગ કરી હતી કે રથને ખેંચનાર એક સવર્ણ સાથે એક દલિત પણ રહેવો જોઈએ, એ બંને મળીને જ રથ ખેંચશે. મેજિસ્ટ્રેટે આ બાબતે બંને પક્ષે સુલેહ કરાવી. પરંતુ હિન્દુ સવર્ણો આ સુલેહનો ભંગ કરી આક્રમણ કરે છે. આ બાજુ સવર્ણ હિન્દુઓ રથને ખેંચીને નાસી જાય છે. દલિતો પર હુમલો થાય છે અને ડૉ. આંબેડકર ઉપર પણ પથ્થરમારો થાય છે. આમ નાસિકમાં સવર્ણ અને દલિતો વચ્ચે ઉગ્ર સંઘર્ષ થવા છતાં સત્યાગ્રહ યથાવત રહે છે.

દલિતોના જુસ્સાના કારણે કાલારામ મંદિરના દરવાજા એક વર્ષ સુધી બંધ રહ્યાં. આ સત્યાગ્રહમાં ગાંધીજીનું સમર્થન મળ્યું ન હતું. છેક ૧૯૩૫માં

દલિતોના મંદિર પ્રવેશનો કાયદો અમલમાં આવ્યો. નાસિકના મંદિર પ્રવેશના અધિકાર માટે ડૉ. બી. આર. આંબેડકરે પાંચ વર્ષ સુધી અદાલતમાં લડત કરીને સફળતા મેળવી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે મંદિર પ્રવેશ માટે મુંબઈના મુંબાદેવી, મહાલક્ષ્મી, ભૂલેશ્વર તેમજ પૂનાના પાર્વતી મંદિર માટે પણ સત્યાગ્રહો કરેલા. એ સત્ય છે કે ડૉ. બી. આર. આંબેડકરે અસ્પૃશ્યતાના નિવારણ માટે પાણી પીવાના અને દેવદર્શનના અધિકાર માંગ્યા હતા અને એ અધિકાર સમાન ધર્મીઓ પાસેથી જ માગ્યા હતા છતાં પણ અધિકારના બદલે પથ્થરો પ્રાપ્ત થયા હતા.

'રહમ કી તુઝ સે તવક્કોથી, સિતમગર નિકલા
મોમ સમજે થે તેરેદિલકોસોપથ્થરનિકલા.'

---

'સિમ્બોલ ઓફ નોલેજ ડૉ. બાબાસાહેબ આંબેડકર' (સંપાદક - ડૉ. સુનીલ જાદવ) પુસ્તકમાં પ્રકાશિત લેખ.



# ૬.
# પથદર્શક પત્રકાર ડૉ. આંબેડકર

ડૉ. બી. આર. આંબેડકરે દલિતોના ઘડતર માટે, ઉત્કર્ષ માટે અને શોષિત-પીડિતોની વાચાને અનુકંપા આપવા માટે પત્રકારત્વ ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપ્યું હતું. ૩૧મી જાન્યુઆરી ૧૯૨૦માં મરાઠી દલિત પાક્ષિક 'મૂકનાયક' શરૂ કર્યું. તેઓ 'મૂકનાયક'ના અંક પર સંત તુકારામની એક અભંગ મુકે છે.

‘કાય કરું આતા ધરુનિયા ભીડ, નિશંક હે તોડ વાજવિલે
નવ્હાજગી કોણી, મુકિયાચાં જાણ, સાર્થક લાજૂન નવ્હે હિત.’

મરાઠીની આ અભંગમાં કહેવામાં આવ્યું છે કે, 'હવે લાજ શરમ રાખીને શું કરું ? મેં મુખ ખોલ્યું છે, તો નિસંદેહ બોલીશ જ. મૌન રહેનાર લોકોનું આ સંસારમાં કોઇ નથી. એ જાણીને જ મેં આ કાર્ય કર્યું છે.' આ અભંગના માધ્યમથી ડૉ. બી. આર. આંબેડકર એ જાહેર કરવા માંગતા હતા કે મૂંગા લોકોની વ્યથા સાંભળવાવાળું કોઇ નથી. પોતાની વ્યથા-પીડા પોતે જ કહેવી પડશે. ડૉ. આંબેડકરે તો ખૂદ પોતે જ પોતાના જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કર્યો હતો. 'મૂકનાયક' શાહૂ મહારાજ તરફથી મળેલી આર્થિક સહાયનું પરિણામ હતું. તેના તંત્રી તરીકે વરાઠના મહાર પાંડુરંગ નંદરામ ભટકર હતા. છતાં બધાને ખ્યાલ હતો કે આ મુખપત્ર ડૉ. આંબેડકરે શરૂ કરેલી ચળવળનું જ ઉદાહરણ છે. તેઓ વિશેષ અભ્યાસઅર્થે વિલાયત ગયા ત્યારબાદ 'મૂકનાયક' બંધ થયું. એપ્રિલ ૧૯૨૩માં મૂકનાયક ત્રણ વર્ષમાં બંધ થાય છે, તે પછી ચાર વર્ષના વિરામબાદ 'બહિષ્કૃતભારત' સામયિક શરૂ કરે છે.

ઇ.સ. ૧૯૨૭માં ડૉ. બી.આર. આંબેડકરે પોતાના તંત્રી પદ હેઠળ 'બહિષ્કૃતભારત' નામનું નૂતન મરાઠી પાક્ષિક શરૂ કર્યું હતું. ડૉ. પી.જી.

જ્યોતિકર નોંધે છે કે, 'બહિષ્કૃત ભારતના પાને પાને ડૉ. આંબેડકરે ઝમકદાર શૈલીમાં આગ ઝરતા અગ્રલેખો લખી અસ્પૃશ્યતાના નાશ માટે લોકમાનસ તૈયાર કરતા હતા. તથા વિરોધીઓને જડબાતોડ જવાબ આપતા હતા. તેઓ લખતા કે અસ્પૃશ્યતાના નાશ માટે પ્રાણની બાજી લગાવી દેવી એ પણ સાચો પુરુષાર્થ છે.'

૩૧મી જાન્યુઆરી ૧૯૨૦ના રોજ શાહૂજી મહારાજના યોગદાનથી મરાઠી દલિત પાક્ષિક 'મૂકનાયક' શરૂ કરે છે. એના તંત્રી લેખમાં નોંધે છે કે, માનવ સમાજ એક નાવ છે, જો એમાંના કોઇ યાત્રી એમાં છેદ કરવાનો પ્રયાસ કરશે તો આખી નાવ જ ડૂબી જશે. 'મૂકનાયક'માં ડૉ. આંબેડકરે લખ્યું કે, બહિષ્કૃત સમાજ પર થઇ રહેલા અને ભવિષ્યમાં થનારા અન્યાય સામેના ઉપાયો શોધવા અને એ માટેના ઉત્તમ મતોની સાચી ચર્ચા માટે સામયિક જેવું ઉત્તમ માધ્યમ એકેય નથી. મુંબઇથી નીકળતા મોટાભાગના સામયિકો કોઇ ચોક્કસ જાતિ-સમુદાયની સેવામાં ચાલતા હોય તેમ જણાય છે. એમાં બહિષ્કૃત વર્ગોના પોતાના સામયિક 'મૂકનાયક'નો જન્મ થયો છે.

ડૉ. આંબેડકર એ સમયે સરકારી કોલેજમાં પ્રોફેસર હતા એથી તંત્રી તરીકેની જવાબદારી વરાઠના મહાર યુવાન પાંડુરંગ નંદરામ ભટકરને સોંપી હતી. પરંતુ સમગ્ર મુખપત્રનો અંતરંગ આત્મા તો ડૉ. બી. આર. આંબેડકર જ હતા. મુંબઇની હરારવાલા બિલ્ડિંગમાં 'મૂકનાયક'નું કાર્યાલય હતું. એ સમયે સામયિક ચલાવવું એ એક મોટો પડકાર હતો. છતાં પણ સમાજને જાગૃત કરવા કપરાકાળમાં પણ શબ્દજ્યોત પ્રજ્જવલિત રાખી હતી. એમણે સમતા, સમાનતા અને બંધુતા સ્થાપિત કરવા અનેક લેખો લખ્યા હતાં. કોઇની પણ શેહશરમ રાખ્યા વગર તટસ્થ સત્ય અને અભ્યાસ સાથે અવાજ ઉઠાવતા રહ્યાં. 'મૂકનાયક'ને વિવિધ વર્ગો તરફથી આવકાર પ્રાપ્ત થતો હતો. પત્રકારત્વમાં આ ક્ષેત્રે ડૉ. બી.આર. આંબેડકરની આગવી અભિવ્યક્તિમાં મૌલિક ચિંતનની સાથે દેશપ્રેમની પણ પ્રતીતિ થતી હતી.

ઇ.સ. ૧૯૨૮માં દે.વિ. નાયક ગોવર્ધન બ્રાહ્મણના તંત્રીપદે 'સમતા' નામનું સામયિક શરૂ કર્યું. પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રવૃત્તિનું ફલક વિસ્તરતા 'સમતા' પર પૂરતું ધ્યાન ન આપી શકાયું અને 'સમતા' બંધ થયું.

ત્યારબાદ ઇ.સ. ૧૯૩૦માં ફરીથી દે. વી. નાયકના જ તંત્રીપદે 'જનતા' સામયિકનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં એ પાક્ષિક હતું. પરંતુ ત્યારબાદ સાપ્તાહિક થયું. ડૉ. આંબેડકરે ઇ.સ. ૧૯૩૦માં 'જનતા' સામયિક શરૂ કર્યું. દલિત સાહિત્યના વિકાસમાં આ સામયિકે અસાધારણ યોગદાન આપ્યું છે. ભારતીય ભાષા સાહિત્યનો વિચાર કરીએ તો કદાચ સૌથી પહેલા મહારાષ્ટ્રના દલિત સાહિત્યનું આંદોલન શરૂ થયું. આજે મરાઠી સાહિત્યમાં દલિત સાહિત્ય એની આગવી ઓળખ ઉભી કરી શક્યું છે.

ઇ.સ. ૧૯૫૬થી 'જનતા'નું નામ બદલી 'પ્રબુદ્ધભારત'રાખવામાં આવ્યું. આ ઉપરાંત અંગ્રેજીમાં ઇકવીલિટી (સમાનતા)ના પ્રકાશનમાં પણ ડૉ. આંબેડકરનું પ્રદાન મુખ્ય હતું. ડૉ. પી. જી. જ્યોતિકર કૃત 'આર્ષદૃષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકર' પુસ્તકના પૃ. ૨૪ પર રત્નાકર ગણવીરના લેખનું વિધાન જોઇએ, 'સૈકાઓથી જેઓને શસ્ત્રો અને શાસ્ત્રોથી વંચિત રાખવામાં આવ્યા હતા તે લોકો માટે ડૉ. આંબેડકરનું પ્રખર પત્રકારિત્વ એક પ્રેરણાસ્રોત સમાન હતું. તેઓ ધ્યેયવાદી ઝુંજાર લડાકૂ પત્રકાર હતા.' એજ પાનાં પર ડૉ. પાનતાવણે ગંગાધર કૃત 'પત્રકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર' માનું વિધાન જોઇએ, 'અભિવ્યક્તિના આશક એવા ડૉ. આંબેડકર કહેતા કે, ભાવિ ઉન્નતિ તેમજ તેના માર્ગની સાચા સ્વરૂપની ચર્ચા માટે વર્તમાનપત્રો જેવું અન્ય કોઇ સ્થળ નથી. વળી વિચારશીલતા એ માનવીની મોટી મિરાત છે.'

ડૉ. બી.આર. આંબેડકરે એમના જીવનમાં જુદા-જુદા તબક્કે કુલ પાંચ સામયિકો ચલાવ્યાં હતાં.

૧. 'મૂકનાયક', ૧૯૨૦ (જાન્યુઆરી, ૧૯૨૦ થી એપ્રિલ-૧૯૨૩)

૨. 'બહિષ્કૃત ભારત', (૩ એપ્રિલ, ૧૯૨૭ થી ૧૯૨૯)

૩. 'સમતા', (૨૯, જુન, ૧૯૨૮ થી ૧૯૨૯)

૪. 'જનતા', (૨૪ નવેમ્બર, ૧૯૩૦ થી ૪, ફેબ્રુઆરી ૧૯૫૬)

૫. 'પ્રબુદ્ધ ભારત', (૧૪ ઓકટોબર, ૧૯૫૬ થી ૧૯૫૮)

કુલ સાડા ત્રણ દાયકા સુધી પત્રકારત્વક્ષેત્રે એમણે માતબર પ્રદાન કર્યું હતું. તેઓ દલિત પત્રકારત્વના પ્રેરણાસ્રોત બની રહ્યાં. એમના પત્રકારત્વની

છાયામાં અન્ય દલિત સામયિકો પણ ફૂલતાં ફાલતા રહ્યાં, દલિત લેખક-પત્રકાર ડૉ. શ્યૌરાજસિંહ બેચૈનના જણાવ્યા મુજબ 'ડૉ. આંબેડકર યુગ દરમિયાન ૫૦ જેટલાં દલિત સામયિકો પ્રગટ થતાં હતાં. અહીં ખાસ નોંધવા જેવી વાત છે કે, માત્ર શરીરથી જીવિત, મનથી મૃતઃપાય બહિષ્કૃતોના મન-હૃદયમાં આગ પ્રગટાવવાનું કાર્ય ડૉ. આંબેડકરે પત્રકારત્વ દ્વારા કર્યું હતું.'

'પત્રકારત્વ અને ડૉ. આંબેડકર' ગ્રંથમાં નટુભાઇ પરમાર નોંધે છે કે, ૧૯૨૦ થી પોતાના જીવનના અંતિમ પ્રવાસ સુધી, ડૉ. બાબાસાહેબે ૩૯ વર્ષના સુદીર્ઘકાળ સુધી અસ્પૃશ્યો માટેના કાંટાળા પથ સમા પત્રકારત્વની સફર પારાવાર પડકારો અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ સફળતાપૂર્વક ખેડી હતી. સત્યની રાહ પર ચાલતા, પોતાના ગરીબ દલિત સમાજના શ્રેય અર્થે, એકલપંડે, ડૉ. બાબાસાહેબ જે રીતે ઝઝૂમ્યા છે, તે ભારતીય દલિત પત્રકરાત્વની એક બેમિસાલ ઘટના છે. ડૉ. બાબાસાહેબે લેખીની દ્વારા અક્ષરો નહીં પણ આગ ઠાલવી છે. આજે ભારતભરમાં સર્વત્ર દલિત સાહિત્ય અને પત્રકારત્વની જ્યોતિ સામયિકો- પત્રોના માધ્યમથી ઝળહળી રહી છે, તેના નેપથ્યમાં ડૉ. બાબાસાહેબનું પત્રકારત્વ અને એક નીડર પત્રકાર તરીકે તેમણે આપેલું યોગદાન કારણભૂત રહ્યું છે.' (પૃ.૧૪)

ડૉ. આંબેડકરે પત્રકાર તરીકે જે સામયિકો ચલાવ્યા એમાં દલિતોના હક અને અધિકારની જ જીકર હતી. આર્થિક મુશ્કેલી અને પ્રતિકૂળ પરિબળો વચ્ચે પણ શોષિત - પીડિતોની વેદનાને વાચા આપવા એમના ખમીરને જાગૃત કરવા અજ્ઞાનના અંધકારમાંથી બહાર લાવવા એમણે નીડર પત્રકાર તરીકેની ભૂમિકા અદા કરી હતી.

---

તા. ૧૩-૦૪-૨૦૧૬ ના રોજ જવાહર નવોદય વિદ્યાલય, વડનગરમાં આપેલું વક્તવ્ય.



# ૭.
# ડૉ. આંબેડકરનું સામાજિક રાજકીય ચિંતન

ડૉ. બાબાસાહેબ આંબેડકરને બાળપણથી જ જાતિભેદના કડવા અનુભવો થયેલા, અપમાન અને અવહેલનાનો અનુભવ ડગલે ને પગલે થયો હતો. સમાજમાં પ્રવર્તમાન આવી અસામાજિક વ્યવસ્થાને તોડવા માટે સતત સંઘર્ષરત રહ્યાં. તેઓ ધર્મને ઢાલ બનાવીને બૌદ્ધિક છળકપટ કરીને કુશળતાપૂર્વક એકવર્ગને હાંસિયામાં ધકેલી દેતી વર્ણ આધારિત વ્યવસ્થાના બંધનને તોડવા કટિબદ્ધ હતા. અસ્પૃશ્યતાના કલંકનો સામનો શાળામાં બાળકોની બાજુમાં બેસતી વખતે, બાળકો સાથે ખેલ-કૂદના પ્રતિબંધ વખતે, દૂર બેઠા-બેઠા રમતમાં વ્યસ્ત બાળકોને નીહાળતી વખતે, તરસ લાગતી ત્યારે અન્યની મદદથી દૂર થી હાથનો ખોભો ધરીને ઊંચેથી પાણીને પીતી વખતે, વાણંદે વાળ કાપવાની મનાઇ કરી એ વખતે, પૂરતું ભાડું ચૂકવવા છતાં ગાડામાં બેસવાની મનાઇ કરવામાં આવી એ વખતે, સંસ્કૃત ભણવાની ઇચ્છા હોવા છતાં ન ભણી શક્યા એ વખતે, પારસી વીસીમાં સમાન ફેંકી દેવાયો એ વખતે, ટેબલ પર દૂરથી ફેંકવામાં આવતી ફાઇલો વખતે ક્ષણ-ક્ષણ જાતિભેદનું ઝેર પીવું પડેલું.

મંદિરમાં, કૂવા-તળાવમાં, જાહેર રસ્તા પર મૂકાયેલા પ્રતિબંધે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્વાભિમાનને ઝંકૃત કરી દીધું હતું. આવી વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ એમણે પોતાની વિદ્યાયાત્રા અવિરત રાખી હતી. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવી, વડોદરા રાજ્યમાં 'મિલેટ્રી સેક્રેટરી'ના પદ પર નિયુક્ત થવું, સિડનહામ કોલેજ, મુંબઈમાં અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર તરીકે પસંદ થવું, લંડન યુનિવર્સિટીમાંથી એમ.એસ.સી., ડી.એસ.સી. અને બાર-એટ-લોની પદવી

પ્રાપ્ત કરવી, 'ભારતમાં રૂપિયાની સમસ્યા' વિષયે શોધપ્રકલ્પ લખીને બ્રિટિશ સરકારના શાસનને વિશ્વના મંચ પર ઉજાગર કરી ઉજ્જવળ ભવિષ્યની તમામ સંભાવના છતાં મુંબઇ હાઇકોર્ટમાં વકીલાત શરૂ કરી અને દેશના વંચિત સમુદાયને મુખ્યધારામાં લાવવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

ડૉ. આંબેડકરને અર્થશાસ્ત્રી, જજ, પ્રોફેસર, પ્રિન્સિપાલ તરીકેની પ્રાપ્ત બધી જ તકો હતી છતાં એનો ત્યાગ કરીને માત્ર વંચિતોના હક અને અધિકારના કાર્યને જ એમણે પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું. સામાજિક અસમાનતા દૂર કરીને માનવઅધિકારની પ્રતિષ્ઠા કરવી એમનું લક્ષ્ય હતું. એ માટે એમણે હિન્દુ સમાજમાં જાતિપ્રથાનું નિર્માણ કેવી રીતે થયું, ક્યાંથી થયું, કેટલા સમયથી છે, તેના નિવારણ માટે કોણે-કોણે પ્રયત્નો કર્યા છે. અને એમાં શા માટે સફળતા મળી નથી, એનું મૂલ્યાંકન કર્યું. તેઓ સ્પષ્ટ કહેતા કે, 'અસ્પૃશ્યતા એ સમગ્ર માનવ સમાજ ઉપર કલંક સમાન છે. અને એ દૂર કરવાનું કાર્ય પણ અસ્પૃશ્યોએ ખૂદ જ કરવું પડશે.'

વિશાળ અધ્યયન અને ગહન ચિંતન કરનારા સામાજિક ચળવળકારોમાં, ભારતીય વિચારકોમાં ડૉ. આંબેડકરનું નામ અગ્રિમ પંક્તિમાં આવે છે. તેમણે જીવનકાળ દરમિયાન તેમના ઊંડાચિંતનના પરિપાકરૂપે વિપુલ પ્રમાણમાં સંશોધનાત્મક સાહિત્ય આપણને આપ્યું છે. જેમાંનું મોટાભાગનું ગ્રંથસ્થ થયું છે.

સામાજિક એકતા માટે એમણે સમાજના નીચલા સ્તરના લોકોને એકસૂત્રે સંગઠિત કરવા આજન્મપ્રયત્ન કર્યા હતા. એ માટે' બહિષ્કૃત હિતકારીણી સભા', 'મહાડ તળાવ સત્યાગ્રહ', 'સમતા સૈનિકદળ', 'મનુસ્મૃતિની હોળી, 'પુના પાર્વતી મંદિર સત્યાગ્રહ', 'કાળારામ મંદિર સત્યાગ્રહ', 'ધર્માતરણની ધોષણા', 'સ્વતંત્ર મજૂર પક્ષ', 'સફાઈ કામદાર મંડળ', 'ઓલ ઈન્ડિયા શેડયુલ્ડ કાસ્ટ ફેડરેશન', 'શેડ્યુલ્ડ કાસ્ટ ઈમુવમેન્ટ ટ્રસ્ટ', 'ભારતીય બૌદ્ધ મહાસભા', 'ભારતીય રિપબ્લીક પક્ષ' વગેરે સંસ્થાઓ અને સત્યાગ્રહો કર્યા હતા. સમાજમાં વ્યાપ્ત ઊંચ-નીચન દૂષણને દૂર કરવા સતત સંઘર્ષશીલ રહ્યાહતા. એમણે કહ્યું હતું કે સમાનતા સામાજિક સ્તરે થવી જોઈએ અને આર્થિક અસમાનતા દૂર થવી જોઈએ. અહીં સ્પષ્ટ જોઈ શકાય છે

કે એમનું સામાજિક અને રાજકીય ક્ષેત્રનું ચિંતન આર્થિક વિચારોથી પ્રભાવિત હતું. એમને મન સામાજિક સમાનતાએ જ સ્વતંત્રતા હતી. તેઓ દઢપણે માનતા હતા કે લોકતાંત્રિક, ન્યાયિક અને સમાનસમાજ પ્રસ્થાપિત થવો જોઈએ. ભારતમાં લોકતાંત્રિક સમાજ ત્યારે જ શક્ય બનશે જ્યારે નીચલા વર્ગના લોકો તેમના મૂળભૂત અધિકારો વાસ્તવિક રીતે મેળવશે. સામાજિક સંરચનાના સંદર્ભમાં ગાંધીજી અને આંબેડકર સાથે અને સામે રહ્યાં છે. ઈ. સ. ૧૯૧૫માં ગાંધીજી અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં સ્વતંત્રતા અને સામાજિક પરિવર્તન માટે પ્રયત્નો આરંભે છે. ત્યારે ૧૯૧૬માં ડૉ. આંબેડકર અમેરિકાની યુનિવર્સિટીમાં જ્ઞાતિ વિશે નિબંધ લખીને હિન્દુ ધર્મના અમાનવીય ચહેરાને ખુલ્લો પાડે છે. આ એમના સામાજિક પરિવર્તન માટેના આંદોલનના મંડાણ હતા. જ્ઞાતિપ્રથાના નિર્મૂલન માટે સતત સંઘર્ષ કરનાર ડૉ. આંબેડકર સામાજિક અન્યાયની વ્યવસ્થાને પણ દૂર કરવા માંગતા હતા.

ડૉ. આંબેડકરને વિશેષતઃ સામાજિક ઉદ્ધારક અને બંધારણના ઘડવૈયા તરીકે જ ઓળખવામાં આવે છે. પરંતુ એ એમની સિમિત ઓળખ છે. વાસ્તવિકતાતો એ છે કે તેઓ અર્થશાસ્ત્રના છાત્ર હતા એથી એમણે આ વિષયે જે ચિંતન અને મંથન કરેલું તે પણ મહત્ત્વનું છે. એમના આર્થિક વિચારો સામાજિક અને રાજકીય ચિંતનના પરિણામરૂપ હતા.

ભારતીય ન્યાય પ્રણાલીના સંદર્ભમાં ડૉ. આંબેડકરે મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. લંડનમાંથી કાયદાશાસ્ત્રની બાર-એટ-લૉની પદવી પ્રાપ્ત કરી અને એ જ્ઞાન કાનૂનના પ્રોફેસર બનીને વ્યવહારિક રૂપમાં લોકોની સામે મૂકી આપ્યું કાયદાશાસ્ત્રના પારંગત વિદ્વાન આંબેડકરનું ન્યાય દર્શન ઐતિહાસિક, લૌકિક,  સામાજિક તેમજ યથાર્થવાદી સિદ્ધાંતોને પ્રસ્થાપિત કરનારું છે.

ડૉ. આંબેડકર પોતાના વિચારોમાં શિક્ષણ ઉપર પણ વિશેષ ભાર મૂકતા હતા. કારણકે તેઓ સામાજિક અને આર્થિક સંઘર્ષ કરીને આગળ આવ્યા હતા. તેઓ સામાન્ય માણસની સમસ્યાઓથી પૂર્ણ રીતે વાકેફ હતા. તેઓ મુંબઈની ચાલીમાં રહેતા હતા અને મિલ મજૂરો, છૂટક મજૂરોના જીવન સંઘર્ષને માત્ર જોયો ન હતો અનુભવ્યો પણ હતો. આથી જ તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે શિક્ષણ વિના શોષિતોની ગરીબી દૂર થઈ શકે તેમ નથી. તેઓ

ગરીબીને મોટો અભિશાપ માનતા હતા. શિક્ષણ અંગે તેમણે કરેલી દલીલો અને વિચારોએ ભારતીય બિનસાંપ્રદાયિક શિક્ષણ પદ્ધતિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના મતે શિક્ષણને સસ્તુ બનાવવું જોઈએ અર્થાત્શિક્ષણ પ્રત્યેક માણસની પહોંચની અંદર હોવું જોઈએ. શિક્ષણના વ્યાપારીકરણની ઉપર નિયંત્રણ હોવું જોઈએ અને શિક્ષણની જોગવાઈઓમાં રાજયની જવાબદારી વિશેષ હોવી જોઈએ. આવશ્યક સેવાઓ જેવી કે શિક્ષણ, જાહેર આરોગ્ય, તબીબી રાહત અને પાણીપુરવઠાની જવાબદારી રાજયે ઉપાડવી જોઈએ. ગરીબ વિદ્યાર્થી માટે રાજયે શિષ્યવૃત્તિ કરતા યોગ્ય વાતાવરણ પૂરુ પાડવું જોઈએ. જેમાં વિશ્વવિદ્યાલયોનું કાર્ય માત્ર પરીક્ષાની યાંત્રિકપ્રક્રિયા પૂરતું જ મર્યાદિત નથી. સામાજિક પરિવર્તન, જ્ઞાન અને નવાવિચારોને આગળ લઈ જવામાં તેની ભૂમિકા મહત્ત્વ પૂર્ણ છે. તેમના મતે યુનિવર્સિટી સંશોધનને ઉત્તેજન આપવામાં કે ઉચ્ચશિક્ષણને આગળ ધપાવવામાં જો પરીક્ષા પદ્ધતિને જ પોતાના અસ્તિત્વનું સર્વસ્વ બનાવી દે તો એને સફળતા મળે નહિ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર જાતિ વ્યવસ્થાને દૂર કરવા આજીવન પ્રવૃત્ત રહ્યા. ડૉ. આંબેડકર સાચા કર્મશીલ હતા, તેઓ સરમુખત્યારશાહી વગર સમાજવાદ લાવવાના હિમાયતી હતા. ઉદ્યોગ અને  કૃષિની સાથે-સાથે વીમા ક્ષેત્રે પણ રાષ્ટ્રીયકરણની વાત કરનાર તેઓ પ્રથમ હતા. એમનું સ્પષ્ટ માનવું હતું કે પાયાના  અને ચાવીરૂપ ઉદ્યોગો રાજ્યહસ્તક રહેવાં જોઇએ.

સામાજિક અને આર્થિક લોકશાહી દ્વારા અર્થતંત્રને ચેતનવંતુ બનાવવા માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા છે. ગરીબ-શોષિત પ્રજાના થતા શોષણ વિશે ચિંતિત હતા. તેઓ કહેતા કે સમાજતંત્ર અને અર્થતંત્રમાં જયાં સુધી ધરખમ ફેરફાર નહીં થાય ત્યાં સુધી માળખાગત પરિવર્તન સંભવ નથી, તેમજ દેશનો વિકાસ પણ સંભવ નથી. કામના ૮ કલાકો, હક્કરજા, પ્રોવિડન્ટફંડ, કેજયુઅલલીવ, અકસ્માતમાં વળતર, ખાણોમાં કામ કરતા કામદારોની સલામતી, ભૂગર્ભમાં સ્ત્રીકામદાર પર પ્રતિબંધ, બાળકોને શિક્ષણ, તબીબી સારવાર અને વીમાયોજના વગેરે કામદારોને મળતી સવલતોએ એમના જ પ્રયત્નનું પરિણામ છે.

ડૉ.આંબેડકરે જીવન પર્યંત બહુજનસમાજની ચિંતા કરી. બંધારણ નિર્માણ નિમિત્તે એમણે આ સમાજને અધિકારો આપ્યા. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વર્ગને આ અધિકારને કારણે જ છાત્રાલયમાં પ્રવેશ, સ્કૂલ કોલેજમાં પ્રવેશ, સ્કોલરશીપ, ફ્રીશીપ, ઈન્ટરવ્યુ વખતે મફત મુસાફરી પાસ, નોકરીમાં પાંચવર્ષની છૂટછાટ તેમજ નોકરી, પ્રમોશન, રાજકીય ઉમેદવારીમાં અનામત તથા  વિવિધ લોનની સુવિધાએ એમના પ્રયત્નનું પરિણામ છે. આ બધા અધિકારો અવિરત સંઘર્ષથી જ મેળવેલા હતા.

ડૉ. આંબેડકરે અસ્પૃશ્યતા નિવારણની સમસ્યાને એક નવી દિશા આપી હતી. પોતાના  સમર્થ પ્રયાસથી તેમણે સમગ્ર દેશનું ધ્યાન દોર્યું. જેથી આ જે મંદિર, તળાવ, કૂવાઓ, જાહેર સ્થળો પર શોષિત-પીડિતોનો પ્રવેશ સરળ બન્યોછે. શિક્ષણ અને રોજગારીની તકો પણ વિકસી છે. હજુ પણ સામાજિક વિષમતાએ પૂર્ણ વિદાય લીધી નથી. એમણે કહેલું કે, 'મારા અધૂરા રહેલા કાર્યને પૂર્ણ કરવા જીવન ન્યોછાવર કરજો 'પરંતુ દલિત સમાજમાં પણ વર્ણ-વર્ગના ભેદભાવને કારણેઆલડાઈમંદપડી. ઈર્ષા, દ્વેશ અને સ્વાર્થ નીતિને કારણે  અને રાજનીતિની લડાઈને કારણે અસમાનતા આજે પણ યથાવત રહી છે.

દેશમાં પ્રત્યેક ચાર વ્યક્તિએ એક દલિત શોષિત છે. જે હજુ પણ વિકાસની તકથી વંચિત છે, યા તો દૂર છે. ડૉ. આંબેડકરે આ સંદર્ભે આપેલી ચેતવણી આજે સાચી લાગે છે. ડૉ. આંબેડકર માનતા હતા કે, માત્ર રાજકીય લોકશાહી પર્યાપ્ત નથી. સામાજિક લોકશાહી અને આર્થિક લોકશાહીની ગેરહાજરીમાં રાજકીય લોકશાહી અર્થહીન છે. ભલે આપણે જ્ઞાતિ અને ધર્મ સંપ્રદાયથી જુદા હોઇએ પરંતુ દેશના નાગરિક તરીકે પ્રજા તરીકે એક હોઇશું તો જ સંગઠિત થઇને દેશના વિકાસને ગતિમાન કરી શકશું. એમના આ વિચારની આજના સમયમાં તાતી જરૂરિયાત છે.

ડૉ.આંબેડકરના સ્વપ્નનું ભારત ફ્રેન્ચ ક્રાંતિના ત્રણ સિદ્ધાંત પર નિર્ભર હતું. 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ' એમણે ભારતના સંદર્ભમાં સામાજિક લોકશાહી અથવા સામાજિક ન્યાયને ટેકો આપે એવી લોકશાહી સમાજવ્યવસ્થા તરીકે ઓળખાવી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારતને આઝાદી પ્રાપ્ત થયા બાદ શક્ય એટલી વહેલી તકે લોકશાહીની સ્થાપના થાય એવું ઈચ્છતા હતા. લોકશાહીના ઉગ્રહિમાયતી ડૉ. બી. આર. આંબેડકર લોકશાહીમાં પણ સંસદીય લોકશાહીના સમર્થક હતા. ભારતે આઝાદી પ્રાપ્ત કરી ત્યારે અમેરિકા ઘણા સમયથી સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્વ ધરાવતું હતું. અમેરિકામાં પ્રમુખીય લોકશાહી અસ્તિત્વ ધરાવતી હતી. ડૉ. બી. આર. આંબેડકરે સંસદીય લોકશાહીની સ્થાપના માટેની હિમાયત એટલા માટે કરી હતી કે તેમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા વડાપ્રધાનની નિમણૂંક થતી હતી. સંસદમાં પૂછાતા પ્રશ્નોના ઉત્તરો પણ જવાબદારી પૂર્વક આપવા પડે છે. પરિણામે તેઓ સંસદ પ્રત્યે જવાબદાર રહે છે. આજે પણ આપણે ડૉ. આંબેડકરે જે સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યો હતો તેને જ શ્રેષ્ઠ વ્યવસ્થા તરીકે જોઈ શકીએ છીએ. તેમણે સંસદીય લોકશાહી વ્યવસ્થામાં અસરકારક વિરોધ પક્ષની હિમાયત કરી હતી. સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે પાતળી બહુમતી હોવાથી હંમેશા સત્તાધારી પક્ષ પોતાની કામગીરી અસરકારક બને તે માટે પ્રયત્નશીલ રહે છે. આમ, મજબૂત વિરોધ પક્ષની હાજરીને કારણે સત્તાધારી પક્ષે કોઈ પણ નિર્ણય કરતાં પહેલા વિરોધ પક્ષને વિશ્વાસમાં લેવો પડે છે.

ડૉ. આંબેડકર લોકશાહીનો એક જીવન પદ્ધતિ તરીકે સ્વીકાર કરવા ઉપર ભાર મૂકતા હતા. લોકશાહીએ એવી વ્યવસ્થા છે જેમાં દરેક વ્યક્તિ પોતાનો અવાજ રજૂ કરી શકે છે. લોકશાહીમાં શાંતિમય સાધનો દ્વારા સરકારની ફેરબદલી કરી શકાય છે. ડૉ. બી. આર. આંબેડકર લોકશાહીમાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા ઉપર વિશેષ ભાર મૂકતા હતા. લોકશાહીનો સ્વીકાર કર્યા પછી પણ જ્યાં સુધી સમાજમાં સામાજિક-સમાનતા ન આવે ત્યાં સુધી લોકશાહી અર્થ વગરની છે.

આઝાદીની શરૂઆતના તબક્કાને બાદ કરતાં છેલ્લા ત્રણેક દાયકા દરમ્યાન સમાજના પછાત વર્ગોના લોકોની રાજકીય ભાગીદારીમાં ઉત્તરોત્તર પ્રગતિ જોવા મળી છે. છેલ્લા બે દાયકામાં અનેક જગ્યાએ બંધારણીય હોદ્દાઓ પર પણ સમાજના પ્રત્યેક વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ વધ્યું છે.

સમાજના નબળા વર્ગના લોકો પણ હવે તો રાજકીય પક્ષોની સ્થાપના કરીને પોતાનું પ્રતિનિધિત્વ વધુ વ્યાપક બનાવવાનો પ્રયત્ન કરે છે. સાચી લોકશાહી ત્યારે જ અસ્તિત્વમાં આવી શકે જયારે સમાજના બધા જ વર્ગોના લોકોને પોતાનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત થતું હોય. ડૉ. બી. આર. આંબેડકરને જયારે ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી ત્યારે એ વાતની ચિંતા સતાવતી હતી કે જ્યાં સુધી સામાજિક અને આર્થિક સ્વતંત્રતા નહિ મળે ત્યાં સુધી રાજકીય સ્વતંત્રતા અર્થ વગરની રહેશે. જો કે આઝાદી પ્રાપ્ત કર્યા પછી ઠીક ઠીક પ્રમાણમાં સામાજિક સ્વતંત્રતા મળી શકી છે.

બંધારણ દ્વારા સમાજના પછાત વર્ગો માટે જે સંસદમાં અનામત બેઠકો ફાળવવામાં આવી તેના પરિણામે આ વર્ગોના પ્રતિનિધિઓ ચૂંટાઈને આવે છે. એ પ્રતિનિધિઓ તેમના  સમાજને થઈ રહેલા અન્યાયોની સંસદમાં રજૂઆત કરી શકે છે. આજે આપણે એમ કહી  શકીએ કે સમાજમાં જે પછાત વર્ગોના લોકો માટે તેમણે રાજકીય અનામત રાખવા ઉપર ભાર મૂક્યોહતો. તેના પરિણામે આ વર્ગોના પ્રતિનિધિઓ તેમના સમાજને થતા અન્યાયોની રજૂઆત સારી રીતે કરી શકે ડૉ. આંબેડકરે લોકશાહીમાં વધારે રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવે તેના ઉપર ભાર મૂકયો હતો. શરૂઆતના વર્ષમાં એક જ પક્ષ અસ્તિત્વ ધરાવતો હતો. આઝાદીના બે દાયકા પછી ધીરે ધીરે જુદા જુદા રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવવા લાગ્યા. તેઓ માનતા હતા કે લોકશાહીમાં જેટલા વધારે રાજકીય પક્ષો હોય તેટલી વધુ પ્રમાણમાં વિચારધારાઓ અસ્તિત્વમાં આવે છે. પરિણામે દરેક રાજકીય પક્ષો પોતાના વિચારો, કાર્યક્રમો દ્વારા લોકોને પોતાની તરફેણમાં લાવી શકે આમ ડૉ. બી. આર. આંબેડકરે બહુ દલીય વ્યવસ્થાની હિમાયત કરી હતી

સમગ્ર રીતે જોતા આજના અંધકારમય વાતાવરણમાં ડૉ. આંબેડકર એક દીપસ્તંભ જેવા લાગે છે. રાષ્ટ્રીય પ્રશ્નો અને સામાજિક સ્થિતિને લગતી બાબતોમાં ભારતની મોટાભાગની પ્રજાઘોર અજ્ઞાનમાં છે. મોટાભાગની પ્રજાસુશિક્ષિત નથી. જે શિક્ષિત છે' -એ સુસંગઠિત પણ નથી.

આમ, ડૉ.આંબેડકરએ વ્યક્તિ માત્ર નહીં પણ એક શાશ્વત વિચાર છે. ભારતના અતીત, વર્તમાન અને ભવિષ્ય સાથે અખંડિત રીતે જોડાયેલા તે એક

આદર્શ છે. એમના યુગકાર્યને પ્રગટ કરનારું આવિધાન આપણે સૌએ ધ્યાનમાં રાખવાની જરૂર છે. "અમારા સત્યાગ્રહમાં (બ્રાહ્મણસહિત) કોઈ પણ વ્યક્તિ ભાગ લેવા સ્વતંત્ર છે.પછી તે વ્યક્તિ ગમે તે જ્ઞાતિની હોય. અમારા કાર્યમાં તો તત્ત્વનિષ્ઠાથી પ્રેરિત થઈને જે આગળ આવશે તેનો અમે આભાર માનીશું." આ વિધાન એમના બહુ આયામી સામાજિક ન્યાય-ચિંતનને પ્રગટ કરે છે.

---

તા. ૨૭-૧૧-૨૦૧૫ના રોજ દૂરદર્શન, અમદાવાદ 'સામાજિક ન્યાય' શ્રેણી અંતર્ગત ડો. પી. જી. જ્યોતિકર સાથે થયેલા વાર્તાલાપ. તજજ્ઞના વિષય સંલગ્ન સંવાદને આ લેખમાં ખપમાં લીધા છે.



# ૮.
# બંધારણ અને ડૉ. આંબેડકર

ભારત દેશની આઝાદી પછી બંધારણનું પ્રારૂપ અને શાસનનું સ્વરૂપ કેવું હોઇ શકે એ સંદર્ભમાં વિચાર-વિમર્શ કરવા બ્રિટિશ સરકારે 'કેબિનેટ મિશન'ની રચના કરી હતી. કેબિનેટ મિશન પ્રમાણે બંધારણરચના સભાની ચૂંટણી શરૂ થઇ ગઇ હતી. ડૉ. આંબેડકરે બંગાળ વિધાનસભામાંથી પોતાનું ઉમેદવારી પત્રક ભર્યું હતું. અનુસૂચિત જાતિ માટે કોઇ અલગ જગ્યા ન હતી. ૨૭ હિન્દુ અને ૩૩ મુસ્લિમ પ્રતિનિધિની પસંદગી તેમાંથી થવાની હતી. ડૉ. આંબેડકર માટે આ ચૂંટણી જીતવી ખૂબ જરૂરી હતી. કોંગ્રેસે એમને હરાવવા માટે પૂરી તાકાત લગાવી દીધી હતી. જોગેન્દ્રનાથ મંડળ, બુદ્ધસિંહ, બચ્ચુસિંહ, કરપાલસિંહ પોતાના નેતાને જીતાડવા પૂરા પ્રયત્ન કરી રહ્યાં હતા. તો બીજી બાજુ વિરોધીઓ 'બંધારણસભાનાં બારણાં તો શું, બારીઓ અને જાળિયાં પણ મેં બંધ કરાવી દીધાં છે. જોઇએ છીએ કે હવે આંબેડકર ક્યાંથી તેમાં પ્રવેશ કરે છે.' છતાં પણ અપક્ષ ઉમેદવાર તરીકે સૌથી વધુ મત મેળવી વિજયી થયા. એમણે પોતાની આ જીતને સમગ્ર દલિત સમાજની જીત ગણાવી હતી, અને જીવનની અંતિમ ક્ષણ સુધી પોતાના વર્ગના લોકોના હક અધિકાર માટે લડતા રહેશે એ પ્રતિજ્ઞાને પુનઃ દોહરાવી હતી.

૨૯ ઑગષ્ટ, ૧૯૪૭ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષપદે ૭ સભ્યોની બનેલી એક મુસદ્દા સમિતિની રચના કરાઇ. આ સમિતિએ દુનિયાના બંધારણોનો તલસ્પર્શી અભ્યાસ કરી એમાંના સારાં તત્વો, મુદ્દાઓ સ્વીકારીને ભારતની સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિને અનુરૂપ એક મુસદ્દો તૈયાર કર્યો.

બંધારણ ઘડતરની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ યોગદાન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું રહ્યું હતું. ઉપરાંત શ્રી કૃષ્ણસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, ક.મા.મુનશી, ટી.ટી. કૃષ્ણમાચારી, સર બી.એન. રાવ, કે.ટી. શાહ, મહાવીર ત્યાગી, એચ.એન. કુંઝરું, જયપાલસિંહ તેમજ મહિલા સભ્યમાં શ્રીમતી દુર્ગાબાઇ પણ સમિતિમાં સામેલ હતા.

બંધારણ ૨૬ નવેમ્બર, ૧૯૪૯માં તૈયાર કરીને બંધારણસભાએ ત્રણ વાચનમાંથી પસાર કરીને સ્વીકારી લીધું. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદની કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પસંદગી થઇ  અને તેમણે તે ખરડા ઉપર સહી કરી. આમ કુલ ૩૯૫ કલમો પરિશિષ્ટવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબુ બંધારણ અસ્તિત્વમાં આવ્યું. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ થી બંધારણના અમલનો પ્રારંભ થયો. આ દિવસ સમગ્ર ભારતમાં ગણતંત્ર કે પ્રજાસત્તાકદિન તરીકે ઉજવાય છે. ડૉ. રાજેન્દ્ર પ્રસાદે એ સમયે કહેલા શબ્દો ખૂબ મહત્ત્વનાં છે. 'હવે ભારતમાં કોઇ રાજા નથી અને કોઇ પ્રજા નથી, બધા રાજા છે અને બધા પ્રજા છે.'

સ્વતંત્ર ભારત દેશના પ્રથમ પ્રધાનમંડળમાં ડૉ. આંબેડકર કાયદામંત્રી બન્યા હતા. કોંગ્રેસ અને ગાંધી સાથેના તેમના બે દાયકા જૂના મતભેદ હતા છતાં પણ જવાહરલાલ નહેરુએ તેમને વ્યક્તિગત રીતે મંત્રીમંડળમાં સામેલ થવાનું નિમંત્રણ આપ્યું હતું. એટલું જ નહીં પણ મંત્રીમંડળના નેતાઓએ તેમને બંધારણ રચના સમિતિના અધ્યક્ષ તરીકે પસંદ કર્યા હતા.

૨૯મી ઑગષ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણ સમિતિએ મુસદ્દો તૈયાર કરવા એક સમિતિની રચના કરી. સંવિધાન ઘડતરમાં મદદરૂપ થાય તે માટે ૧૦ અને વિચાર વિમર્શ કરવા ૧૨ સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું હતું. ૫, નવેમ્બર ૧૯૪૮ના રોજ બંધારણનો ઢાંચો સભાને અર્પણ કર્યો ત્યારે સંસદ ભવનમાં પોતાના વિચારો પ્રસ્તુત કરતા કહ્યું કે, 'હું દલિત વર્ગના હિતોના રક્ષણ માટે બંધારણસભાનો સભ્ય બન્યો હતો. મને જ્યારે બંધારણ રચના સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. બંધારણસભા અને મુસદ્દા સમિતિએ મારામાં વિશ્વાસ મૂકીને મારી

પાસેથી જે મોટું કામ કરાવ્યું છે એ બદલ હું સૌ પ્રત્યે મારી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.'

બંધારણસભાના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્રપ્રસાદની વરણી કરવામાં આવી હતી. ૧૯૪૬માં બંધારણસભા બોલાવવામાં આવી જેમાં ડૉ. એમ.આર. જયકરે કહ્યું કે, 'જ્યાં સુધી મુસ્લિમ લીગ અને ભારતીય રજવાડાંઓને પ્રતિનિધિરૂપે બંધારણસભામાં દાખલ નહીં કરો ત્યાં સુધી કોઇ પણ પ્રસ્તાવ પર વિચાર થઇ શકશે નહીં.' અને જવાહરલાલ નેહરૂના બંધારણસભાના કાર્યની ભૂમિકાના પ્રસ્તાવને મુલતવી રાખવા સૂચન કર્યું. એ સમયે ડૉ. બાબાસાહેબ આંબેડકરે પ્રભાવક રીતે પોતાની વાત રજૂ કરી અને ઉપસ્થિત સૌ કોઇએ એક સૂરે સ્વીકારી. ડૉ. આંબેડકરના ઐતિહાસિક પ્રવચનની પ્રસંશા કરતાં બીજા દિવસે દૈનિકપત્રોએ 'અખંડ ભારતના હિમાયતી ડૉ. આંબેડકર' શીર્ષક સાથે નોંધ લેવામાં આવી હતી.

બંધારણ સભામાં અનેક જટિલ પ્રશ્નોનો સામનો કરવો પડતો હતો. શસ્ત્ર રાખવાના અધિકાર વિશે, ધાર્મિક-વ્યક્તિગત કાનૂન વિશે, આદિવાસીના અધિકાર વિશે, દારૂબંધી વિશે, શાળામાં ધાર્મિક શિક્ષણની આઝાદી વિશે, માતૃભાષાના શિક્ષણ વિશે, 'અલ્પસંખ્યક' શબ્દને દૂર કરવા વિશે, અનામત સામે ઉઠતા વિવિધ પ્રશ્નો વિશે, 'નિર્દેશક' શબ્દનો પ્રયોગ કરવા વિશે, નિર્દેશક સિદ્ધાંતોને બંધારણમાં સામેલ કરવા વિશે, દેશના નામ વિશે, અનુચ્છેદ ૧માં 'સ્ટેટ' શબ્દના સ્થાને 'ધી સ્ટેટ'નો પ્રયોગ કરવાથી ઉઠતા પ્રશ્નો વિશે, કટોકટીકાળમાં અધિકારોનું થતું હનન વિશે- આવા અનેક પ્રશ્નો બંધારણસભામાં ઉઠતા હતા. ડૉ. બાબા સાહેબ આંબેડકર પ્રત્યેક પ્રશ્નોનું નિરાકરણ લાવીને યોગ્ય સમાધાન કરતા હતા. જો બંધારણસભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ન હોત તો આ પ્રત્યેક પ્રશ્નોના યોગ્ય ઉકેલ મળી શક્યા હોત કે કેમ ? એ પ્રશ્ન સ્વાભાવિક જ થાય છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરને એટલા માટે જ ભારતીય બંધારણના નિર્માતા કહેવામાં આવે છે, જ્યારે બધા રાજનેતાઓ દેશ-વિદેશના પ્રવાસોમાં, સમારંભોમાં વ્યસ્ત હતા ત્યારે એમણે સોળ-સોળ કલાક અવિરત કામ કરીને રાષ્ટ્રસેવાનું આ કાર્ય સંપન્ન કરેલું. ઢળતી ઉંમર અને નાદુરસ્ત તબિયતને પણ

નજર અંદાજ કરતા રહ્યાં જન્મ આધારિત 'અસ્પૃશ્યતા'ના કલંકને એમણે હર ક્ષણ મહેસૂસ કર્યું હતું. એટલે જ દલિતોના અધિકારની સુરક્ષા માટે વિશેષ સભાન હતા.

બંધારણસભામાં રાષ્ટ્રચિહ્ન તરીકે 'ચાર સિંહોની મુખાકૃતિ' અને રાષ્ટ્રસૂત્ર તરીકે 'સત્યમેવ જયતે' ઘોષિત કરવામાં આવ્યા. આપણા બંધારણમાં દેશના નાગરિકોના મૂળભૂત હકો, ફરજો, રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સરકારના અંગો અને કાર્યો તથા વહીવટી સૂચનાઓ અને ન્યાયતંત્રની વ્યવસ્થા જેવી અનેક મહત્ત્વની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બંધારણસભામાં ડૉ. આંબેડકરનું એક વિશિષ્ટ સ્થાન અને માન હતું. બંધારણના પ્રારૂપમાં કોઇપણ પ્રકારના ફેરફાર, કાંટ-છાંટ કે ઉમેરણ માટે પ્રસ્તાવ કરવામાં આવે ત્યારે અંતે ડૉ. આંબેડકરની સલાહ મુજબ જ સ્વીકૃતિ મળતી. ડૉ. આંબેડકરને આ વિશેષ અધિકાર બંધારણસભા તરફથી જ મળ્યો હતો. જ્યારે વિશેષ દલિલો થતી ત્યારે ઉપાધ્યક્ષ સ્વયં આગળ આવીને કહેતા કે, 'હું એક વાત સ્પષ્ટ કરવા માંગું છું કે, 'ડૉ. આંબેડકર દ્વારા આપવામાં આવેલા જવાબ પછી હું કોઇને પણ બોલવાની સંમતિ નહીં આપું. ડૉ. આંબેડકરનું સન્માન બંધારણસભામાં કેટલું હતું એ આ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે. એ સમયે ડૉ. આંબેડકરની ખ્યાતિ અભૂતપૂર્વ હતી. એમના વ્યક્તિત્વની એક આગવી છબિ જનસમાજમાં સ્થાપિત થઇ ચૂકી હતી. સૂટ,બૂટ, ગોળ ચશ્મા, હાથમાં બંધારણની પ્રત જે છબિ એમની પ્રતિમા અને ચિત્રમાં આજે પણ પ્રતિબિંબિત થયા કરે છે.

ડ્રાફ્ટીંગ કમિટિના અધ્યક્ષ બન્યા પછી 'આધુનિક મનુ' તરીકે એમની ઓળખ ઉભી થઇ રહી હતી. ૧૯૨૭માં આંબેડકરે 'મનુસ્મૃતિ'ની હોળી કરી હતી, યુગો જૂનાં સામાજિક અન્યાયો, અવહેલનાઓની સામે સ્વાભિમાનની એક લહેર ઉઠી હતી. આ સામાજિક કાનૂન ગ્રંથમાં બુદ્ધિનિષ્ઠ બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા આવી અસંગત બાબતોને સદીઓથી ચાલુ રાખી હતી. હવે એવો યોગાનુયોગ થયો હતો કે રાજકીય બંધારણનું ઘડતર કરવાની જવાબદારી ડૉ. બાબાસાહેબ આંબેડકર પર હતી.

ડ્રાફ્ટીંગ કમિટિના અધ્યક્ષ હોવાને કારણે વિવિધ સમિતિ તરફ઼ બધા જ પ્રસ્તાવો એમની પાસે જ આવતા હતા. ડ્રાફ્ટિંગ કમિટિના સભ્યોની વારંવાર ગેરહાજરીને કારણે સૌથી વધારે કામનો બોજ ડૉ. આંબેડકરના માથે જ આવતો હતો. ડ્રાફ્ટિંગ કમિટિના સાત સભ્યોમાંથી એક સભ્યએ રાજીનામું આપેલું, એક સભ્યનું અવસાન થયું એની જગ્યાએ અન્ય સભ્યની નિયુક્તિ કરવામાં આવી ન હતી. એક સભ્ય અમેરિકામાં હતા એક સભ્ય સરકારી કામમાં વ્યસ્ત હતા. એક-બે સભ્ય દિલ્હીથી દૂર વસવાટ કરતા હતા અને સ્વાસ્થ્યને કારણે કમિટિની કાર્યવાહીમાં ભાગ લેતા ન હતા. એટલે સ્વયં સ્પષ્ટ છે કે બંધારણ લખવાની સંપૂર્ણ જવાબદારી ડૉ. બાબાસાહેબ આંબેડકર પર જ આવી પડી હતી. અલબત્ત આ જવાબદારી પૂર્ણ નિસબત અને નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

બંધારણસભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાની કર્મઠતા અને બૌદ્ધિક પ્રતિભાથી એક આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. બંધારણસભામાં એમનું મહત્ત્વ સૌ કોઇ માટે સર્વસ્વીકૃત ઘટના હતી. જેની પ્રતીતિ કરાવતી ઘટના બની ત્યારે સૌ કોઇ માટે મોટું આશ્ચર્ય પણ બની રહે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર બંધારણસભામાં બંગાળથી ચૂંટાઇને આવ્યા હતા. બંગાળના વિભાજન સાથે જ એમનું પદ પણ જતું રહ્યું હતું. હવે પશ્ચિમ બંગાળની સીટ માટે નવી ચૂંટણી થવાની હતી. પરંતુ રાજકીય સમીકરણ મુજબ ડૉ. બાબાસાહેબ આંબેડકરને ત્યાંથી જીતવું સંભવ ન હતું. બંધારણસભામાં એમના પ્રવેશ માટે કોઇપણ અવઢવ કે શંકા ન રહે એ માટે સરદાર વલ્લભભાઇ પટેલ અને બંધારણસભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ખૂબ પ્રયત્નો કરે છે. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ એ વખતે બોમ્બે પ્રાન્તના તત્કાલીન મંત્રી બી.જી. ખેરને સંબોધીને પત્ર લખે છે-

अन्य बातों को एक तरफ रखते हुए हम पाते है कि संविधान सभा और अन्य तमाम समितियों में डॉ. आंबेडकर का कार्य इस तरह का रहा है, जो मांग करता है कि हमें उनकी सेवा से वंचित नहीं होना चाहिए। जैसा कि आप जानते हैं, वह बंगाल से चुने गये थे और इस प्रान्त के बँटवारे के बाद 14 जुलाई, 1947 से उनकी इस सभा की सदस्यता समाप्त हो गयी है, इसलिए यह आवश्यक है कि उनका चुनाव जल्द-से जल्द होना चाहिए।

બંધારણસભાના ઇતિહાસમાં એક એવું ઉદાહરણ છે કે જેમાં વ્યક્તિનું સભ્યપદ પૂર્ણ થતાં સ્વયં અધ્યક્ષ દ્વારા એમની મહત્તા દર્શાવીને, અનિવાર્યતા રજૂ કરીને સભ્યપદ ચાલુ રાખવા ભલામણ કરવામાં આવી હોય. એ પણ સર્વવિદિત છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર આરંભમાં મુસ્લિમ લીગ દ્વારા ચૂંટાઇને બંધારણસભામાં આવ્યા હતા પરંતુ હવે સ્વયં કોંગ્રેસના રાજનીતિજ્ઞો જે પહેલા વિરોધમાં હતા પરંતુ હવે એમની બૌદ્ધિક ક્ષમતાથી પ્રભાવિત હતાં.

ડૉ. આંબેડકર જણાવે છે કે બંધારણ એક ગતિશીલ દસ્તાવેજ છે. રાષ્ટ્ર જેમ જેમ વિકસતું જાય તેમ તેમ બંધારણ પણ વિકસતું જાય અને તે બદલાતી જરૂરિયાતો અને સંજોગો સાથે સુમેળ સાધનારું હોય. તેથી આંબેડકરે બંધારણીય સુધારા ઉપર પણ વિશેષ ભાર મૂક્યો હતો. જેમ જેમ સમય અને સંજોગો બદલાયા છે એમ કેટલાક બંધારણીય સુધારાઓ થયેલા જોવા મળે છે. અત્યાર સુધીમાં બંધારણમાં એક સો કરતાં પણ વધારે બંધારણીય સુધારાઓ થયેલા છે. જે દર્શાવે છે કે બંધારણ ત્યારે જ ગતિશીલ રહી શકે કે જ્યારે તે પરિવર્તનશીલ હોય. રાષ્ટ્રીય એકતા અંગેના વિચારો વ્યક્ત કરતાં આંબેડકર જણાવતા હતા કે જ્યાં સુધી આપણે ૫૦૦૦ જ્ઞાતિઓમાં વિભાજિત હોઇશું ત્યાં સુધી આપણે એક રાષ્ટ્ર નથી. જ્ઞાતિ અને સંપ્રદાયો આપણી રાષ્ટ્રીય એકતા આડેના અવરોધો છે. તેથી સૌ પ્રથમ તો તેમને મૂળ સમેત ઉખાડીને ફેંકી દેવા જોઇએ. પછી જ રાષ્ટ્રીય એકતા શક્ય બને છે. તેમના આ વિચારો આજે પણ આપણને યોગ્ય લાગે છે. કારણ કે આઝાદીના ૭ દાયકા પછી પણ આપણે જોઇએ તેટલા પ્રમાણમાં જ્ઞાતિવાદને દૂર કરવામાં સફળ થઇ શક્યા નથી. જેમ જેમ લોકશાહીના પર્વ સમાન ચૂંટણીઓ નજીક આવે છે તેમ તેમ દરેક રાજકીય પક્ષો જ્ઞાતિવાદ, કોમવાદનો સહારો લઇને પ્રજાના પ્રતિનિધિઓની ચૂંટણીમાં તેને સ્થાન આપે છે. જ્ઞાતિવાદ ભારતીય સમાજનું દૂષણ છે તેવું તેઓ વારંવાર કહેતા હતા. બંધારણના મુત્સદ્દામાં આબંડેકરે એક જ નાગરિકતા, એક જ ન્યાયતંત્ર મૂળભૂત કાયદામાં એકરૂપતા રાખી. જેથી માત્ર જ્ઞાતિઓ અને વર્ગમાં જ નહિં પણ પ્રદેશો, ધર્મો, ભાષાઓ, પરંપરાઓ અને સંસ્કૃતિઓમાં વહેંચાયેલો ભારતીય સમાજ અખંડ રહે તે વિચારો આજના સમયમાં એટલા જ પ્રસ્તુત છે.

આંબેડકર ભારતીય સમાજના સ્વરૂપ વિશે ખૂબ જ સભાન હતા તેમણે નિષ્ઠાપૂર્વક સમાનતા અને માનવીય ગૌરવ સાથેના સમાજની સ્થાપના કરવાનો પ્રયત્ન કર્યો. સામાજિક અને આર્થિક માળખામાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાના હેતુ ઉપર ભાર મૂક્યો હતો. ડૉ. આંબેડકરે બંધારણસભામાં જણાવ્યું હતું કે આપણે આપણી રાજકીય લોકશાહીને સામાજિક લોકશાહી પણ બનાવવી પડશે. રાજકીય લોકશાહી ટકી ના શકે જો તેના પાયામાં સામાજિક લોકશાહી ના હોય. સામાજિક લોકશાહીનો અર્થ સમજાવતાં જણાવે છે કે, એક જીવન શૈલી કે જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાને જીવનના સિદ્ધાંતો તરીકે સ્વીકારે છે. આ ત્રણે ને એક બીજાથી અલગ ન ગણી શકાય. તે ત્રણની જોડી છે. એ ત્રિપુટીમાંથી કોઇ અલગ પડે તો પણ લોકશાહીનો હેતુ જ માર્યો જાય. સ્વતંત્રતાને સમાનતાથી અલગ ન પાડી શકાય અને સમાનતા ને સ્વતંત્રતા અને સમાનતાને બંધુતાથી અલગ ના પાડી શકાય. બંધુતા વિના સ્વતંત્રતા અને સમાનતા સ્વાભાવિક ના બની શકે.

આપણા ત્યાં તે બાબતોની ગેરહાજરી છે. એમાંની એક સમાનતા છે. સામાજિક રીતે જોઇએ તો ભારતીય સમાજ સ્તરીય અસમાનતાના સિદ્ધાંતો ઉપર આધારિત છે. જેમાં થોડાક લોકો ઉપર ઉઠે છે અને થોડાક પતિત બને છે. આર્થિક રીતે જોઇએ તો આપણા સમાજમાં થોડાક લોકો પાસે ખૂબ જ સંપત્તિ છે અને બીજી તરફ ભારે કંગાલિયત છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણે વિરોધાભાસ ભર્યા જીવનમાં પ્રવેશીએ છીએ. રાજકારણમાં આપણી પાસે સમાનતા છે અને સામાજિક તથા આર્થિક જીવનમાં અસમાનતા છે. રાજકારણમાં આપણે એક વ્યક્તિ એક મત અને એક મૂલ્યનો સિદ્ધાંત સ્વીકારીએ છીએ, પણ સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતાનો ઇન્કાર ક્યાં સુધી કર્યા કરીશું? આ વિરોધાભાસને શક્ય તેટલો વહેલો દૂર કરવો જોઇએ.

ડૉ. આંબેડકરને બંધારણ ઘડવાની ભારે જવાબદારી ઉઠાવીને અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી. તેમણે સ્થિરતા અને જવાબદારીના આધાર પર લોકશાહી સરકારની કામગીરીને તપાસી. બંધારણના મુસદ્દામાં તેમણે

કારોબારીની સંસદીય પદ્ધતિની ભલામણ કરી કે જે સ્થિરતાને બદલે વધારે જવાબદારી ધરાવે. ભારતીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બંધારણના લક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી તે સ્વરૂપે સંસદીય હતું અને ભાવનાની દૃષ્ટિએ એકતંત્રી હતું.

ડૉ. આંબેડકર નૈતિક રાજકારણની સ્થાપના કરી. કેન્દ્રમાં સંઘ સરકાર અને પરિધ પર રાજ્યો દરેકને બંધારણ દ્વારા સોંપવામાં આવેલા ક્ષેત્રોમાં સાર્વભૌમ સત્તાઓ આપવામાં આવે. આંબેડકરે જણાવ્યું કે ભારતનું સમવાયતંત્ર રાજ્યોનો સંઘ નથી કે રાજ્યો કેન્દ્ર સરકારની સંસ્થાઓ કે વહીવટી એકમો નથી. સમવાયી રાજ્યો પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટેની સંસ્થાકીય સાધનો છે અને તે વ્યાપક મહત્ત્વ ધરાવે છે. સામાન્ય પરિસ્થિતિમાં રાજ્ય સમવાયતંત્ર છે અને કટોકટીની પરિસ્થિતિમાં એકતંત્રી છે. ડૉ. આંબેડકર ભારતીય સમવાયતંત્રમાં મજબૂત કેન્દ્ર સરકાર પર વ્યાપક ભાર મૂક્યો હતો. તેઓ હંમેશા દેશની રાષ્ટ્રીય એકતા જળવાઇ રહે તેના ઉપર ભાર મૂકતા હતા. પરિણામે સાંપ્રત સમયમાં આપણે ભારતીય સમવાયી વ્યવસ્થા વિશેનો અભ્યાસ કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે દેશની એકતા અને અખંડિતતાની જાળવણી માટે મજબૂત સંઘ સરકાર ખૂબ જ આવશ્યક છે. ડૉ. આંબેડકરે દરેક વ્યક્તિના મૂલ્યો અને અધિકારોનો વિચાર કર્યો છે.

ડૉ. આંબેડકરે બંધારણના મુત્સદ્દામાં મૂળભૂત અધિકારોને કાયદાની અદાલતમાં ન્યાયી જણાવ્યા હતા. તમામ અધિકારોમાં આંબેડકરે તકની સમાનતા અધિકારને સૌથી મહત્વનો અધિકાર ગણાવ્યો હતો. બંધારણીય ઉકેલોના સંદર્ભમાં કલમ-૩૨ને બંધારણના આત્મા અને તેનું હાર્દ ગણાવ્યા હતા. આપણી સામાજિક વ્યવસ્થાને સુધારવા માટે સમાનતા અને સ્વતંત્રતાની સ્થાપના કરાશે, કારણ કે આપણી વ્યવસ્થા અસમાનતા અને ભેદભાવોથી ભરપૂર છે અને તે મૂળભૂત અધિકારોથી તદ્દન વિરૂદ્ધ છે.

ડૉ. આંબેડકરે આપેલા સ્વતંત્રતા અને સમાનતાના અધિકારોનો આપણે પાયાના અધિકારો તરીકે ઉપયોગ કરી શકીએ છીએ. આ અધિકારોના ઉપયોગ દ્વારા વ્યક્તિ પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે. ડૉ. આંબેડકરે

રાજ્ય-નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજ્યની તેના નાગરિકો પ્રત્યેની વિધાયક ફરજો દર્શાવી છે. આ માર્ગદર્શક સિદ્ધાંતો આર્થિક અને સામાજિક લોકશાહી મેળવવા માટે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ ન હોવા છતાં પણ આજના સમયમાં દરેક સરકારો તેમાં દર્શાવેલ સિદ્ધાંતોને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ રહે છે.

તેઓ સંસદીય લોકશાહીના સમર્થક હતા કારણ કે સંસદીય લોકશાહીમાં અસરકારક વિરોધપક્ષ અસ્તિત્વ ધરાવે છે. કારણ કે લોકશાહીમાં સત્તાધારી પક્ષને અંકુશમાં રાખવાનું કાર્ય વિરોધપક્ષ કરી શકે છે. ડૉ. આંબેડકર લોકશાહીની સફળતાના આધાર તરીકે નૈતિકતા અને સદાચાર પર વ્યાપક ભાર મૂકતા હતા. લોકશાહીમાં પ્રજાનો પ્રતિનિધિ સ્વચ્છ પ્રતિભા ધરાવતો અને ઇમાનદાર હોવો જોઇએ. ગુનાહિત ઇતિહાસ ધરાવતો ન હોવો જોઇએ. ડૉ. આંબેડકર જાગૃત લોકમતની અનિવાર્યતા ઉપર વિશેષ ભાર મૂકતા હતા. કારણ કે લોકશાહીના સિદ્ધાંતો, જરૂરિયાતો વિશે પ્રજા જ્યાં સુધી જાગૃત ન હોય ત્યાં સુધી બંધારણ ગમે તેટલું સારુ હોય, કાયદાઓ ગમે તેટલા મજબૂત હોય તો પણ તે અસરકારક બની શકતા નથી.

ડૉ. આંબેડકરે જે લોકશાહી અંગેના વિચારો વ્યક્ત કર્યા તે આજે પણ એટલા જ યોગ્ય છે. લોકશાહીમાં જો વિરોધપક્ષ મજબૂત હોય તો જ તંદુરસ્ત રીતે લોકશાહી શાસન પ્રણાલી ચાલી શકે. આજે આપણે સંસદીય લોકશાહીમાં અસરકારક વિરોધપક્ષ જોઇ શકીએ છીએ. જેના પરિણામે લોકશાહીના સિદ્ધાંતોનો યોગ્ય અમલ થઇ શકે છે. ડૉ. આંબેડકર લોકશાહીમાં પ્રજા દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિ સ્વચ્છ પ્રતિભા ધરાવતો અને ગુનાહિત ઇતિહાસ ધરાવતો ન હોવો જોઇએ. તે આજે પણ આપણે જોઇએ છીએ કે સંસદમાં ૨૫ થી ૩૦ ટકા સાંસદો કોઇને કોઇ રીતે ગુનાહિત ઇતિહાસ ધરાવતા જોવા મળે છે. જેના પરિણામે લોકશાહીના મૂલ્યોનું ધોવણ જોવા મળે છે. આપણે જોયું છે કે સંસદ અને વિધાનસભાઓમાં પ્રતિનિધિઓ છૂટા હાથની મારામારી અને ખુરશીઓ ઉછાળતા જોવા મળે છે. જે સમગ્ર લોકશાહી માટે કલંકરૂપ ઘટનાઓ જોવા મળે છે. પરિણામે પ્રજા જ્યારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરે ત્યારે ઉમેદવારના ઇતિહાસ અને પ્રતિભાને જોવી જોઇએ.

બંધારણમાં ડૉ. આંબેડકરે ધર્મનિરપેક્ષ રાજ્યનું સમર્થન કર્યું છે. તેઓ જણાવતા હતા કે રાજ્યમાં કોઇ એક ધર્મ ન હોવો જોઇએ. દરેક વ્યક્તિને યોગ્ય લાગે તે ધર્મ પાળી શકે છે. આજે આઝાદીના છ દાયકા પછી પણ આપણે આપણા ધર્મ નિરપેક્ષ માળખાને ટકાવી શક્યા છીએ એ ખૂબ જ અગત્યતા ધરાવે છે.

ડૉ. આંબેડકરના રાજકીય ચિંતન વિશેનો અભ્યાસ કરતાં આપણે સ્પષ્ટ પણે એમ કહી શકીએ કે તેઓ લોકશાહી શાસન વ્યવસ્થા અને રાજ્યના કલ્યાણકારી સ્વરૂપના સમર્થક હતા.

---

તા. ૧૦-૦૪-૨૦૧૫ના રોજ ઊંઝા એજ્યુકેશન બોર્ડ, ઊંઝામાં આપેલું વક્તવ્ય.



# ૯.
# ડૉ. આંબેડકરના ચાર શ્રદ્ધાધામ

**જન્મભૂમિ : મહુ**

બાબાસાહેબ આંબેડકરનો જન્મ મધ્યપ્રદેશના મહુ (ઇન્દોર) કેન્ટમાં ૧૪મી એપ્રિલ૧૮૯૧ના મંગળવારની મધ્યરાત્રિએ વંશપરંપરાથી સેનામાં નોકરી કરતા પરિવારમાં થયો હતો. પિતાનું નામ રામજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ. એ બાળકનું નામ - 'ભીમ' રાખવામાં આવ્યું. એ માતા-પિતાનું ચૌદમું સંતાન હતા. રામજી સકપાલ સેનામાં સુબેદાર હતા. મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના આંબાવડે નામના નાનકડા ગામના હતા.રામજીના પિતા માલોજીરાવ આંબાવાડ ગામના નિવાસી હતા. એ પણ સેનામાં હવાલદાર પદેથી નિવૃત્ત થયા હતા. સેનાની નોકરીના કારણે આ પરિવારનો સંબંધ ગામ સાથે નહીવત્ હતો.

મહુમાં આ પરિવાર લશ્કરી છાવણીના આવાસમાં રહેતો હતો. ત્યાંના કડક લશ્કરી શિસ્તનું પાલન કરવું પડતું. જેના ભાગરૂપે પ્રત્યેક ઘરની દીવાબત્તી નિયમાનુસાર ચોક્કસ સમયે બૂઝાવી દેવામાં આવતી અને ઘરના અંધારા ઓરડામાં પિતા રામજી સકપાલ મોડી રાત સુધી પોતાના સંતાનોના ભાવિ સુખની ચિંતામાં સરી પડતા. અધ્યાત્મિક ચેતનાનો સ્પર્શ પામેલા રામજી સકપાલ કબીર સંપ્રદાયની દીક્ષા ગ્રહણ કરે છે. બાળક ભીમ ઉપર પિતાના ગુણો વારસામાં ઉતરેછે. પિતાશ્રી મોરીપત, મુક્તેશ્વર, તુકારામના ભજનો બાળકોને સંભળાવતા.

મહુમાં ડૉ. આંબેડકરનો નિવાસ બે વર્ષનો રહે છે. ત્યારબાદ પિતા લશ્કરમાંથી નિવૃત્ત થયા અને કોંકણના દાપોલી રહેવા જાય છે. અંધકારમાં

અથડાતા અંત્યજો માટે સોનાનો સૂરજ મહુમાં ઊગ્યો હતો. એ દષ્ટિએ આસ્થળનો મહિમા છે.

### સંકલ્પભૂમિ : વડોદરા

વડોદરામાં 'સંકલ્પભૂમિ' તરીકે જાણીતું સ્થળ સયાજીબાગમાં આવેલું છે. મહામાનવના પાયામાં પ્રેરણા, વિચાર કે વિશિષ્ટ જ્ઞાનનો પ્રાદુર્ભાવ કેન્દ્રમાં હોય છે. ડૉ. આંબેડકરને વડોદરાના સયાજીબાગના એક વૃક્ષ નીચે સામાજિક સમન્વયનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

વડોદરાના શિક્ષણપ્રેમી રાજા સયાજીરાવ ગાયકવાડની આર્થિક મદદથી ડૉ. આંબેડકરે વિદેશમાં શિક્ષા પ્રાપ્ત કરેલી. પૂર્વે કરેલા કરાર મુજબ શિષ્યવૃત્તિની અવધિ પૂર્ણ થતા પરત ફરી વડોદરા સરકારમાં નોકરી સ્વીકારવાની હતી. ડી.એસ.સી. અને બેરિસ્ટરનો અભ્યાસ અધૂરો છોડી સ્વદેશ પરત ફરી સપ્ટેમ્બર-૧૯૧૭માં વડોદરા રાજ્યના 'સૈનિક સચિવ' તરીકે જોડાયા.

છૂતાછૂતની ભેદભાવ ભરી સ્થિતિને કારણે વડોદરામાં ક્યાંય મકાન ભાડે ન મળ્યું. વડોદરાની વ્યથા વર્ણવતા નોંધે છે કે, 'હું આખો દિવસ મકાન માટે ભટક્યો, પણ ક્યાંય મકાન ન મળ્યું. કેટલાય હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ મિત્રોને મળ્યો, પરંતુ બધાએ બહાના બતાવ્યા.મારી મતિ મુંઝાઈ ગઈ. મને કશુંય સૂઝતું ન હતું. મારું હૃદય ભરાઈ આવ્યું. એક વૃક્ષ નીચે બેસી હું ચોધાર આંસુએ રડી પડ્યો.'

ડૉ. આંબેડકરે અંતે મુંબઈ પરત જવાનો સંકલ્પ કર્યો. ટ્રેનને ચાર કલાકની વાર હતી. અવહેલના પામેલા ડૉ. આંબેડકર સયાજીબાગની અંદર એકાંત જગ્યાએ એક વૃક્ષની નીચે બેઠા અને ગહન ચિંતન-મંથનમાં ડૂબી ગયા. અહીં જ એમણે અસમાનતાની ઊંડી ખાઇને સમતામાં પરિવર્તિત કરવાનો સંકલ્પ કરેલો. જ્યાં આ સંકલ્પ કર્યો એ સ્થળ આજે 'સંકલ્પભૂમિ' તરીકે ઓળખાય છે. તા.૧૪, એપ્રિલ, ૨૦૦૬ના રોજ આ નામકરણ કરવામાં આવ્યું છે.

## દીક્ષાભૂમિ : નાગપુર

ડૉ. આંબેડકરે તા. ૧૩-૧૦-૧૯૩૫માં ધર્માન્તરની ઉદ્‌ઘોષણા કરતા કહ્યું કે, “હિન્દુ તરીકે હું જન્મ્યો તે મારા હાથની વાત નહોતી, પરંતુ એક હિન્દુ તરીકે કદાપિ મરીશ નહીં.” શીખ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિઓ સાથે આ સંદર્ભે વાર્તાલાપ કરતા રહ્યાં. એમનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે આ ધર્મો દલિતોના ઉદ્ધાર માટે કેવી ભૂમિકા ભજવી શકે એમ છે. આ અનુયાયી તરફથી જે - તે ધર્મ અંગીકાર કરવા પ્રલોભનો પણ મળતા હતા, છતાં પણ ડૉ. આંબેડકર અડગ રીતે એવું માનતા હતા કે, “અમે ભારતના મૂળ નિવાસી છીએ અને કોઈ એવો ધર્મ સ્વીકાર નહીં કરીએ જે અમારા દેશપ્રેમમાં અવરોધ ઊભો કરે! ડૉ. આંબેડકર પ્રખર દેશભક્ત હતા. એમના મતે ઇસ્લામ અને ખ્રિસ્તી બંનેના ધર્મ વિદેશી હતા, કારણ કે એના મૂળ ભારતમાં નહીં, પણ વિદેશમાં હતા. હિન્દુ ધર્મ પ્રત્યે અનેક પ્રશ્નો હોવા છતાં એમનામાં પ્રતિરોધની ભાવના ન હતી. એટલે જ માનવતાવાદી, બુદ્ધિવાદી અને વિજ્ઞાનવાદી અભિગમ ધરાવતા બૌદ્ધ ધર્મને પસંદ કરે છે.

ડૉ. આંબેડકરે દીક્ષા પ્રાપ્ત કરવાનું સ્થળ નાગપુર અને દીક્ષા સમારોહની તારીખ ૧૪ ઑક્ટોબર, ૧૯૫૬ પસંદ કરી. મૂળ કારણ એ હતું કે, ડૉ. આંબેડકરની ચળવળમાં નાગપુરના નાગરિકોએ હંમેશા પૂર્ણ સહયોગ આપ્યો હતો. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આ સ્થળ પસંદ કરવાનું મુખ્ય કારણ એ હતું કે બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર કરનારી નાગ-જાતિ મુખ્ય હતી. એ આર્યોની કટ્ટર દુશ્મન હતી. નાગપુરમાં સત્તાવીસ માઇલ લાંબી વહેતી નદીનું નામ 'નાગ' છે. આ નદીની આસપાસ નાગ-જાતિ વસે છે. આમ બૌદ્ધ ધર્મ અંગિકાર કરવાનું સ્થળ નાગપુર પસંદ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે નાગપુર બૌદ્ધધર્મના નાગ લોકોની પ્રાચીન પુણ્યભૂમિ હતી.

ડૉ. આંબેડકરે દીક્ષા સમારંભની તારીખ ૧૪ ઑક્ટોબર, ૧૯૫૬, વિજયાદશમીનો દિવસ નક્કી કર્યો. આ તારીખ એમના પિતાની પૂણ્યતિથિ અને પ્રાચીન મત માન્યતા મુજબ બુદ્ધ જયંતિનો પણ દિવસ હતો. આ દિવસે સમ્રાટ અશોકે પણ યુદ્ધમાંથી બુદ્ધની શરણમાં પ્રયાણ કર્યું હતું.

શ્રદ્ધાનંદ પેઠમાં ચોખામેળા પાસે ચૌદ એકર જમીનમાં પથરાયેલા વિશાળ મેદાનમાં આ દીક્ષા સમારંભ યોજવામાં આવ્યો હતો. પોતાના પ્રિય નેતાની વિનંતીને ગ્રાહ્ય રાખીને લાખો અનુયાયીઓએ નાની-નાની ચીજવસ્તુ વેચીને સફેદ વસ્ત્ર ખરીદ્યા હતા. વાહનમાં આવી શકે એવી સ્થિતિ ન હોય એવા લાખો દલિતો ખુલ્લા પગે પગપાળા દીક્ષા ભૂમિ પર ધર્માંતરણ કરવા આવ્યા હતા. કેટલાક અનુયાયીઓ તો આઠ દિવસ પહેલા આ સ્થળે આવીને પડાવ નાંખ્યો હતો.

નાગપુરમાં આ દીક્ષા સમારંભમાં મહાર જાતિના લાખો લોકો જોડાયા હતા. ડૉ. આંબેડકરને દીક્ષા આપવા માટે બૌદ્ધ ધર્મના ભિક્ષુ ચન્દ્રમણિ મહાસ્થવિર ઉપસ્થિત રહ્યા હતા. લાખોની મેદની વચ્ચે એમણે ડૉ. આંબેડકરને ત્રિશરણ-પંચશીલના ઉચ્ચારણ કરાવી બૌદ્ધ ધર્મની દીક્ષા આપી હતી. ત્યાર બાદ બૌદ્ધ બનેલા ડૉ. આંબેડકરે પોતાના ધર્મપત્ની સવિતાબાઈ આંબેડકર અને સુપુત્ર યશવંતરાવ આંબેડકરની સાથે પાંચ લાખથી વધારે દલિતોને ત્રિશરણ-પંચશીલના ઉચ્ચારણો કરી બૌદ્ધ ધર્મથી દીક્ષિત કર્યા હતા. આખું નાગપુર બૌદ્ધધર્મના પંડિત નાગાર્જુનના સાન્નિધ્યથી પુનિત-પાવન થયું હતું. એટલું જ નહીં, પણ નાગપુરની મહત્તા ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક નગરમાં પરિવર્તન પામી હતી.

'બાબાસાહેબ કરે પુકાર, બૌદ્ધ ધર્મ કરો સ્વીકાર' અને
'આકાશ પાતાળ એક કરો, બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરો.'

એવા સુત્રોચ્ચારથી નાગપુરની દીક્ષાભૂમિનું વાતાવરણ ગૂંજી રહ્યું હતું. નાગપુરમાં શ્રદ્ધાનંદ પેઠમાં યોજાયેલ આ દીક્ષા સમારોહની ૧૧ એકર જમીન ત્યારબાદ સરકારે બૌદ્ધ સંસ્થાને આપી. જે આજે દીક્ષાભૂમિ તરીકે ઓળખાય છે.

## ચૈત્યભૂમિ :દાદર, મુંબઇ

૬, ડિસેમ્બર, ૧૯૫૬ની સવારે નોકર ચા લઈને આવ્યો ત્યારે ચિર નિદ્રાધીન ડો.આંબેડકર અનંતયાત્રાએ નીકળી ચૂક્યા હતા. ઈતિહાસનો એક અધ્યાય પૂર્ણ થયો હતો. સમગ્ર જીવન અન્યાય અને અત્યાચારની સામે સંઘર્ષ

કરીને જીવનાર આ મહામાનવ રાગ અને દ્વેષનો નાતો તોડીને કોઈને કશું જ કહ્યા વગર ચાલી ગયા હતા. દિલ્હીથી એમના પાર્થિવ દેહને વિમાનમાં શાંતાક્રુઝ એરપોર્ટ પર રાત્રે બે કલાકે લાવવામાં આવેલ ત્યારે પચીસ હજાર માણસો ઉપસ્થિત હતા. ત્યાંથી મ્યુનિસિપલ વાહનમાં પાર્થિવ શરીરને' રાજગૃહ' લાવવામાં આવેલ. આ સમયે પાંચ કિ.મી. સુધી લોકો હાથમાં ફૂલની માળા લઈને પોતાના પ્રિય નેતાના અંતિમ દર્શન કરવા હાજર હતા. અશ્રુભરી આંખે બે લાખ જેટલી મેદની ઉપસ્થિત હતી.

૭, ડિસેમ્બરના રોજ બપોરે બે કલાકે મહાનિર્વાણયાત્રા રાજગૃહથી શરૂ થઈ જે વિન્સેન્ટ માર્ગ પરથી પસાર થઈ હતી. (આજે એ માર્ગ ડો. આંબેડકર માર્ગ તરીકે ઓળખાય છે.) દાદરની સ્મશાનભૂમિમાં આ અંતિમયાત્રા પહોંચી ત્યારે ઉત્તર મુંબઈના તમામ રાહદારી માર્ગો પાંચ કલાક બંધ રહ્યા હતા. વિશાળ માર્ગ પર બંને બાજુ માનવ મહેરામણ ઉમટ્યો હતો.

મુંબઈના ઈતિહાસમાં સૌથી મોટી સ્મશાનયાત્રા ડૉ. બાબાસાહેબ આંબેડકરની હતી. ચાર કલાક પછી દાદરના હિન્દુ સ્મશાનભૂમિએ પહોંચ્યા જ્યાં સાંજે ૭ઃ૩૦ કલાકે પુત્ર યશવંતરાવે અગ્નિદાહ આપ્યો. એ સ્થળ આજે ચૈત્યભૂમિ તરીકે ઓળખાય છે. જ્યાં દિવંગત નેતાની ઇચ્છા મુજબ એક લાખ અનુયાયીઓએ નશ્વરદેહની સાક્ષીમાં બૌદ્ધધર્મની દીક્ષા લીધી.

દાદરના હિન્દુ સ્મશાનભૂમિમાં જ્યાં ડો.આંબેડકરના અંતિમ સંસ્કાર થયા હતા એ નાની એવી જગ્યા પણ સરકારે સંબંધિત બૌદ્ધ સંસ્થાને આપી દીધી. આ ચૈત્યભૂમિ પર આજે પણ હજારો અનુયાયીઓ ભાવપૂર્વક દર્શનાર્થે આવે છે. ડૉ. આંબેડકરની નિર્વાણતિથિ નિમિત્તે સમગ્રદેશમાંથી લાખો અનુયાયીઓ શિવાજીપાર્કમાં એકઠા થઈ પોતાના પ્રિય દિવંગત નેતાને શ્રદ્ધાસુમન સમર્પિત કરે છે.

---

'સમાજ સંવેદના', ડિસેમ્બર - ૨૦૧૪માં પ્રકાશિત લેખ.



# ૧૦.
# ડૉ. બી.આર. આંબેડકરનું આત્મકથન

'દિલના દરવાજે દસ્તક' ડૉ. બી. આર. આંબેડકરના આત્મકથનાત્મક લખાણોનો સંચય છે. મહાત્મા-જ્યોતિબા ફૂલેના જન્મદિને પ્રસ્તુત ગ્રંથનું વિમોચન થાય છે. અને ત્યારબાદ ત્રણ દિવસમાં જ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિને તેની બીજી આવૃત્તિ પ્રગટ થાય એ પ્રસ્તુત ગ્રંથની મહત્તા સિદ્ધ કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરઃ રાઇટિંગ એન્ડ સ્પીચીઝના ગ્રંથ ૧૨નાં પાંચમાં ખંડમાં 'વેઇટિંગ ફોર વિસા'માં ડૉ. બાબાસાહેબના આત્મકથનાત્મક લખાણો છે. જે અંગ્રેજી અને હિન્દીમાં સ્વતંત્ર પુસ્તિકારૂપે પ્રગટ થાય છે. અહીં ડૉ. બાબાસાહેબ આંબેડકરના લખાણો તથા પ્રવચનોના ગ્રંથ-૧૨માં પ્રગટ થયેલ સાતેક ઘટનાઓ ઉપરાંત 'જનતા' અને 'નવયુગ'ના અંકોમાં પ્રગટ થયેલા આત્મકથનના અંશોને સમાવવામાં આવ્યા છે.

ડૉ. આંબેડકર નોંધે છે કે, 'તમને ખ્યાલ નહીં આવે કે મારા જીવનમાં કેવી રીતે ક્રાંતિકારી પલટો આવી ગયો. હું પશુઓ ચરાવતો હોત કે મહેનત મજૂરીનું કામ કરતો હોત તો આ જગ્યાએ પહોંચી શક્યો ન હોત. મારા પિતાજી ઘણી વાર કહેતા, 'છાંયડામાં  થાય એવું જ કામ કરતાં શીખજે.' આ બધાં સંભારણાંના આધારે આત્મકથા લખવાનો મારો વિચાર છે. કદાચ આખી આત્મકથા ન લખું તો પણ મારું બાળપણ જેવું એકાદ પુસ્તક તો જરૂર લખીશ. તેમાં આ બધી વાતો વિગતે લખીશ. આજે હું જે કંઇ પણ છું, એ મારામાં રહેલી કોઇ જન્મજાત પ્રતિભા કે આવડતને લીધે છું એવું ન કહી શકાય, પણ એટલું ખરું કે મારી જાતને મેં ઓળખી લીધી હતી. મારા જીવનમાં

આવેલો વળાંક જિંદગીને નવી દિશા આપવામાં બહુ નિર્ણાયક સાબિત થયો. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં મોહનમાંથી મહાત્મા સુધી પહોંચવાની જીવનયાત્રાનો આલેખ મળે છે એ રીતે પોતાના જીવનને દલિત, શોષિત, પીડિતોના અધિકાર માટે ન્યોછાવર કરનાર ડૉ. આંબેડકર પાસેથી પણ સળંગ આત્મકથા પ્રાપ્ત થઇ શકી હોત પરંતુ ચંદુ મહેરિયા નોંધે છે એ મુજબ 'તેમની સામે ઉકેલ માંગતા પ્રશ્નોના ગંજ, બંધારણના ઘડતર અંગેનું ગંજાવર કામ, ગાંધીજી અને કોંગ્રેસ સામેનો અવરિત સંઘર્ષ અને આજાર શરીરે કદાચ એમ થવા દીધું નહીં હોય' એ યથાર્થ લાગે છે.

અહીં ડૉ. આંબેડકરે આરંભમાં બાળપણના સંસ્મરણોને આલેખ્યાં છે. બુદ્ધ, કબીર અને જ્યોતિબા ફૂલે એ ત્રણ એમના ગુરુ હતા એમ વિદ્યા, વિનય અને શીલ એ ત્રણ એમને આંતર બળ પૂરું પાડનાર પરિબળો હતા. ભૂલથી પણ એમણે ક્યારેય જીવનમાં દગાબાજી, છળકપટ કે પોતાની પ્રસિદ્ધિ માટે પાપ નથી કર્યું. એનું હંમેશા એમને ગૌરવ રહ્યું છે. પરદેશમાં અવાર-નવાર જવાનું બન્યું હોવા છતાં તેઓ વ્યસનથી હંમેશા દૂર રહ્યા છે. શીલને ટકાવી રાખવાનો ગુણ એમનામાં પ્રબળ હતો. હા પુસ્તકો અને કપડાંનો શોખ અજબ હતો. પોતાના ચારિત્ર્યનું ઘડતર કરનાર પિતાજી પાસેથી શિક્ષણનો સમૃદ્ધ વારસો મળે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પુસ્તકપ્રેમને પૂર્ણ કરવા માટે પિતાજીએ દેવું પણ કરેલું. બાબાસાહેબ નોંધે છે કે, ‘મારી પાસે પોતાનાં ખરીદેલાં પુસ્તકો જ હોવા જોઇએ, એવો મારો આગ્રહ હતો. એના પરિણામે મારી હાલની લાઇબ્રેરી બની શકી છે. એ સમયે પણ નવાં પુસ્તકો ખરીદવા હું પિતાજી સમક્ષ જિદ કરતો હતો. મેં એમની પાસે પુસ્તક માંગ્યું હોય ને સાંજ સુધીમાં તેમણે ન લાવી આપ્યું હોય એવું ભાગ્યે જ બન્યું છે. નાની ઉંમરે મને પુસ્તકો વાંચવાનો શોખ લાગ્યો હતો. તે એટલી હદે કે કયા પુસ્તકોમાં કયા પાને કઇ મહત્ત્વની વાત લખેલી છે તે હું તરત બતાવી શકતો અને એ પણ ક્યાંય કશું લખ્યા વિના. મારી આ આદત કારણે મારી યાદશક્તિ બહુ તીવ્ર બની.’ ડૉ. બાબાસાહેબે સ્મરણપટ પર અંકિત થયેલ યાદોને અહીં સ્ફૂટ કરી છે. એમણે અહીં ઝીણવટભરી વિગતોનો પણ નિર્દેશ કર્યો છે.

ડૉ. બાબાસાહેબના વાંચન શોખની જેમ એમની લેખન-સાધના પણ વિરલ હતી. જ્યારે તેઓ લેખનકાર્યમાં એકાગ્ર થતા ત્યારે ખાવા-પીવાનું પણ ભૂલી જતા ક્યારેક તો આખી રાત બસ લખ્યા જ કરતા એનો થાક કે કંટાળો એમને ક્યારેય આવ્યો નથી. તેઓ નોંધે છે કે, 'મારે ચાર બાળકો થયાં ત્યારે પણ મને જેટલો આનંદ નથી થયો, એટલો આનંદ મને મારું એક પુસ્તક પ્રકાશિત થયા બાદ થાય છે.'

નવ વર્ષની ઉંમરે બાબાસાહેબને અસ્પૃશ્યતાનો થયેલો કડવો અનુભવ એમના દિલના દરવાજે હંમેશા દસ્તક દેતો રહ્યો છે. બાબાસાહેબની સ્મૃતિમાં સચવાયેલો એ સૌથી પહેલો બનાવ છે. પિતાજી સતારા જિલ્લાના ખટાવ તાલુકાના ગોરેગાંવમાં નોકરી કરતા હતા અને પોતે સતારામાં રહેતા. વેકેશન દરમિયાન પિતાજીને મળવા તેઓ ગોરેગાંવ જાય છે ત્યારે મસૂર ઊતરીને ત્યાંથી બળદગાડામાં જવાનું હોય છે. પરંતુ અસ્પૃશ્યતાના કારણે એકેય ગાડાખેડું આ મહાર મુસાફરોને બેસાડીને પોતાની જાતને નીચી પાડવા તૈયાર નથી. આ બાજુ રાત પડવા આવી છે ત્યારે સ્ટેશન માસ્તર આ સમસ્યાનો ઉકેલ એવી રીતે લાવે છે કે બધા છોકરાઓ ગાડું ચલાવે અને ગાડાવાળો સાથે ચાલતો આવે. એથી ગાડાવાળાને બમણું ભાડું મળે અને અસ્પૃશ્યતાના એરુથી પણ બચી જવાય. અહીં બાબાસાહેબ આખી રાત અને ત્યાર પછીનો દિવસ ખોરાક, પાણી વગર અને અનેક અગવડો વેઠીને પસાર કરે છે. પોતાના સ્વહસ્તે આલેખાયેલી અસ્પૃશ્યતાના કલંકની પ્રસ્તુત ઘટના આપણી આંખને પણ સજળ કરી દે છે.

શાળામાં બીજા વિદ્યાર્થીઓ સાથે બેસી ન શકાય, કોઇ સ્પૃશ્ય વિદ્યાર્થી પાણીની ચકલી ખોલી ન આપે ત્યાં સુધી તરસ બુઝાવી ન શકાય. પૂરા પૈસા આપવા છતાં વાળંદ વાળ કે દાઢી ન કરે અને એ કામ મોટી બહેનને કરવું પડે- આ બધી બાબતોમાં બાબાસાહેબને પણ અસ્પૃશ્યતા બીજા લોકોની જેમ એક સહજ બાબત લાગી હતી. પરંતુ મુસાફરી દરમિયાન થયેલો ઉપરોક્ત કટુ અનુભવ એમને આ દિશામાં ગંભીર રીતે વિચારવા પ્રેરે છે.

વડોદરામાં થયેલા અસ્પૃશ્યતાના અનુભવની કેફિયતમાંથી પસાર થઇએ છીએ ત્યારે હૃદય અંદરથી હચમચી જાય છે. બાબાસાહેબે ધાર્યું હોય તો

લંડનમાં ઘણાં વગદાર લોકોની મદદથી ત્યાં નોકરી કરી શક્યા હોત, ભારતમાં પણ એમણે નોકરી માટેના ઉચ્ચ હોદ્દાઓ સાથેના પ્રસ્તાવો જતા કર્યા હતા. વડોદરાના મહારાજાએ બાબાસાહેબને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા મોકલ્યા હતા. એથી ભારત આવીને તેઓ સીધા જ એમની પાસે નોકરી માટે હાજર થાય છે. તેઓ એવું માનતા હતા કે પોતાની પ્રથમ પવિત્ર ફરજ જેમની મદદથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે એમની સેવા કરવાની છે. અહીં પારસી સમાજ સંચાલિત સરાઇમાં નામ બદલીને રહેવું પડેલું. વડોદરા સરકાર પાસેથી રહેઠાણની વ્યવસ્થા થાય એવા પ્રયત્નો કરેલા પરંતુ દીવાને એમની અરજી પર ધ્યાન આપ્યું નહીં. બાબાસાહેબ નોંધે છે કે, 'પારસીએ મને કેરોસીનનો એક ખડિયો આપ્યો હતો, પણ એનું અજવાળું થોડા ઇંચથી આગળ પહોંચતું ન હતું. મને એવું લાગ્યું, જાણે હું કાળકોટડીમાં છું. હું જેની સાથે વાત કરી શકાય એવા કોઇ માણસ માટે તલસતો, પણ એવું કોઇ ન હતું. માણસોનો અભાવ મેં પુસ્તકોથી સરભર કરવાનો પ્રયત્ન કર્યો. અને એકાંત ખૂટાડવા હું વાંચતો જ રહ્યો, વાંચતો જ રહ્યો. વાચનમાં મગ્ન થઇને હું મારી વાસ્તવિક સ્થિતિ ભૂલી ગયો. પણ હૉલમાં અડિંગા જમાવીને આજુબાજુ ઊડતાં-શોર મચાવતાં ચામાચીડિયાં મારી એકાગ્રતામાં ભંગ પડાવતાં હતાં અને હું જેને ભૂલવા મથતો હતો, તે સ્થિતિની યાદ તાજી કરાવતાં હતાં.'

પારસી સરાઇમાં જાતિભેદનો થયેલો કટૂ અનુભવ એમને હંમેશા પરવશ કરતો રહ્યો હતો. અંતિમ બે પ્રસંગોમાં પણ પોતાને જાતિભેદને કારણે અપમાન અને અવહેલનાનો અનુભવ થયેલો એ વિશે વિગતે વાત કરી છે. સાથે ગુજરાતના બે દલિત પરિવારોને પણ અસ્પૃશ્યતાને કારણ કેવી વેદના વેઠવી પડેલી એનું વેધક બયાન છે. ઉર્વીશ કોઠારીએ આરંભમાં યોગ્ય જ નોંધ્યું છે કે, 'આ સંચયનો આશય ડૉ. આંબેડકરના શબ્દોમાં તેમના જીવનનો બને એટલો નિકટ પરિચય આપવાનો અને એ રીતે અત્યારસુધી બે પૂંઠા વચ્ચે ભાગ્યે જ વાંચવા મળી હોય એવી વાચનસામગ્રી પૂરી પાડવાનો છે. એવી સામગ્રી, જે તમામ ગુજરાતીઓને ગૌરવના સમૂહગાનથી જરા છેટા લઇ જઇને, વાસ્તવનો સાદ સાંભળવા અને વિચારવા પ્રેરે. અલબત્ત, બન્ને અનુવાદકો પ્રસ્તુત સંચયના હેતુને સાર્થક કરવામાં સફળ રહ્યાં છે.

ડૉ. બી. આર.આંબેડકરના આ આત્મકથાત્મક લખાણોના સંચયમાં એમણે કરેલા સંઘર્ષની સચ્ચાઇ, જીવનપર્યંતની સમાનતા, ન્યાય અને બંધુતા માટેની સાચી લડાઇનો વાસ્તવિક ચિતાર જોવા મળે છે.

---

'શબ્દસૃષ્ટિ' માર્ચ-૨૦૧૧માં પ્રકાશિત લેખ.

**પરિશિષ્ટ**



# ડૉ. બાબાસાહેબ આંબેડકરની જીવન તવારીખ

૧૮૪૮ : રામજી માલોજી સકપાલ (ડૉ. આંબેડકરના પિતા)નો જન્મ થયો.

૧૮૪૯ : મુંબઈ એલિફન્સ્ટન કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સ્થાપેલી સ્ટુન્ડટ્સ ઍન્ડ સાઈન્ટિફિક સોસાયટી નામની સંસ્થાએ મુંબઈમાં આઠ કન્યા વિદ્યાલયોની શરૂઆત કરી. મુંબઈની પ્રથમ કન્યા પાઠશાળા ૧૮૨૪માં મિશનરીઓએ શરૂ કરી હતી.

૧૮૫૧ : કાવસજી દાવરે પ્રથમ કાપડની મિલ શરૂ કરી. અસ્પૃશ્યોને વણાટ વિભાગમાં નોકરી આપવામાં નહોતી આવતી.

મહાત્મા જોતીબા ફૂલે (૧૮૨૭-૧૮૯૦) એ કન્યાઓ માટે પૂણેમાં બે પાઠશાળા સ્થાપી.

૧૮૫૨ : મહાત્મા જોતીબા ફૂલેએ પૂણેમાં અસ્પૃશ્ય બાળકો માટે પ્રથમ પાઠશાળા શરૂ કરી.

૧૮૫૪ : ભીમાબાઈ ધર્માજી પુરબાડકર (ડૉ. આંબેડકરના માતા)નો જન્મ થયો.

૧૮૬૭ : રામજી માલોજી સકપાલના લગ્ન સૂબેદાર મેજર પુરબાડકરની દીકરી ભીમાબાઈ સાથે થયા.

૧૮૬૮ : મહાત્મા ફૂલેએ પોતાનો ઘરનો કૂવો અસ્પૃશ્યો માટે ખુલ્લો મૂક્યો.

૧૮૮૨ : મહારાજા સયાજીરાવ ગાયકવાડે (૧૮૬૩-૧૯૩૯) વડોદરામાં અસ્પૃશ્ય સમાજનાં બાળકો માટે શાળા શરૂ કરાવી.

૧૮૯૧ : ૧૪ એપ્રિલના રોજ મધ્યપ્રાંતની મહૂની સૈનિક છાવણીમાં ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ થયો. રામજી સકપાલ અને ભીમાબાઈના તેઓ ચૌદમા સંતાન હતા. તે સમયે સૂબેદાર રામજી મહૂની સૈનિક છાવણી વિદ્યાલયમાં શિક્ષક હતા.

૧૮૯૨ : હિન્દુસ્તાનના સરસેનાપતિ લોર્ડ કિચલરે હુકમ કર્યો કે 'હિન્દુસ્તાની લશ્કરમાં અસ્પૃશ્યોની નવી ભરતી ન કરવી.' ૧૮૯૫થી લશ્કરમાં અસ્પૃશ્યોની નવી ભરતી બંધ થઈ. સૂબેદાર રામજી સકપાળે આ નિર્ણયનો વિરોધ કર્યો.

૧૮૯૪ : સૂબેદાર રામજી સકપાલ ૧૮૯૪માં લશ્કરમાંથી નિવૃત થયા. થોડો સમય દાપોલીમાં રહ્યા પછી તેઓ સપરિવાર સતારા ગયા.ઘરખર્ચ ચલાવવા સુબેદારે સતારા જિલ્લાના ગોરેગાંવ સ્થિત પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટમાં અરજી કરી સ્ટોરકીપરની નોકરી મેળવી. ભીમરાવનું નામ સતારાની પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવ્યું.

૧૮૯૬ : ભિકૂ-ધોત્રે વણંદકરની દીકરી રામીબાઈનો જન્મ થયો. પછીથી ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે તેનાં લગ્ન થયાં. ભિમાબાઈનું સતારામાં અવસાન થયું.

૧૮૯૮ : સુબેદાર રામજી સકપારે જિજાબાઈ સાથે બીજાં લગ્ન કર્યાં.

૧૯૦૦ : સરકારી હાઈસ્કૂલ સતારા (આજની પ્રતાપસિંહ હાઇસ્કુલ) અંગ્રેજી પહેલા ધોરણમાં ભીમરાવનો પ્રવેશ થયો (૭ નવેમ્બર) કૃષ્ણાજી કેશવ આંબેડકર નામના શાળાના શિક્ષકે ભીમરાવની 'આંબાવડેકર' અટક બદલાવી પોતાની અટક 'આંબેડકર' આપી.

૧૯૦૪ : સુબેદાર રામજી સકપાલ પોતાના પરિવાર સાથે સતારાથી મુંબઈ આવ્યા. મુંબઈની ડબક ચાલ (એલિફન્સ્ટન રોડ)માં રહેવા લાગ્યા. ભીમરાવને મરાઠા હાઈસ્કૂલમાં દાખલ કર્યા. ત્યારબાદ ભીમરાવ એલિફન્સ્ટન હાઇસ્કૂલમાં ભણ્યા.

૧૯૦૭ : ભીમરાવ મૅટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. મેટ્રિક થનાર તેઓ પ્રથમ અસ્પૃશ્ય હતા. તેમનું સન્માન કરવા એક નાનકડી સભાનું આયોજન થયું. તે સમયે કૃષ્ણજી કેળુસ્કર (૧૮૬૦-૧૯૩૪) ઉર્ફે દાદાએ પોતાનું પુસ્તક ભગવાન બુદ્ધાચે ચરિત્ર ભીમરાવને ભેટ આપ્યું. રાયબહાદુર સીતારામ કેશવ બોલે(૧૮૬૯-૧૯૬૧) આ સભાના અધ્યક્ષ હતા. મુંબઈમાં ભીમરાવ આંબેડકરનાં રમીબાઈ સાથે લગ્ન થયાં. લગ્ન પછી તેમનું રમાબાઈ નામ રાખવામાં આવ્યું.

૧૯૦૮ : ભીમરાવ એલિફન્સ્ટન કોલેજમાં પ્રિવિયસ વર્ગમાં પ્રવેશ મેળવ્યો. (એમાં આંબેડકરનું નામ'ભીવા' લખાયેલ છે.)

૧૯૧૧ : મહારાજા સયાજીરાવ ગાયકવાડ મુંબઈ આવ્યા ત્યારે કૃષ્ણાજી અર્જુન કેળુસ્કર અને 'નિર્ણય સાગર' પ્રેસના માલિક શેઠ દામોદર સાવલારામ યદેએ તેમની સાથે ભીમરાવની મુલાકાત ગોઠવી આપી. ભીમરાવના કોલેજ શિક્ષણ માટે મહારાજાએ માસિક રૂ ૨૫ આપવાનું વચન આપ્યું.

૧૯૧૨ : ૧૨ ડિસેમ્બરે ભીમરાવના મોટા પુત્ર યશવંતનો જન્મ.

૧૯૧૩ : ડૉ. આંબેડકર મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ.ની પરીક્ષા પાસ કરી. ડૉ. આંબેડકર વડોદરા રાજ્યના એકાઉન્ટ જનરલના કાર્યાલયમાં નોકરીએ જોડાયા. (૧૫ જાન્યુઆરી). ૧ ફેબ્રુઆરીએ પિતાની માંદગીના સમાચારનો તાર મળતા તેઓ (૧ ફેબ્રુઆરી) મુંબઈ પાછા ફર્યા.

સુબેદાર રામજી સકપાલનું નિધન થયું (૨ ફેબ્રુઆરી).

ડૉ. આંબેડકરને ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા જવા વડોદરાના મહારાજાએ વાર્ષિક ૨૩૦ પાઉન્ડની શિષ્યવૃત્તિ મંજૂર કરી. આ શિષ્યવૃત્તિ ૧૫ જૂન ૧૯૧૪ થી ૧૪ જૂન ૧૯૧૬ એમ બે વર્ષ માટે આપી હતી. શિક્ષણ પૂરું થયા પછી વડોદરા રાજ્યમાં ૧૦ વરસ સુધી નોકરી કરવાનો કરાર.

ડો.આંબેડકર ન્યૂયોર્કની કોલમ્બિયા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો.

૧૯૧૪ : કોલંબિયા યુનિવર્સિટીમાં ડૉ. આંબેડકરની લાલા લજપતરાય સાથે (૧૮૬૫-૧૯૨૮) મુલાકાત. મે મહિનામાં ડૉ. આંબેડકર અમેરિકાથી લંડન ગયા. લન્ડન સ્કૂલઑફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટીકલ સાયન્સમાં માસ્ટર ઓફ સાયન્સ (ઇકોનોમિક્સ) અને ડૉક્ટર ઓફ સાયન્સ (ઇકોનોમિક્સ) માટે પ્રવેશ લીધો (ઓક્ટોબર). સાથે સાથ તેમણે બેરિસ્ટર ઈન લો માટે 'ગ્રેઝ ઈન'માં પ્રવેશ મેળવ્યો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે પીએચ.ડી. માટે રજુ કરેલ ધ નેશનલ ડિવિડન્ડ ઓફ ઇન્ડિયા: એ હિસ્ટોરિકલ એન્ડ એનાલિટિકલ સ્ટડી' નામના શોધ નિબંધનો કોલંબિયા યુનિવર્સિટીએ સ્વીકાર કર્યો.

૧૯૧૭ : વડોદરા સરકારે આપેલી શિષ્યવૃત્તિ પૂરી થતાં અભ્યાસ પૂરો ન થયો હોવા છતાં ડૉ.બાબાસાહેબ આંબેડકરે ભારત પાછા આવવું પડ્યું.

૩૧ ઓગસ્ટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત કરી. તેમણે એકાઉન્ટન્ટ જનરલના કાર્યાલયમાં નોકરી આપવામાં આવી, પરંતુ અસ્પૃશ્યતાના દાહક અનુભવોને કારણે ડૉ.આંબેડકર નોકરી છોડી મુંબઈ પાછા ફર્યા. નવેમ્બરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના સાવકી માતા જીજાબાઇનું મુંબઈમાં અવસાન થયું.

૧૯૧૮ : ૧૦ નવેમ્બર ડૉક્ટર આંબેડકર સિડનહામ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે નિયુક્ત થયા. માર્ચ ૧૯૨૦માં તેમણે રાજીનામું આપ્યું.

૧૯૧૯ : ૨૭ જાન્યુઆરીએ ડૉ. આંબેડકર અને વિઠ્ઠલ રામજી શિંદે સાઉથબરો સમિતિ સમક્ષ જુબાની આપવા હાજર થયા.

૧૯૨૦ : કોલ્હાપુરના દત્તોબા પવાર તથા કલાકાર દત્તોબા દળવી મારફત ડૉ. આંબેડકરનો છત્રપતિ શાહુ મહારાજ સાથે અંગત પરિચય

થયો. અસ્પૃશ્યોમાં જાગૃતિ ફેલાવવા ડૉ.આંબેડકર દ્વારા પાક્ષિકની શરૂઆત કરવામાં આર્થિક સહાય કરવા વિનંતી કરવામાં આવી. આ કાર્ય માટે શાહુ મહારાજે અઢી હજાર રૂપિયાની સહાયતા કરી.

૩૧ જાન્યુઆરી એ ડૉ. આંબેડકરે 'મૂકનાયક' પાક્ષિક શરૂ કર્યું.

કોલ્હાપુર રાજ્યના માણગાંવમાં ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં અસ્પૃશ્યોની પ્રથમ પરિષદ શાહુ મહારાજની હાજરીમાં યોજાઇ. (૨૧-૨૨ માર્ચ)

નાગપુરમાં શાહુ મહારાજની અધ્યક્ષતામાં ૩૦ મે તથા ૧ જૂને અખિલ ભારતીય બહિષ્કૃત પરિષદનું આયોજન થયું. આ પરિષદમાં ડૉ. આંબેડકર તથા વિઠ્ઠલ રામજી શિંદે વચ્ચેના મતભેદ સપાટી પર આવ્યા .

૫ જુલાઇના રોજ પોતાનું અધૂરું ભણતર પુરું કરવા ડૉ. આંબેડકર લંડન જવા રવાના થયા.

૩૦ સપ્ટેમ્બરે ડૉ. આંબેડકર લંડનની સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સતથા ગ્રેઈઝ ઈન માં ફરી પ્રવેશ મેળવ્યો.

૨૮ જૂને લંડનની ગ્રેઈઝ ઈન સંસ્થાએ ડૉ. આંબેડકરને બાર-એટ-લોની ડીગ્રી આપી. આંબેડકરે લંડન યુનિવર્સિટીમાં ડૉ.ક્ટર ઓફ સાયન્સની ડિગ્રી માટે ધ પ્રોબ્લેમ ઑફ ધ રૂપી શીર્ષક હેઠળ શોધનિબંધ રજૂ કર્યો.

અસ્પૃશ્યો માટે મહારાષ્ટ્રમાં પ્રથમ છાત્રાલયની શરૂઆત થઈ.

૧૯૨૩ : ૧૪ એપ્રિલે ડૉ.આંબેડકર ભારત પાછા ફર્યા.

૨૫ જૂને ડૉ. આંબેડકરે વકીલની સનદ મેળવવા માટે મુંબઈ હાઈકોર્ટને અરજી કરી.

૫ જુલાઈએ ડૉ. આંબેડકરે મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. 'ધ પ્રોબ્લેમ ઑફ ધ રૂપી' નામના પોતાના સંશોધન નિબંધમાં સુધારો કરીને ડૉ. આંબેડકરે તેને ફરી લંડન યુનિવર્સિટીમાં

મોકલાવ્યો. નવેમ્બરમાં ડૉ. આંબેડકરને લંડન યુનિવર્સિટીમાંથી ડી.એસસી.ની ડિગ્રી મળી.

લંડનના પી.એસ. કિંગ પ્રકાશને ડૉ. આંબેડકરના સંશોધનાત્મક નિબંધ 'ધ પ્રોબ્લેમ ઑફ ધ રૂપી' પુસ્તકરૂપે પ્રગટ કર્યો.

૧૯૨૪ : ૯ માર્ચ ડૉ. આંબેડકરની આગેવાનીમાં અસ્પૃશ્ય વર્ગના સામાજિક-રાજકીય મુશ્કેલીઓ સરકાર સામે રજુ કરવા મધ્યવર્તી મંડળ બાબત વિચાર કરવામાં આવ્યો.

પ્રથમ મંદિર પ્રવેશ સત્યાગ્રહ ત્રાવણકોર રાજ્યમાં વાયકોમમાં ટી. કે. માધવન, કે. કેલપ્પન તથા કે. પી. કેશવ મેનની આગેવાની હેઠળ થયો.

૨૦ જુલાઇએ બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના થઈ. આ સભાના અધ્યક્ષ સર ચીમનલાલ હરિલાલ સેતલવાડ હતા. કાર્યકારી અધ્યક્ષ ડૉ. આંબેડકર હતા અને કાર્યવાહકની જવાબદારી સીતારામ નામદેવ શિવતરકરે સંભાળી.

૧૯૨૬ : અસ્પૃશ્યો માટે પુણે નજીક જેજૂરીમાં વસાહત સ્થાપવા જમીન આપવાની માંગણી એપ્રિલમાં ડૉ. આંબેડકરે જેજુરીની એક સભામાં કરી.

બાગડે, જેધે, જવળકર આ ત્રણ નેતાઓ વિરુદ્ધ દેશના દુશ્મન પુસ્તક સંદર્ભે કેસ. આની વિરુદ્ધ અપીલમાં ડૉ. આંબેડકરે વકીલાતનામું દાખલ કર્યું અને આ કેસ ડૉ. આંબેડકર જીતી ગયા.

ડૉ. આંબેડકર ડૉ. પી. જી. સોલંકી મુંબઈથી વિધિમંડળમાં સભ્યરૂપે સરકાર દ્વારા નિયુક્ત થયા.

૧૯૨૭ : ડૉ. આંબેડકર સભ્ય તરીકે મુંબઈ વિધિમંડળના ૧૮ ફેબ્રુઆરીએ સોગંદ લીધા.

અસ્પૃશ્ય વર્ગના હકો અંગે થયેલા વિચારવિનિમયને આખરી રૂપ આપવાના હેતુથી ૧૯-૨૦ માર્ચે મહાડ ખાતે કુલાબા જિલ્લા

બહિષ્કૃત પરિષદનું આયોજન કર્યું. ૨૦ માર્ચે ચવદાર તળાવનું પાણી પીને ચવદાર તળાવ પરિષદની પૂર્ણાહુતિ કરી.

૩ એપ્રિલે ડૉ. આંબેડકરે સંપાદક તરીકે ચળવળના મુખપત્રરૂપે 'બહિષ્કૃત ભારત' પાક્ષિક શરૂ કર્યું. 'બહિષ્કૃત ભારત'ના બીજા, ત્રીજા અને ચોથા અંકમાં મહાડ ધર્મસંગ્રામ વિશે ત્રણ લેખ પ્રગટ કર્યા.

૪ સપ્ટેમ્બરે પોતાની અધ્યક્ષતામાં ડૉ. આંબેડકર મુંબઈમાં સમાજ સમતા સંઘની સ્થાપના કરી.

૧૩ નવેમ્બરે અમરાવતીના અંબાદેવી મંદિરપ્રવેશના સત્યાગ્રહ વિશે ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં પરિષદ યોજાઈ. આ પરિષદમાં ડૉ. પંજાબરાવ દેશમુખે (૧૮૧૮-૧૯૬૫) સક્રિય ભાગ લીધો.

૨૫-૨૬ ડિસેમ્બરે ડૉ. આંબેડકરે મહાડના ચવદાર તળાવે સત્યાગ્રહ પરિષદ યોજી. તે પરિષદમાં ડૉ. આંબેડકરના નેતૃત્વમાં મનુસ્મૃતિની હોળી કરવામાં આવી.

૧૯૨૮ : ડૉ. આંબેડકરે અસ્પૃશ્યો માટે અન્યાય એવા 'મહાન વતન કાયદો'માં સુધારા કરનારા સૂચનો મુંબઈ વિધિમંડળમાં રજૂ કર્યા.

રાજકીય સુધારાઓ નિરીક્ષણ કરી તેમાં વધુ સુધારા કરવાનો અંગ્રેજ સરકારે નિર્ણય કર્યો. ૧૯૨૭માં સાઈમન કમિશન નીમવામાં આવ્યું. આ કમિશનને સહકાર આપવા કેન્દ્ર સરકારે અખિલ ભારતીય સમિતિ બનાવી. એ ઉપરાંત દરેક પ્રાંતીય વિધિમંડળે પણ પોતપોતાની સમિતિ નીમી. મુંબઈ સમિતિમાં ડૉ.આંબેડકરને નિમ્યા. ૨૩ ઓક્ટોબર ૧૯૨૮ના રોજ પુણેમાં રજુ કરેલ પોતાના નિવેદનમાં ડૉ. આંબેડકરે સંયુક્ત મતદાર સંઘ તથા અસ્પૃશ્ય માટે અનામતની માગણી કરી.

બહિષ્કૃત હિતકારિણી સભાનું વિસર્જન કરી ડૉ. આંબેડકરે ભારતીય સમાજ શિક્ષક પ્રસારક મંડળ અને ભારતીય બહિષ્કૃત

સમાજ સેવા સમિતિ એવી બે સંસ્થાની સ્થાપના કરી. ડૉ. આંબેડકરની શાસકીય કાનૂન કોલેજ (ગર્વમેન્ટ લો કૉલેજ)માં પ્રાધ્યાપક તરીકે નિમણૂક થઈ. આ પદપર તેઓ માર્ચ ૧૯૨૯ સુધી રહ્યા.

૨૯ જૂને ડૉ. આંબેડકરના માર્ગદર્શન હેઠળ 'સમતા' પાક્ષિકની શરૂઆત થઈ. દેવરાવ વિષ્ણુ નાઈક સંપાદક હતા.

૧૯૨૯ : ૧૫ માર્ચે 'સમતા' સામાયિકનો છેલ્લો અંક પ્રસિદ્ધ થયો.

૨૯ મે એ ડૉ. આંબેડકરે જળગાવ- જળોદમાં થયેલ વરાડ તથા મધ્ય પ્રાંતના અસ્પૃશ્યોની પરિષદમાં અધ્યક્ષકીય વક્તવ્ય આપ્યું.

મધ્ય પ્રાંત અને વરાડ પ્રાંતના દલિત વર્ગોએ ૨૯-૩૦ મે ના રોજ ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં અકોલા જિલ્લાના પાતુડામાં પરિષદનું આયોજન કર્યું. આ પરિષદમાં ધર્માંતરણ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

૧૩ ઓક્ટોબરે પૂણેમાં પાર્વતી મંદિર પ્રવેશનો સત્યાગ્રહ શરૂ થયો. પાર્વતી મંદિર સત્યાગ્રહ સમિતિના અધ્યક્ષ શિવરામ જાનમાં કાંબલે અને કાર્યવાહક પાં.ના. રાજભોજ હતા.

૧૫ નવેમ્બરે ‘બહિષ્કૃત ભારત’નો અંતિમ અંક પ્રસિદ્ધ થયો.

૩ માર્ચે ડૉ. આંબેડકરની આગેવાની હેઠળ નાસિકના કાલારામ મંદિર સત્યાગ્રહની દાદા સાહેબ ગાયકવાડના નેતૃત્વમાં શરૂઆત થઈ.

૮-૯ ઑગસ્ટે અખિલ ભારતીય કોંગ્રેસ પરિષદનું પહેલું અધિવેશન કામઠી (નાગપુર)માં યોજાયું. આ પરિષદમાં જાતિભેદ, ગરીબી તથા અસહકાર આંદોલન વિશે વિવરણ કરીને ડૉ. આંબેડકરે માંગણી રજૂ કરી (૧) દેશના દરેક વિધિમંડળમાં અસ્પૃશ્યોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે. (૨) સાર્વજનિક સરકારી નોકરીમાં અસ્પૃશ્ય અને પૂરતા પ્રમાણમાં અનામત મળે.

લંડનમાં પહેલી ગોળમેજી પરિષદમાં અસ્પૃશ્યોના પ્રતિનિધિ તરીકે ડૉ. આંબેડકર ભાગ લેવા જવા રવાના થયા (ઓક્ટોબર ૪).

૧૨ નવેમ્બરે ગોળમેજી પરિષદનું ઉદ્‌ઘઘાટન રાજા જ્યોર્જ પંચમના હાથે થયું.

ડૉ. આંબેડકરે પરિષદમાં અસ્પૃશ્યો માટે રાજકીય અધિકારોની માંગણી કરી.

૨૪ નવેમ્બર ડૉ. આંબેડકરના પાક્ષિક 'જનતા'નો પ્રથમ અંક પ્રકાશિત થયો. તેના સંપાદક એક બ્રાહ્મણ દેવરાજ વિષ્ણુ નાઈક હતા.

ડિસેમ્બરમાં લંડનમાં ડૉ.આંબેડકરે અસ્પૃશ્યોના મૂળભૂત અધિકારોની માગણી કરતું એક જાહેરનામું પ્રકાશિત કર્યું.

૧૯૩૧ : ૧૪ ઑગસ્ટ મુંબઈના મણિભવનમાં ગાંધીજી અને ડૉ. આંબેડકર વચ્ચે પ્રથમ મુલાકાત થઈ.

૭ સપ્ટેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન લંડનમાં બીજી ગોળમેજી પરિષદ વખતે ડૉ. આંબેડકર સાથે ગાંધીજી પણ હતા. આ પરિષદમાં અસ્પૃશ્યોને અલગ મતદાર સંઘ આપવા મુદ્દે ડૉ. આંબેડકર હતા ગાંધીજી વચ્ચે તીવ્ર મતભેદો ઊભા થયા.

૧૯૩૨ : ૨૯ જાન્યુઆરીએ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લઈ ડૉ. આંબેડકર ભારત પાછા ફર્યા. ૩૧ જાન્યુઆરીએ લોથિયન કમિટીમાં ભાગ લેવા ડૉ. આંબેડકર દિલ્હી રવાના થયા.

૧૭ ઓગસ્ટે બ્રિટનના પ્રધાનમંત્રીએ અલ્પસંખ્યકોના પ્રશ્ન પર પોતાનો નિર્ણય જાહેર કર્યો. આ નિર્ણયમાં અસ્પૃશ્ય વર્ગના અનામત જગ્યાઓ આપીને તેમના પ્રતિનિધિઓને ચૂંટી કાઢવાનો અધિકાર પણ આપ્યો. એ જ પ્રમાણે સ્પૃશ્ય હિન્દુઓના પ્રતિનિધિઓની ચૂંટણીમાં પણ મતદાનનો અધિકાર આપ્યો. આની વિરોધમાં ગાંધીજીએ યરવડા જેલમાં આમરત ઉપવાસની જાહેરાત કરી.(૨૦ સપ્ટેમ્બર)

૨૪ સપ્ટેમ્બરે ડૉ. આંબેડકર તથા કોંગ્રેસી નેતાઓ વચ્ચે પૂણેમાં સમજૂતી થઈ. તે મુજબ વિધિમંડળને ૧૪૮ જગ્યાઓ અસ્પૃશ્યો માટે અનામત રાખવા અને સ્પૃશ્ય હિન્દુઓની જગ્યાઓમાંથી ૧૦ ટકા જગ્યા અસ્પૃશ્ય વર્ગનો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. ૨૭ સપ્ટેમ્બરે બ્રિટિશ સંસદની મંજૂરી પછી ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

૭ નવેમ્બરે ત્રીજી ગોળમેજી પરિષદમાં જવા ડૉ. આંબેડકર રવાના થયા ૧૯૩૩ના જાન્યુઆરીમાં તેઓ પાછા આવ્યા.

ડૉ. આંબેડકર મુંબઈ યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના સભ્ય થયા.૧૯૩૯ સુધી તેમણે આ જવાબદારી નિભાવી.

૨૭ મે ના રોજ ડૉ. આંબેડકરના પત્ની રમાબાઈનું અવસાન.

મુંબઈના શાસકીય વિધિ મહાવિદ્યાલયના આચાર્યપદે ડૉ. આંબેડકરની નિમણૂક થઈ. આ પદ પર તેઓ ૧૯૩૮ સુધી રહ્યા.

૧૩ ઓક્ટોબરે નાસિક જિલ્લાના યેવાલામાં અસ્પૃશ્ય પરિષદનું આયોજન થયું. આ પરિષદમાં ડૉ. આંબેડકરે કહ્યું: 'ભલે હું હિન્દુ તરીકે જન્મ્યો, પણ હિન્દુ તરીકે મરીશ નહીં.'

૧૯૩૬ : ૧૧-૧૨ જાન્યુઆરીએ પુણેના અહિલ્યાશ્રમમાં ધર્માંતરણ પ્રશ્ન પર નિર્ણય લેવા એક પરિષદનું આયોજન થયું. અધ્યક્ષ સ્થાને એન. શિવરાજ હતા આમાં ડૉ. આંબેડકર ધર્માંતરની ભૂમિકાની સ્પષ્ટતા કરી.

૨૫ મે ના રોજ 'અનિહિલેશન ઑફ કાસ્ટ' પુસ્તક પ્રગટ થયું. જાત-પાત તોડક મંડળ લાહોરના અધિવેશનમાં રજૂ કરવા માટે આ પ્રવચન લખ્યું હતું. પણ તે આપી શકાયું ન હતું.

૧૫ ઓગસ્ટે ડૉ. આંબેડકરે પોતાના ૧૬ કાર્યકર્તાઓને શીખ ધર્મનો અભ્યાસ કરવા માટે શંકરરાવ નારણદાસ બર્વેની

અધ્યક્ષતામાં અમૃતસર મોકલ્યા.

૧૯૩૭ : મુંબઈ રાજ્યની સામાન્ય ચૂંટણીમાં ડૉક્ટર આંબેડકરની સ્વતંત્ર મજદૂર પાર્ટીના ૧૪ ઉમેદવાર જીતી ગયા.

મુંબઈ વિધિમંડળના કોંગ્રેસના આગેવાન નેતા બાળ ગંગાધર ખેર મુખ્યમંત્રી બન્યા. ડૉ. આંબેડકર વિરોધ પક્ષમાં હતા.

૧૭ માર્ચે મહાડના ચવદાર તળાવ અંગેના મુકદમામાં મુંબઈ ઉચ્ચ ન્યાયાલય અસ્પૃશ્યોના પક્ષે નિર્ણય આપ્યો.

૧૭ સપ્ટેમ્બર ડૉ. આંબેડકરે મુંબઈ વિધિમંડળના મહાર વતનવાડી તથા ખોતી-પ્રથા રદ કરવાનું સૂચન કરતો ઠરાવ રજૂ કર્યો.

મુંબઈના નેઈબરહૂડ હાઉસમાં સ્વતંત્ર મજદૂર પાર્ટીની વાર્ષિક સભા યોજાઇ. સભામાં સભ્ય તરીકે પસંદ થયા ત્યાર બાદ અધ્યક્ષ તરીકે નિમાયા.

૧૯૩૮ : ૧૦ જાન્યુઆરીએ ડૉ. આંબેડકરના નેતૃત્વમાં ખેડૂતોનો વિશાળ મોરચો સચિવાલય ગયો. શામરાવ પરુળેકર તથા દ. વિ. પ્રધાને મુખ્યમંત્રીની મુલાકાત લીધી.

સ્વતંત્ર મજદૂર પાર્ટી તથા મિલ કામદાર યુનિયને ૭ નવેમ્બરે એક દિવસની હડતાલ પાડી મજૂર નેતા તરીકે ડૉ. આંબેડકર પ્રકાશમાં આવ્યા.

૧૯૩૯ : ઑગસ્ટમાં ડૉ. આંબેડકરે મહાર વતન પર કર લાદવાના વિરોધમાં લડત શરૂ કરી.

ઑક્ટોબરમાં ડૉ. આંબેડકર તથા પંડિત નેહરુ (૧૮૮૯-૧૯૬૪) ની પ્રથમ મુલાકાત થઈ.

૧૯૪૦ : ૨૨ જુલાઈ મુંબઈમાં ડૉ. આંબેડકર તથા સુભાષચંદ્ર બોઝ (૧૮૯૭-૧૯૪૫) ની મુલાકાત થઈ.

૨૭ ડિસેમ્બરે ડૉ. આંબેડકરનું પુસ્તક 'થોટ્સ ઓન પાકિસ્તાન' પ્રકાશિત થયું.

૧૯૪૧ : ૨૫ મે ડૉ. આંબેડકરે મુંબઈના ખારમાં મહાર જ્ઞાતિ પંચાયતની સ્થાપના કરી.

૧૯૪૨ : ભારતના વાઈસરોયના કાર્યકારી મંડળમાં ડૉ. આંબેડકર નો ૨ જુલાઈએ સમાવેશ કરવામાં આવ્યો. પહેલી જ વાર એક અસ્પૃશ્યને કેન્દ્રીય મંત્રીમંડળમાં મંત્રીનું પદ મળ્યું.

૧૮-૨૦ જુલાઈએ નાગપુરમાં 'અખિલ ભારતીય દલિત વર્ગ પરિષદ'નું આયોજન થયું. આ પરિષદમાં 'અખિલ ભારતીય કાસ્ટ્સ ફેડરેશન'ની સ્થાપનાનો ઠરાવ રજૂ કર્યો આ પરિષદના મંડપમાં અસ્પૃશ્ય મહિલાઓની પરિષદ તથા સમતા સૈનિક દળની પરિષદ યોજાઈ.

૨૧ જુલાઈએ ડૉ. આંબેડકરે ભારતના શ્રમમંત્રી તરીકેના કામકાજની શરૂઆત કરી.

૧૯૪૩ : ૧૮ જાન્યુઆરીએ પૂણેની ગોખલે ઇન્સ્ટિટ્યૂટ્સમાં ડૉ. આંબેડકરે વક્તવ્ય આપ્યું. પૂણેનું આ ભાષણ પછીથી 'રાનડે, ગાંધી ઔર ઝીણા' શીર્ષક સાથે પુસ્તકરૂપે પ્રગટ થયું.

૬-૭ સપ્ટેમ્બરે દિલ્હીમાં શ્રમમંત્રી ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં ત્રિપક્ષીય મજૂર પરિષદનું બીજું અધિવેશન ભરાયું. પોતાના વક્તવ્યમાં તેમણે અન્ન, વસ્તુ,  નિવાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના સાધનો અંગેની માંગણીઓ રજૂ કરી.

૮ નવેમ્બરે ડૉ. આંબેડકરે શ્રમમંત્રીની હેસિયતથી સંસદમાં ઇન્ડિયન ટ્રેડ યુનિયન એક્ટમાં પરિવર્તનના સૂચવતો ઠરાવ રજૂ કર્યો. એ ઠરાવ અનુસાર મજૂર સંગઠનોને માન્યતા આપવાનું ફરજિયાત બનાવ્યું.

૧૯૪૪ : ૩૦ જુલાઈએ પૂણેના અહીંયા અહિલ્યાશ્રમમાં ડૉ. આંબેડકર સ્કૂલ ઓફ પોલીટીકસ નામની સંસ્થાની સ્થાપના થઈ.

૧૯૪૫ : શ્રમમંત્રી ડૉ. આંબેડકરે બિહારમાં કોલસાની ખાણો તથા મજૂરોની વસાહતોની મુલાકાત લીધી.

જૂન મહિનામાં ડૉ. આંબેડકરના પુસ્તક 'વ્હોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટુ ધ અનટચેબલ્સ'નું પ્રકાશન થયું.

૮ જુલાઇએ ડૉ. આંબેડકરે મુંબઈમાં પિપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. ૨૯ જુલાઈએ શીડ્યુલ કાસ્ટ્સ ઇમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટની સ્થાપના કરી.

૧૯૪૬ : ૮ મેના રોજ ડૉ. આંબેડકરે કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાજીનામું આપ્યું.

૨૦ જૂને પિપલ્સ એજ્યુકેશન સોસાયટી મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની સ્થાપના કરી.

૧૯ જુલાઈએ ડૉ. આંબેડકર બંગાળ વિધાનસભામાંથી બંધારણ સમિતિમાં ચૂંટાયા.

૧૩ ઓક્ટોબરે મહાત્મા ફૂલેને અર્પણ કરેલ પુસ્તક 'હું વેર શુદ્રાઝ'નું પ્રકાશન થયું.

૪ નવેમ્બર ડૉ. આંબેડકરે વિન્સ્ટન ચર્ચિલની ઇંગ્લેન્ડના તેમના ઘરે મુલાકાત લીધી સાથે સાથે વડાપ્રધાન ક્લેમંટ એટલીની પણ મુલાકાત લીધી.

૫ નવેમ્બર ડૉ. આંબેડકર બ્રિટનની પાર્લામેન્ટમાં હાઉસ ઑફ કોમન્સની કન્ઝરવેટિવ ઇન્ડિયન કમિટી સમક્ષ વક્તવ્ય આપ્યું,

પુણે કરાર રદ કરીને બ્રિટિશ સરકારનો જાતિય મુસદ્દો અમલમાં મૂકવાની માગણી કરી.

૧૯૪૭ : ૨૯ એપ્રિલે બંધારણની અસ્પૃશ્યતા નિવારણની કલમ-૧૭ને સ્વીકૃતિ મળી. બંધારણ સમિતિએ જાહેર કર્યું કે અસ્પૃશ્યતા ખતમ કરવામાં આવી છે એટલે કોઇપણ રૂપે અસ્પૃશ્યતા પાળવામાં આવશે તો એ ગુનો ગણાશે.

બંધારણ સમિતિએ અશોકચક્ર અંકિત તિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ તરીકે સ્વીકાર્યો. ડૉ. આંબેડકર ધ્વજ સમિતિના સભ્ય હતા (૨૨ જુલાઈ)

૨૩ જુલાઈએ ડૉ. જયકરે બંધારણ સમિતિના સભ્ય પદેથી રાજીનામું આપતાં ખાલી થયેલ જગ્યાએ મુંબઈ વિધિમંડળ તરફથી ડૉ. આંબેડકરને ચૂંટી કઢાયા.

૩ ઑગસ્ટે સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદામંત્રી પદ માટે ડૉ. આંબેડકરના નામની જાહેરાત થઈ.

૧૫ ઑગસ્ટે ભારત સ્વતંત્ર થયું. ૨૯ ઓગસ્ટ બંધારણ સમિતિએ ખરડા સમિતિની રચના કરી પહેલી બેઠકમાં એક મતે ડૉ. આંબેડકરને ખરડા સમિતિના અધ્યક્ષ બનાવાયા. (૩૦ ઓગસ્ટ)

૧૯૪૮ : ૧૫ એપ્રિલે ડૉ. આંબેડકરે દિલ્હીમાં રજીસ્ટર પદ્ધતિથી ડૉ. શારદા કબીર (૧૯૧૩-૨૦૦૩) સાથે લગ્ન કર્યા લગ્ન પછી તેમનું નામ સવિતા રાખ્યું.

ઓક્ટોબરમાં ડૉ. આંબેડકરનું પુસ્તક 'ધ અનટચેબલ્સ' પ્રકાશિત થયું.

૪ નવેમ્બર ડૉ. આંબેડકર બંધારણનો ખરડો બંધારણ સમિતિ સમક્ષ વિચારવિનિમય માટે રજુ કર્યો.

૧૯૪૯ : ૭ નવેમ્બરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક શ્રી ગુરુજી (માધવ સદાશિવ ગોલવકર) ડૉ. બાબાસાહેબ આંબેડકર વચ્ચે દિલ્હીમાં મુલાકાત થઇ.

બંધારણ સભામાં ઐતિહાસિક પ્રવચન.

૨૫ નવેમ્બરે ડૉ. આંબેડકરે બંધારણનો અંતિમ ખરડો બંધારણ સમિતિના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદને સોંપ્યો.

૨૬ નવેમ્બરે ભારતના બંધારણને સ્વીકારવામાં આવ્યું.

૧૯૫૦ : ૨૪ જાન્યુઆરીએ રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. ૮ મેના રોજ ડૉ. આંબેડકરે ભારતના પ્રથમ કાયદામંત્રી તરીકે સોગંદ લીધા.

જૂનમાં ઔરંગાબાદમાં પીપલ્સ એજ્યુકેશન સોસાયટીએ મિલિન્દ કોલેજ શરૂ કરી.

૧૯૫૧ : ૫ ફેબ્રુઆરીએ ડૉ. આંબેડકર લોકસભામાં હિન્દુ કોડ બિલ રજુ કર્યું.

૧ સપ્ટેમ્બરે ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ડૉ. આંબેડકરે ઔરંગાબાદની કૉલેજનો શિલાન્યાસ કરાવ્યો.

૨૬ સપ્ટેમ્બરે ડૉ. આંબેડકર રજૂ કરેલ હિન્દુ કોડ બિલનો સંસદે અસ્વીકાર કર્યો.

૨૭ નવેમ્બરે હિન્દુ કોડ બીલના અસ્વીકારના વિરોધમાં ડૉ. આંબેડકરે નેહરુ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું.

૧૯૫૨ : ૫ જાન્યુઆરીએ મુંબઈની લોકસભાની બેઠક પરથી ડૉ. આંબેડકરની હાર થઈ.

૯ માર્ચે ડૉ. આંબેડકરને રાજ્યસભા માટે નિયુક્ત કર્યા.

૫ જૂને કોલંબિયા યુનિવર્સિટીએ ડૉ. આંબેડકરને એલએલ.ડી. ની ડિગ્રી આપી.

૧૯૫૩ : ૧૨ જાન્યુઆરી ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડૉ. આંબેડકરને ડિ.લીટ.ની ડીગ્રી આપી.

જૂનમાં પિપલ્સ એજ્યુકેશન સોસાયટીએ સિદ્ધાર્થ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ ઇકોનોમિક્સ શરૂ કરી.

૧૯૫૪ : મે મહિનામાં ડૉ. આંબેડકરે લોકસભા માટે ભંડારા મત વિસ્તારમાંથી માટે ઉમેદવારી કરી, કોંગ્રેસે તેમને છળકપટથી હરાવ્યા.

મે મહિનામાં ડૉ. આંબેડકરે રંગૂનમાં બુદ્ધ જયંતી મહોત્સવમાં ભાગ લીધો.

ડિસેમ્બરમાં ડૉ. આંબેડકરે રંગૂનમાં ત્રીજી વિશ્વ બૌદ્ધ પરિષદમાં ભાગ લીધો.

૧૯૫૫ : ૪ મે એ ડૉ. આંબેડકરે ધ બુદ્ધિસ્ટ સોસાયટી ઓફ ઇન્ડિયાની સ્થાપના કરી.

ડૉ. આંબેડકરે પોતે લખેલા પુસ્તક 'બુદ્ધ એન્ડ હિઝ ગોસ્પેલ'ની માત્ર ૬૦ નકલ છાપીને પ્રકાશિત કરી.

ડિસેમ્બરમાં ડૉ આંબેડકરનો ગ્રંથ 'ફોટો ઓન લિંગ્વિસ્ટિક સ્ટેટ' પ્રકાશિત થયો

૧૯૫૬ : ૪ ફેબ્રુઆરીથી જનતા અખબાર 'પ્રબુદ્ધ ભારત' નામે પ્રકાશિત થયું.

૧૨ મે ના રોજ ડૉ. આંબેડકરે બી.બી.સી.પરથી 'વ્હાઈ આઈ લાઈક બુદ્ધિઝમ' વિષય પર વક્તવ્ય આપ્યું.

૨૦મેના રોજ ડૉ. આંબેડકરે વોઇસ ઓફ અમેરિકાના આકાશવાણી કેન્દ્રથી ડેમોક્રેસી ઇન્ડિયા વિષય પર વક્તવ્ય આપ્યું.

જૂનમાં પિપલ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા સિદ્ધાર્થ કૉલેજ ઑફ લોની શરૂઆત થઈ.

૧ જુલાઇએ ડૉ. આંબેડકરે મુંબઈમાં ટ્રેનિંગ સ્કૂલ ફોર એન્ટ્રન્સ ટુ પોલિટિક્સની સંસ્થા સ્થાપી.

સપ્ટેમ્બરમાં ડૉ. આંબેડકરે શીડ્યુલ કાસ્ટ્સ ફેડરેશનની સભામાં રિપબ્લીકન પાર્ટી ઑફ ઇન્ડિયા સ્થાપવાની ઈચ્છા પ્રગટ કરી.

૧૪ ઑક્ટોબરે મહાસ્થવીર ચંદ્રમણી પાસેથી ડૉ. આંબેડકર તથા માઈ આંબેડકરે નાગપુરમાં બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી. ત્યારબાદ તેમણે લાખો અનુયાયીઓને બૌદ્ધ ધર્મની દીક્ષા આપી.

૧૫ ઑક્ટોબર 'અમે બૌદ્ધ ધર્મ શું કરવા સ્વીકાર્યો' એ વિષય પર ડૉ. આંબેડકરે નાગપુર દીક્ષાભૂમિ પર આપેલા વક્તવ્યમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી.

૨૦ નવેમ્બરે કાઠમંડુમાં વિશ્વ ધર્મ પરિષદમાં ડૉ. આંબેડકરે બુદ્ધ તથા કાલ માર્ક્સ વિષય પર વક્તવ્ય આપ્યું.

૨ ડિસેમ્બરે દિલ્હીના અશોક વિહારમાં યોજાયેલ કાર્યક્રમમાં તિબેટના ધર્મગુરુ દલાઈ લામાએ ડૉ. આંબેડકરનું સન્માન કર્યું.

૬ ડિસેમ્બરે દિલ્હીસ્થિત ૨૬, અલિપુર રોડના તેમના નિવાસસ્થાને ડૉ. આંબેડકર મહાનિર્વાણ..

૭ ડિસેમ્બર તેમના પાર્થિવ દેહને મુંબઈના લોકોનાં દર્શન માટે રાખવામાં આવ્યો. વિશાળ મહાપરિનિર્વાણ યાત્રા કાઢવામાં આવી. રાજગૃહથી હજારો લોકો જોડાયા. દાદરના દરિયાકાંઠે (અત્યારે ચૈત્યભૂમિ) અંતિમ સંસ્કાર...

૧૪ એપ્રિલ ૧૯૯૦ના દિવસે ભારત સરકાર ડૉક્ટર આંબેડકરને દેશના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી નવાજવામાં તે સમયના રાષ્ટ્રપતિ આર. વેંકટરામન દ્વારા ડૉ. સવિતા-માઈ આંબેડકરે સન્માનનો સ્વીકાર કર્યો.

## ડૉ. રાજેશ મકવાણાનાં પ્રકાશિત પુસ્તકો

૧. 'વિમર્શપથ', ૨૦૦૪.

૨. 'સંવિદ' (સહસંપાદન), ૨૦૦૪.

૩. 'અધીત' ૨૮, (સહસંપાદન), ૨૦૦૪.

૪. 'અધીત' ૨૯ (સહસંપાદન), ૨૦૦૭.

૫. 'લોકવાઙ્મયઃ સ્વરૂપ સંદર્ભ', ૨૦૦૭'
(ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પુરસ્કૃત)

૬. 'અધીત' ૩૦ (સહસંપાદન), ૨૦૦૮.

૭. 'અધીત' ૩૧ (સહસંપાદન), ૨૦૦૯.

૮. 'અધીત' ૩૨ (સહસંપાદન), ૨૦૧૦.

૯. 'પ્રમુખીય પ્રવચનો-૩' (સહસંપાદન) ૨૦૧૦.

૧૦. ગુજરાતી અધ્યાપકોનો માહિતીકોશ (સહસંપાદન)૨૦૧૦.

૧૧. 'અધીત'૩૩ (સહસંપાદન)૨૦૧૧.

૧૨. 'અધીત' ૩૪ (સહસંપાદન) ૨૦૧૨.

૧૩. 'નિસબત' (સહસંપાદન) ૨૦૧૧.

૧૪. 'ગુજરાતી સાહિત્ય સત્ત્વ અને સમૃદ્ધિ', ૨૦૧૨.

૧૫. 'ડૉ. આંબેડકરના અમરસૂત્રો', ૨૦૧૪.

૧૬. 'ઉત્તર ગુજરાતનું સંત-પંથ સાહિત્ય', ૨૦૧૪

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર લોકસાહિત્ય વિભાગનું પ્રથમ પારિતોષિક

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા હરિ આશ્રમ પ્રેરિત શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા શ્રી સર્વોદય આશ્રમ, સણાલી, કરૂણામૂર્તિ ભગવાનમહાવીર ફાઉન્ડેશન લોકસાહિત્ય પારિતોષિક

૧૭. 'લોકરિદ્ધિ', ૨૦૧૭

## બાબાસાહેબના યુગકાર્યને ઉચિત અંજલિ

હાલ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્રમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે કાર્યરત આત્મીય મિત્ર ડૉ. રાજેશ મકવાણાની બે દાયકાની વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને લેખન-સંશોધન-વિવેચનનો હું સાક્ષી છું. ૧૯૯૮માં તેઓ અધ્યાપક તરીકે મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ અને અર્બન બેન્ક સાયન્સ કોલેજમાં જોડાયા ત્યારથી જ તેમણે વ્યાપક સમાજનું ધ્યાન ખેંચ્યું હતું. નેશનલ અને ઈન્ટરનેશનલ પરિસંવાદના સફળ આયોજક રાજેશભાઈએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર) ના અધ્યક્ષ તરીકે આપેલી દીર્ઘકાલીન સેવાઓ નોંધપાત્ર છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એમના પુસ્તકો શ્રેષ્ઠ પુસ્તકો તરીકે પુરસ્કૃત થયાં છે. યુ. જી.સીના મેજર રિચર્સ પ્રોજેક્ટ અંતર્ગત સંશોધક જીવ રાજેશભાઈએ અલ્પ ખેડાયેલા ગુજરાતના અલ્પ વિકસિત લોકસમુદાયના કંઠપરંપરાના સાહિત્ય વિશે કાર્ય કર્યું છે. જે પણ શીઘ્ર પ્રકાશિત થવામાં છે.

ડૉ. રાજેશ મકવાણાના આ અઢારમાં પુસ્તક 'ડૉ. બી. આર. આંબેડકરઃ વિચાર અને વિમર્શ'માં વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા લેખો તેમજ વિવિધ પરિસંવાદમાં પ્રસ્તુત કરેલા વ્યાખ્યાનો સંગ્રહિત છે.

ડૉ. આંબેડકરને એક બહુશ્રુત વાચક, વક્તા, લેખક. પત્રકાર તરીકે આ પુસ્તકમાં લેખકે નિરુપ્યા છે. તેમના દલિત હિત અને રાષ્ટ્રહિતને તપાસવાની સાથે બાબાસાહેબના સામાજિક અને રાજકીય વિમર્શનું અભ્યાસમૂલક મૂલ્યાંકન લેખકે કર્યું છે. ડૉ. આંબેડકરના જીવન સાથે જોડાયેલા ચાર શ્રદ્ધાધામો અને વર્ગવિહીન, વર્ણવિહીન સમાજની સ્થાપના માટે કરેલા સત્યાગ્રહો વિશે પણ વિગતસભર આલેખન છે. ડૉ. આંબેડકરના યુગકાર્યને ઉચિત પરિપેક્ષ્યમાં જોવાનો લેખકનો અભિગમ આવકાર્ય છે.

આ પુસ્તકના લેખો પૂર્વે 'શબ્દસૃષ્ટિ', 'અભિદ્રષ્ટિ', 'હયાતી', 'દલિત અધિકાર', 'સંવેદના સમાજ', 'સંદેશ', 'ફૂલછાબ', 'સમાજમિત્ર', એ સામયિકો-દૈનિકોમાં પ્રકાશિત થયેલા છે. દૂરદર્શન, ગિરનાર પર પ્રસારિત સામાજિક ન્યાય શ્રેણી કાર્યક્રમમાં અને વિષય સંલગ્ન સેમિનારમાં આપેલા વક્તવ્યો પણ અહીં છે.

ડૉ. રાજેશ મકવાણાને પુસ્તક પ્રાગટ્ય નિમિત્તે અભિનંદન અને મારો રાજીપો.

ચંદુ મહેરિયા

GURU DESIGN SHOP
Bakrol,Vallabh Vidyanagar

ISBN 978-93-81471-98-2
9 789381 471982

₹ 150.00